કિં. ₹૨૦/-
પાના નં.૧

એપ્રિલ-મે
૨૦૨૧

સળંગ અંક: ૮૯
વર્ષ : ૧૭

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID
સ્વ. કાન્તીલાલ નાગજીભાઈ બારમેડા
મેડિકલ સહાયતા ફંડ


અમદાવાદ જ્ઞાતિ દ્વારા સ્કોલરશીપ પ્રોગ્રામ
વિદ્યાસેતુ
श्रेष्ठानि विद्या दानानि सर्वदा

## ટંકશાળ

### કોરીથી ક્રિપ્ટો કરન્સીની સફર




શ્રી સર્વોત્તમ સ્તોત્રમ્ ... ૭ | વેક્સીન મહામારીનું બ્રહ્માસ્ત્ર...૧૭ | સ્વયંસિદ્ધ મહિલા શક્તિ ...૨૯ | સ્મરણાંજલી...૩૬ | જ્ઞાતિ ગૌરવ...૪૨


શાંતિસેતુ


એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૭ ● સળંગ અંક : ૮૯
એપ્રિલ / મે – ૨૦૨૧

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૯૫૫૮૩ ७६३६६
**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮
**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
**ડિઝાઇન / મુદ્રણ આયોજન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨
**વેબસાઇટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬
**જ્ઞાતિ પ્રમુખ**
ગીરીશભાઈ સોની ૯૮૨૪૦ ૬૩૯૭૦
**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**
● **અમદાવાદ**
નીલેશ રમેશભાઈ પોમલ ૯૪૨૮૧ ૧૬૧૪૧
● **ભુજ**
મનોજભાઈ બારમેડા ૮૩૨૦૮ ૫૧૩૪૭
● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦
● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા (ઉદય સ્ટેશનરી)૯૮૭૯૧ ૨૨૨૬૫
● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪
● **સાબરકાંઠા**
દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫
● **આદિપુર**
સુનીલ સોલંકી ૯૯૨૫૪ ૭૬૮૯૧
● **ગાંધીધામ**
કિશોર સોલંકી ૯૮૨૫૫ ૩૩૩૭૧
● **માંડવી**
વિનોદભાઈ હેડાઉ ૯૮૯૮૮ ૩૧૫૨૦
**માનદ્ સંયોજક (ભુજ)**
સુરેશ બીજલાણી ૯૮૭૯૦ ૪૩૫૫૧
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
**કાર્યાલય** : ૧૫,સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨
**વેબ સાઈટ** : www.gnyatisetu.com
**ઈ-મેલ** : gnyatisetu@gmail.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
આજીવન (૧૫ વર્ષ) રૂા. ૧૫૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**




સમગ્ર દેશમાં કોરોનાની બીજી લહેર વિનાશક અને જીવલેણ સાબિત થઈ. સદ્‌ભાગ્યે હવે એ લહેરનો કેર ઓસરી રહ્યો છે. મોટી સંખ્યામાં લોકો કોરોનાની બિમારીની ઝપટમાં આવી ગયા. હોસ્પિટલ અને સારવાર સેવાઓની અછત સર્જાતાં, ખૂબ પરેશાની થઈ. આપણા ઘણા પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા. 'જ્ઞાતિસેતુ' એવા સર્વે પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે.

જ્યારે મુશ્કેલ પરિસ્થિતિ સર્જાય ત્યારે સમાજના સદ્‌ગુણો પણ બહાર આવે છે. સ્વજનોના સ્વાસ્થ્ય લાભ અને ઉપયુક્ત ઉપચારો માટે સહાયરૂપ થવા વિવિધ સ્થળે સ્થિત આપણી સામાજીક સંસ્થાઓ, યુવા મંડળો અને અન્ય સંગઠનોએ કોરોના કાળમાં મુશ્કેલ પરિસ્થિતિને હળવી કરવા સેવાકીય યોગદાન આપેલ છે, જે નોંધપાત્ર છે. ભુજ જ્ઞાતિ મેડિકલ સમિતિ સંચાલિત પ્રાથમિક નિદાન કેન્દ્રની સેવાએ દર્દીઓના નિદાન અને સારવાર ઉપરાંત વેક્સિનેશન માટે ઉપયોગી સાબિત થઈ. કોરોનાની સારવાર કેટલીક વખત ખૂબ ખર્ચાળ થતાં, પરિવારો માટે આર્થિક મુશ્કેલી ઊભી થયેલ. નખત્રાણા પશ્ચિમ કચ્છ, ભુજ, અંજાર, અમદાવાદ, સાબરકાંઠા વિ. સ્થળોએ સ્થિત સેવાભાવી દાતાઓ દ્વારા આર્થિક સહાયની પહેલ કરવામાં આવેલ. જે આપણી સંગઠનાત્મક શક્તિનું પ્રતીક બની રહેલ છે. કંસારા સેવા સમાજ દ્વારા "કંસારા કોવિડ હેલ્પ લાઇન" વોટ્સએપ ગ્રુપ દ્વારા દર્દીઓને તાત્કાલિક સહાયરૂપ માર્ગદર્શન આપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ. સેવા કાર્ય સાથે સંકળાયેલ સર્વે વ્યક્તિઓ અને સંગઠનોને ધન્યવાદ.

'જ્ઞાતિસેતુ'ના મહિલા કલમકારોને સમર્પિત વિશેષાંકને બહોળી સંખ્યામાં વાચકોએ વધાવેલ છે અને પ્રોત્સાહક પ્રતિભાવો આપેલ છે. તે માટે સૌનો આભાર. 'જ્ઞાતિસેતુ' સદૈવ સમાજની પ્રતિભાને પ્રોત્સાહિત કરવા પ્રયત્નશીલ રહે છે. આપણા સમાજની સ્વયંસિધ્ધ મહિલા શક્તિએ ગૃહ ઉપરાંત વ્યવસાયની જવાબદારીઓ સંભાળી પોતાની આગવી પ્રતિભા ઉજાગર કરેલ છે. આવી વ્યવસાયીક ક્ષેત્રે સક્રિય મહિલાઓનો પરિચય કરાવવા શ્રીમતી લતાબેન સોલંકી દ્વારા એક વિશેષ કોલમનો પ્રારંભ કરવામાં આવેલ છે. આશા છે, વાંચકોને જરૂર પસંદ આવશે.

અષાઢી બીજથી શરૂ થતાં કચ્છી નવા વર્ષમાં સૌના તન અને મનનું સ્વાસ્થ્ય ઉત્તમ રહે તેમજ વેપાર-ધંધા ક્ષેત્રે પણ પ્રગતિ થાય તેવી શુભ કામના.

અસ્તુ.

**– અતુલ સોની**

# હિંદુઇઝમ – (૧૭)

પ્રેષક : તુલસીદાસ કંસારા

*"જ્ઞાતિસેતુ"ના માર્ચ-૨૦૨૧ના મહિલા કલમકારોના ખાસ અંકમાં હિંદુ ઈઝમના સાત પ્રશ્નો (૫૫થી ૬૧)ના ઉત્તરમાં આપણે હિંદુઓ શા માટે વૃક્ષ અને છોડને પવિત્ર માને છે? સ્વામિજીઓ શા માટે સફેદ અથવા ભગવા રંગના વસ્ત્રો ધારણ કરે છે અને કેટલાક શા માટે મુંડન કરાવે છે? જો કોઈ સદ્ગુણી અને પ્રામાણિક છે તો પછી તેને જીવનમાં ધર્મની જરૂરિયાત શું છે? હિંદુ ધર્મ ધર્માંતર વિશે શું કહે છે? હિંદુ ધર્મમાંથી અન્ય કયા કયા ધર્મો ઉત્પન્ન થયેલ છે? ઈત્યાદિ સવાલોના જવાબો મેળવ્યા. હવે આ અંકમાં આ હિંદુ ધર્મમાંથી ઉત્પન્ન થયેલા ધર્મોની લાક્ષણિકતાઓ, ખાસ ગુણધર્મો, પ્રતીકો, ઈત્યાદિ વિશે જાણીશું તેમજ ગાયત્રી મંત્ર વિશે વિગતે જાણીશું.*

*સવાલ-૬૭ : હિંદુ ધર્મમાંથી ઉત્પન્ન થયેલ બુદ્ધ ધર્, જૈન ધર્મ અને શીખ ધર્મની લાક્ષણિકતાઓ કઈ કઈ છે?*

*જવાબ* : **(૧) બુદ્ધ ધર્મની ખાસ લાક્ષણિકતાઓ** :

બુદ્ધ ધર્મના સ્થાપક બુદ્ધનો અર્થ થાય છે જ્ઞાની. તેમને ગૌતમ બુદ્ધ તેમજ શાક્યમુનિ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ઈસુથી ૫૫૭થી ૪૭૭ વરસો પહેલાં ભારતમાં જનમ્યા અને અહીં જ તેમણે પોતાનું જીવન વિતાવ્યું.

અન્ય લોકોના દુઃખો અને મૃત્યુ જોયા પછી તેમણે ૨૯મે વરસે પોતાની રાજવી સુવિધાઓનો અન્ય લોકોને પીડા અને દુઃખ - દર્દોમાંથી મુક્તિ અપાવવા માટે ત્યાગ કરી, નિર્વાણ અને સ્વતંત્રતાનો માર્ગ અપનાવ્યો.

તેમણે આત્મસંયમ, આકરા શિસ્ત અને ધ્યાન વડે ૩૫મા વરસે જ્ઞાન મેળવ્યું. ત્યાર પછીના ૪૫ વરસો દરમિયાન તેમણે પોતાને પ્રાપ્ત જ્ઞાન-પ્રકાસનો પ્રસાર કરી અને પોતાના અનુયાયીઓ, જેમને મોંક કહેવા છે, તેમની કતાર ખડી કરી. તેમણે ચાર મહાન સત્ય શીખવ્યા : (૧) દુઃખ અથવા પીડાનું અસ્તિત્વ, (૨) દુઃખનું કારણ, (૩) દુઃખને રોકવાની શક્યતા અને (૪) દુઃખ નિરોધ માર્ગ – દુઃખને રોકવાનો રસ્તો. તેમણે આ માટે અંતિમ સત્ય જાણવા માટે આઠ બાજુઓવાળો ઉમદા માર્ગ સૂચવ્યો. જેમાં તેમણે સાચો વિચાર, સાચો નિર્ણય, સાચી વાણી, સાચો વ્યવહાર, સાચું જીવન, સાચા પ્રયત્નો, સાચું મન અને સાચા ધ્યાનનો સમાવેશ કર્યો. આ આઠ બાજુઓવાળો મહાન માર્ગ બુદ્ધ ધર્મનો પાયો છે.

બુદ્ધ ધર્મ એ હિંદુ ધર્મનો ફાંટો છે અને તેને બુદ્ધના સમયમાં હિંદુ ધર્મના સુધારા તરીકે લેખવામાં આવતો હતો. અહિંસા, એ તેનો નૈતિક સિદ્ધાંત છે. બુદ્ધે જ્ઞાતિ પ્રથા અને વિધિવિધાનોનો વિરોધ કરેલ અને નૈતિક જીવન તેમજ ધ્યાન દ્વારા નિર્વાણનો ઉપદેશ આપેલ. તેઓ વેદોને સર્વાધિકારી (ઓથોરીટી) માનતા ન હતા. તેથી ભારતીય દર્શન કે તત્ત્વજ્ઞાનમાં તેને નાસ્તિક પદ્ધતિ કહેવામાં આવેલ.

ઈસુના જન્મથી ૩૬૦ વરસો પહેલાં, એટલે કે બુદ્ધના નિર્વાણ પછી લગભગ ૧૦૦ વરસે, બુદ્ધ ધર્મમાં મત-મતાંતરો શરૂ થઈ ગયેલ. જૂની ઘરેડને અનુસરવાવાળા થોરાવાદી કહેવાયા જ્યારે અન્યોને મહાસંઘીકા તરીકે ઓળખવામાં આવ્યા. આ બંને ગ્રુપોમાંથી થેરાવાળા શાખામાંથી ઉતરી આવેલ હિનયાન પંથ એ બુદ્ધના આધ્યાત્મિક જ્ઞાન તરફ ઝુકે છે એટલે કે તેઓ જ્ઞાનમાર્ગી છે. તેઓ માને છે કે બુદ્ધ પોતાના નિર્વાણ માટે પૃથ્વી ઉપર અવતરેલ હતા. મહાયાન પંથીઓ સુધારાવાદી છે અને બુદ્ધને ભગવાન માને છે. તેઓ એમ પણ માને છે કે બુદ્ધ ભગવાન અનેક આત્માઓના ઉધ્ધાર માટે અવતરેલ. આ પંથ ભક્તિમાર્ગી છે અને ભક્તિને જ સર્વસ્વ માને છે. મહાયાન પંથ ચાઈના, જાપાન અને તિબેટમાં પ્રસર્યો અને ફૂલ્યોફાલ્યો. જ્યારે હિનયાન પંથ શ્રીલંકા, મ્યાનમાર અને સાઉથ-ઈસ્ટ એશિયાના દેશોમાં વૃદ્ધિ પામ્યો.

## (૨) જૈન ધર્મના ખાસ ગુણધર્મો

જૈન ધર્મ એ વિશ્વમાં ફેલાયેલ ધર્મ છે. જેના મૂળ ભારતમાં છે. જૈનો એવો દાવો કરે છે કે તેમના પ્રથમ મુખ્યા ઋષભદેવ (વિષ્ણુ ભગવાનના અવતાર) દ્વારા જૈન ધર્મ શરૂ થયેલ છે અને તેઓ મહાવીર (ઈસુ પહેલાં ૫૯૯-૫૨૭)ને તે ધર્મના સ્થાપક માને છે. તેઓ ૨૪ તીર્થકરોમાં માને છે. તીર્થકર તે છે કે જેણે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરેલ છે અને પછી સંન્યાસી બની જે લોકો આધ્યાત્મિક માર્ગદર્શન માંગે છે, તેમના ગુરૂ અને રોલ મોડેલ બનેલ છે.

જૈન તત્ત્વજ્ઞાન મુળભૂત બે સિદ્ધાંતોમાં માને છે : જીવ તત્ત્વ અને અજીવ તત્ત્વ. આ બે સિદ્ધાંતોના સક્રિયપણા તેમજ

સંબંધના કારણે જન્મ, મરણ અને જીવનના વિવિધ અનુભવો થતાં રહે છે. જૈન ધર્મ મુક્તિ કે નિર્વાણ માટે પાંચ બાબતો જણાવે છે : અહિંસા, સત્ય, અસ્તેય (મન, વચન કે કર્મથી ચોરી ન કરવી), બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

જૈન ધર્મનો વિકાસ એક સામૂહિક ધર્મ તરીકે સામાન્ય અનુયાયીઓને કારણે થયો. રાજાઓ અને ઉમરાવો પણ તે તરફ આકર્ષાયા. મગધ સામ્રાજ્યના ચંદ્રગુપ્ત મૌર્ય અને કલીંગ (બંગાળ)ના રાજા નરેશ ખાબેલાએ કહેવાય છે કે જૈન ધર્મ અપનાવેલ. ઈસુની પહેલી સદીમાં જૈન ધર્મમાં બે ભાગ પડી ગયેલ. દિગંબર સાધુઓ, જેઓ કોઈપણ વસ્ત્ર ધારણ કરતા ન હતા અને પરંપરાગત ધર્મનું કડકપણે પાલન કરતા હતા અને શ્વેતાંબરો – જેઓ સફેદ વસ્ત્રો ધારણ કરતા હતા અને પરિત્યાગનો ઉદારમતવાદી રસ્તો અનુસરતા હતા. દિગંબર પંથની સેવા પૂજા માટે પોતાની અલગ જગ્યા અને મૂર્તિ હોય છે. શ્વેતાંબર પંથ ત્રણ વિભાગમાં વિભાજિત થાય છે. જેને સ્થાનકવાસી, દેરાવાસી અને તેરાપંથી કહેવામાં આવે છે. સ્થાનકવાસીઓ મંદિરો બનાવતા નથી પરંતુ તેઓના ઉપાશ્રયો હોય છે. જ્યાં સાધુઓ રહે છે અને ઉપદેશ આપે છે. દેરાવાસીઓ મંદિરો બનાવે છે અને મહાવીર તેમજ તીર્થંકરોની મૂર્તિઓ સ્થાપી તેમાં પૂજા કરે છે અને તેરાપંથીઓ ગુરૂની પરંપરામાં માને છે.

આજે જૈનો ભારતમાં ઓછી સંખ્યામાં છે અને લઘુમતિનો દરજ્જો ધરાવે છે. તેઓ મુખ્યત્વે વેપાર-વાણિજ્યના કામકાજ કરે છે.

## (૩) શીખ ધર્મના પ્રતીકો :

હિંદુ, બુદ્ધ અને જૈન ધર્મ પછી શીખ ધર્મ એ ભારતમાં સૌથી નાનો કે યુવા ધર્મ છે. ગુરૂ નાનક (ઇ.સ. ૧૪૬૯થી ૧૫૩૯) તેના સ્થાપક હતા. તેમના પછી નવ ગુરૂઓ થઈ ગયા, જેમણે શીખધર્મનું લાલન-પાલન અને વિકાસ કર્યો. છેલ્લા ગુરૂ દૃષ્ટાંત સ્વરૂપ કે દાખલો બેસાડનાર ગુરૂ ગોવિંદસિંહ હતા (૧૬૬૬ - ૧૭૦૮). તેઓએ પોતાનાથી ગુરૂ પરંપરાનો અંત આણ્યો અને જાહેર કર્યું કે ગુરૂગ્રંથ સાહેબ, જે શીખોના મુખ્ય ગ્રંથ છે તેને પવિત્ર ગુરૂ માનવા.

ગુરૂગ્રંથ સાહેબ કે આદિગ્રંથ સંકલિત કરવાનું કાર્ય ૧૬૦૪માં ગુરૂ અર્જુનદેવે કરેલ. આ પવિત્ર પુસ્તકમાં ૬૦૦૦ ભક્તિગીતો પાંચ ગુરૂઓ દ્વારા લખેલ છે. વધારામાં નામદેવ, રઈદાસ અને કબીરના દોહાઓનો પણ તેમાં સમાવેશ કરવામાં આવેલ છે. ગુરૂગ્રંથ સાહેબના ઉપદેશનું તત્ત્વ એ છે કે ભગવાન એક છે અને તેનું નામ સત્ય છે. તેઓ સતનામ, કર્તાર, અકાલ, વાહેગુરૂ, અલ્લાહ, ખુદા અને પરવર દિગારના નામથી પણ ઓળખાય છે. તેઓ તેમના નામનું રટણ કરવાથી અને તેમને યાદ કરવાથી મળી શકે છે, એ જ એનું તત્ત્વજ્ઞાન છે. તેઓના લખાણો પણ કહે છે કે ગુરૂની કૃપા વિના મોક્ષ મેળવી શકાતું નથી.

શીખધર્મ પ્રમાણે ભગવાન પૃથ્વી ઉપર દેહ ધારણ કરીને અવતરતા નથી. તેઓ કર્મના સિદ્ધાંત, પુનઃજન્મ, સમસાર (આત્માનો દેહપલટો, સ્થળાંતર) અને આધ્યાત્મિક જ્ઞાન અને પ્રભુભક્તિ દ્વારા તેમને મેળવવામાં માને છે. કોઈપણ વ્યક્તિ ગુરૂ થકી ભગવાનને મેળવી શકે છે. જેમાં ભગવાનના નામનું સતત રટણ અને સંપૂર્ણ ત્યાગની ભાવના અને આધ્યાત્મિક શિસ્ત મુખ્ય છે. શીખધર્મ વૈદિક યજ્ઞ અને ક્રિયાકાંડ, જ્ઞાતિપ્રથા અને મૂર્તિપૂજાને નકારે છે. શીખધર્મની ઘણી બાબતો હિંદુ ધર્મને મળતી આવે છે. એ ઐતિહાસિક હકીકત છે કે શીખોએ હિંદુ ધર્મના બચાવ માટે લડાઈઓ લડી અને પોતાના બલિદાનો આપેલ છે. પાંચ ''ક'' શીખધર્મની ઓળખ છે. જેમાં કેશ, કન્ગા, કચ્છા, કિરપાણ અને કડાનો સમાવેશ થાય છે. દરેક શીખને કાપ્યા વગરના વાળ હોવા જોઈએ, જે તેણે ઉપરથી ગાંઠ બાંધીને પોતાની આસ્થા પ્રદર્શિત કરવી જોઈએ. શીખ લોકો હિંદુધર્મની તલવારવાળી બાજુ હતા, જેમણે ભારત ઉપર હુમલો કરનાર સામે લડત આપેલ. અમૃતસરનું સુવર્ણમંદિર શીખધર્મનું પવિત્રમાં પવિત્ર ધામ છે. ત્યાં ભક્તો કોઈપણ જાતના ઉચ્ચ-નીચના ભેદભાવ વગર શારીરિક સેવાઓ આપે છે, જેને કરસેવા કહેવામાં આવે છે.

***સવાલ-૬૮ : ગાયત્રી મંત્ર શું છે?***

*જવાબ* : ગાયત્રી મંત્ર એ ઋગ્વેદ (૩.૬૨.૧૦) અને યજુર્વેદ (૩૬.૩) માંથી ઉતરી આવેલ એક પવિત્ર પૌરાણિક મંત્ર છે. એ સૂર્યદેવ (સવિતા)ને ઉદ્દેશીને ઉચ્ચારાયેલ છે. તેથી તેને સવિતા મંત્ર પણ કહેવાય છે. તેને ગાયત્રી મંત્રનું નામ

એટલા માટે મળ્યું કે તે એવો પ્રથમ મંત્ર હતો કે જે ગાયત્રીના તાલમાં લખવામાં આવેલ. જેમાં ત્રણ લાઇનો છે અને દરેક લાઇનમાં આઠ અક્ષરો છે. એવું માનવામાં આવે છે કે તે વેદો અને હિંદુ સંસ્કૃતિનો સાર છે, સત્ત્વ છે. આ મંત્ર પ્રથમ વખત ભગવાન દ્વારા વિશ્વામિત્ર અને ઋષિને કહેવામાં આવેલ. ગાયત્રી મંત્રનો સાહિત્યિક અર્થ થાય છે એવો મંત્ર કે તેનો ઉચ્ચાર કરનારને તે રક્ષણ આપે છે. તે આધ્યાત્મિક પ્રકાશ, બ્રહ્માંડિય ઉર્જા, તીક્ષ્ણ બુદ્ધિ, ગૂઢ વિવેક, સર્જનાત્મક દૃષ્ટિ અને દર્દો દૂર કરવાની શક્તિ આપે છે. મંત્ર આ પ્રમાણે છે :

***ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ, ધિયો યો નઃ પ્રચોદયાત.***

***શબ્દાર્થ*** : ૐ (પરમાત્મા) ભૂઃ (પ્રાણ સ્વરૂપ) ભુવઃ (દુઃખનાશક) સ્વઃ (સુખ સ્વરૂપ) તત (તે) સવિતુઃ (તેજસ્વી) વરેણ્યં (શ્રેષ્ઠ) ભર્ગોઃ (પાપ નાશક) દેવસ્ય (દિવ્ય) ધીમહી (ધારણ કરો) ધિયો (બુદ્ધિ) યો (જો) નઃ (અમારી) પ્રચોદયાત (પ્રેરિત કરો).

એટલે કે તે પ્રાણ સ્વરૂપ, દુઃખનાશક, સુખ સ્વરૂપ, શ્રેષ્ઠ તેજસ્વી, પાપનાશક, દેવ સ્વરૂપ પરમાત્માને અમે અંતરાત્માથી ધારણ કરીએ. તે પરમાત્મા અમારી બુદ્ધિને સારા માર્ગે દોરે.

***સવાલ-૬૯ : સંધ્યા વંદનમ્ શું છે?***

*જવાબ* : સંધ્યાવંદનમ્ એ સૂર્યદેવની પૂજા છે. આ એક એવી ધાર્મિક ક્રિયા છે કે જે દરરોજ ત્રણ વખત કરવામાં આવે છે. જેમાં સમાવેશ થાય છે પૂજા, ધ્યાન અને પ્રાર્થનાનો. જે દરરોજ સવાર, બપોર અને સાંજે કરવામાં આવે છે. સંધ્યાનો અર્થ થાય છે જોડાણ. જેનો મતલબ છે રાત્રિ અને દિવસનો સંગમ. વંદનમ્ એટલે પૂજાનું એક સ્વરૂપ. ગૃહસ્થીઓ અને સાધુ-સંતો પાસેથી આ એક પવિત્ર ફરજ તરીકે અપેક્ષા રાખવામાં આવે છે.

ઉપનિષદો સંધ્યા સમયના ફાયદા જણાવે છે. સૂર્યોદય વખતે ગુણકારી ઉર્જા ઉદ્ભવતી હોય છે અને સૂર્યાસ્ત સમયે જ ઉર્જા ગુણકારી નથી તે દૂર થઈ જતી હોય છે. તેથી સંધ્યા વંદનમ્ દરેકને માટે સ્વયંને લાભદાયક છે. ગાયત્રી મંત્રનું રટણ સંધ્યા વંદનમ્ નો એક ભાગ છે. સંધ્યા વંદનમ્‌માં મંત્રોનું ઉચ્ચારણ વ્યક્તિગત તૈયારી અને પવિત્રતા માટે કરવામાં આવ્યું હોય છે. જે વિવિધ ક્રિયાઓ કરવામાં આવે છે, જે આચમન (સ્વયંની પવિત્રતા માટે થોડું જળ હથેળીમાં લઇને પીવાની પ્રક્રિયા), અપો-મારજન્મ (સર્વે પવિત્ર નદીઓના જળનું આહવાન કરીને પોતાના ઉપર પવિત્રતા માટે છાંટવું), પ્રાણાયામ, આગમાર્શનમ્ (કુદરતે - ઈશ્વરે બનાવેલ દરેક જીવો માટે મંત્રોચ્ચાર કરવા અને અજાણતા થઇ ગયેલ પાપો માટે માફી માંગવી), સૂર્યોસ્પસ્થનમ્ (સૂર્યદેવનું આહવાન કરવું) અને વિસર્જનમ્ (બધા દેવો અને દેવીઓને રજા આપતા મંત્ર - પ્રાર્થના કરી તેમેન નમન કરી ફરી બોલાવીએ ત્યારે આવવા વિનંતી કરવી.)

***સવાલ-૭૦ : બધા જ સવાલો અને શંકાઓનું સમાધાન હંમેશ માટે કેવી રીતે કરવું?***

*જવાબ* : જેમ જેમ વ્યક્તિ આધ્યાત્મિક સાધનામાં આગળ ધપતી જાય છે તેમ તેમ તેના ગુરૂ અને ભગવાનના આશિર્વાદ તેના પર ઉતરતા જાય છે અને તે આધ્યાત્મિક અનુભવોમાં ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરતી રહે છે. ઉપાસકની એક જ ફરજ રહે છે કે તે તેની સાધના શાસ્ત્રોક્ત રીતે અને ભગવાનનો સાક્ષાત્કાર પામેલ ગુરૂના વચન મુજબ, શ્રદ્ધાપૂર્વક વધારે ઊંડાણથી કરતી રહે. ગુરૂના શબ્દો એ ઉપાસકની સાધના માટેનું સત્ત્વ અને પ્રાણ છે. આમ કરવાથી શંકા અને પ્રશ્નોનો હલ આપોઆપ મળી રહે છે અને ઉપાસકને મોક્ષના આશિર્વાદ પ્રાપ્ત થાય છે.

■ ***End Piece :***

***Faith is oasis in the heart which will never be reached by the caravan of thinking.***


***– Khalil Gibran***

***શ્રદ્ધા એક હૃદયરૂપી રણદ્વીપમાં આવેલ એવો લીલો ટાપુ છે કે જે વિચારોના કાફલાથી ક્યારેય પણ પહોંચી શકાય નહીં.***

***– ખલીલ જીબ્રાન***

# શ્રી સર્વોત્તમ સ્તોત્રમ

પ્રેષક : મનુભાઇ કોટડિયા



*વૈષ્ણવ સંપ્રદાયના સ્થાપક શ્રી વલ્લભાચાર્યજીના ૧૦૮ હસ્ત લિખિત નામો સાથેનું આ એક દુર્લભ ચિત્રજી સ્વરૂપ છે.*

*શ્રી વલ્લભાચાર્યજીનાં એકસો આઠ નામોનું સુંદર અને ઉત્તમ એવું ભક્તિ સ્તોત્ર – તે શ્રી સર્વોત્તમ સ્તોત્રમ છે. પુષ્ટિમાર્ગમાં અત્યંત પ્રચલિત અને લોકપ્રિય બનેલ આ સ્તોત્ર શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઈજી)ની પિતૃ ભક્તિનો બોધ કરાવે છે. ઉપાસના - જપાત્મક કાર્યોમાં ઉપયોગી અને ઉત્તમ સ્તોત્ર ''સર્વોત્તમ'' પદ પામ્યું છે, એ જ તેનું વૈશિષ્ટ્ય છે.*

*પ્રથમ શ્લોકમાં આચાર્ય ગીતિમાં સાકાર બ્રહ્મનું સ્તવન કરવામાં આવ્યું છે. પ્રાકૃત - લૌકિક ધર્મોનો આશ્રય ન કરનાર અપ્રાકૃત અલૌકિક એવા સંપૂર્ણ ધર્મ સ્વરૂપ જે વેદથી પ્રતિપાદન કરવા યોગ્ય છે તે શુધ્ધ સાકાર સ્વરૂપ - બ્રહ્મનું હું સ્તવન કરૂં છું. સ્તોત્રની ફળશ્રુતિમાં આથી કૃષ્ણ રસના ઈચ્છનારાઓએ સર્વોત્તમ સ્તોત્રનો જપ કરવો જોઈએ એમ જણાવેલ છે.*

***સાભાર : “શ્રી વિઠ્ઠલનાથજીનું જીવન ચરિત્ર” માંથી***

*પ્રાકૃત ધર્માનાશ્રયમપ્રાકૃત નિખિલ ધર્મ રૂપમિતિ,*
*નિગમ પ્રતિપાદ્યં યત્તચ્છુદ્ધં સાકૃતિં સ્તૌમિ ॥ ૧ ॥*

શ્રી વિઠ્ઠલનાથજી આજ્ઞા કરે છે કે, જે પ્રાકૃત ધર્મના આશ્રયથી રહિત અને સમગ્ર અલૌકિક ધર્મરૂપ છે, એ રીતે વેદમાં પ્રતિપાદન કરેલું, સાકાર અને શુદ્ધ સ્વરૂપ છે, તેની સ્તુતિ કરૂં છું.

*કલિકાલતમશ્છન્નદૃષ્ટિ ત્વાદ્વિદુષામપિ,*
*સંપ્રત્ય વિષયસ્તસ્ય માહાત્મ્યં સમભૂદ ભુવિ ॥ ૨ ॥*

જ્ઞાતા પુરૂષોની પણ જ્ઞાનદૃષ્ટિ કલિકાલરૂપ અંધકારથી આચ્છાદિત છે, માટે તે સ્વરૂપનું માહાત્મ્ય હાલ પૃથ્વીમાં અપરીચિત થયું છે.

*દયયા નિજમાહાત્મ્યં કરિષ્યન્પ્રકટં હરિઃ*
*વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકારહી ॥ ૩ ॥*

જ્યારે દયા વડે શ્રી હરિને પોતાના વચન દ્વારા પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવાની ઇચ્છા થઇ ત્યારે પોતાનું મુખારવિંદ પ્રકટ કર્યું.

*તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્યથા તથા*
*તન્નામાષ્ટોત્તરશતં પ્રવક્ષ્યામ્યખિલાઘહત્ ॥ ૪ ॥*

પણ તેનું કહેલું દુર્બોધ છે માટે જેવી રીતે સુબોધ થાય તેવી રીતે, સમગ્ર પાપને હણનાર તે શ્રી મહાપ્રભુજીના એકસો આઠ નામ કહું છું.

*ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છન્દો જગંત્યસૌ*
*શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારુણિકઃ પ્રભુઃ ॥ ૫ ॥*

આ સ્તોત્રના ઋષિ અગ્નિકુમાર છે, જગતી છંદ છે, શ્રી કૃષ્ણનું મુખારવિંદ દેવતા છે, કારૂણિક પ્રભુ એ બીજ છે.

*વિનિયોગો ભક્તિયોગઃ પ્રતિબંધવિનાશને*
*કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધિરત્ર ન સંશયઃ ॥ ૬ ॥*

અને આ સર્વોત્તમ સ્તોત્રમાં પ્રતિબંધ નાશ કરવા સારૂ વિનિયોગ કહેતાં પ્રયોજન ભક્તિયોગ છે; અને શ્રીકૃષ્ણના અધરામૃત સ્વાદની સિદ્ધિ એ જ ફળ છે, એમાં કાંઈ સંશય નથી.

*આનન્દઃ પરમાનન્દઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ*
*દૈવોદ્ધારપ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥ ૭ ॥*

આનંદરૂપ અને પરમાનંદરૂપ શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ અને કૃપાના ભંડાર રૂપ અને દૈવી જીવોના ઉધ્ધાર કરવા સારૂં પ્રયત્નશીલ મનવાળા અને સ્મરણ માત્રથી પીડાનો નાશ કરનાર શ્રી મહાપ્રભુજી છે.

*શ્રી–ભાગવત–ગૂઢાર્થ–પ્રકાશન–પરાયણઃ*
*સાકાર–બ્રહ્મ–વાદૈક–સ્થાપકો–વેદ–પારગઃ ॥ ૮ ॥*

શ્રી ભાગવતના ગૂઢ અર્થને પ્રકાશ કરાવવામાં તત્પર એવા અને સાકાર બ્રહ્મવાદના સ્થાપન કરનારા અને વેદના પારને પામેલા શ્રી આચાર્ય મહાપ્રભુજી છે.

*માયાવાદ–નિરાકર્તા સર્વવાદિ–નિરાસકૃત,*
*ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ સ્ત્રીશૂદ્રાદ્યુધ્ધૃતિક્ષમઃ ॥ ૯ ॥*

માયાવાદનો નિરાસ કરનાર, સર્વવાદીઓને પરાસ્ત કરનાર, ભક્તિમાર્ગરૂપ કમળો વિશે સૂર્યરૂપ અને સ્ત્રીઓ તથા શૂદ્રાદિનો ઉદ્ધાર કરવામાં સમર્થ શ્રી મહાપ્રભુજી છે.

*અઙ્ગીકૃત્યૈવ ગૌપીશ–વલ્લભીકૃત–માનવઃ*
*અઙ્ગીકૃતૌ સમર્યાદો મહાકારુણિકો વિભુઃ ॥ ૧૦ ॥*

અંગીકાર કરવાને વિશે મર્યાદાવાળા, મહા દયાળુ, પોતે અંગીકાર કરીને ગોપીપતિ શ્રીકૃષ્ણ ભગવાનમાં મનુષ્યોને વાત્સલ્ય કરાવનાર સર્વસમર્થ શ્રી મહાપ્રભુજી છે.

*અદેય–દાન–દક્ષશ્ચ મહોદાર–ચરિત્રવાન્,*
*પ્રાકૃતાનુકૃતિવ્યાજમોહિતાસુરમાનુષઃ ॥ ૧૧ ॥*

ન આપી શકાય એવા દાન દેવામાં સમર્થ ઉદાર ચરિત્રવાળા અને પ્રાકૃત જન જેવાં કાર્યો કરીને આસુરીજનોને મોહિત કરનારા શ્રી મહાપ્રભુજી છે.

*વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રુપોહિતકૃત્સતામ્*
*જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥ ૧૨ ॥*

અગ્નિથી ઉત્પન્ન થયેલા, વલ્લભનામવાળા, સારા રૂપવાળા, સત્પુરૂષોના હિતકારી, મનુષ્યોને શીખવવા સારૂ શ્રીકૃષ્ણની ભક્તિ કરનારા અને સમગ્ર ઇચ્છિત વસ્તુને આપનાર શ્રી આચાર્ય મહાપ્રભુજી છે.

*સર્વલક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુઃ*
*સ્વાનન્દતુન્દિલઃ પદ્મદલાયતવિલોચનઃ ॥ ૧૩ ॥*

સર્વ લક્ષણથી યુક્ત, શ્રીકૃષ્ણના જ્ઞાનને દેનાર, ગુરૂ અને પોતાના સ્વરૂપે કરીને આનંદવાળા, પદ્મના દલ સરખાં વિશાળ નેત્રવાળા શ્રી મહાપ્રભુજી છે.

*કૃપાદગ્વૃષ્ટિ–સંહૃષ્ટ–દાસદાસીપ્રિયઃ પતિઃ*
*રોષદકૃપાતસંપ્લુષ્ટભક્તદ્વિડ્ ભક્તસેવિતઃ ॥ ૧૪ ॥*

કૃપાયુક્ત દૃષ્ટિરૂપ વૃષ્ટિ વડે ખુશી થયેલા દાસ દાસીજનોને પ્રિય અને રોષવાળી દૃષ્ટિ વડે ભક્તોના દ્વેષીઓને બાળી નાખનાર અને ભક્તોએ સેવેલા શ્રી મહાપ્રભુજી છે.

*સુખસેવ્યો દુરારાધ્યો દુર્લભાંઘ્રિસરોરુહઃ*
*ઉગ્રપ્રતાપો વાક્સીધુપૂરિતાશેષસેવિકઃ ॥ ૧૫ ॥*

સુખે કરીને સેવવા યોગ્ય, દુઃખે કરીને આરાધના કરવા યોગ્ય, જેમનાં ચરણરૂપી કમલ દુર્લભ એવા ઉગ્ર પ્રતાપવાળા વાણીરૂપ અમૃત વડે સમગ્ર સેવકોને પૂર્ણ કરનાર શ્રી મહાપ્રભુજી છે.

*શ્રીભાગવતપીયૂષ–સમુદ્રમથનક્ષમઃ,*
*તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહઃ ॥ ૧૬ ॥*

શ્રી ભાગવતરૂપ અમૃતના સમુદ્રનું મંથન કરવામાં સમર્થ અને તે ભાગવતને વિષે સારભૂત એવી રાસક્રીડા સ્ત્રીભાવે કરી પરિપૂર્ણ દેહવાળા.

*સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા વિમુક્તિદઃ*
*રાસલીલૈકતાત્પર્યઃ કૃપયેતત્કથાપ્રદઃ ॥ ૧૭ ॥*

પોતાની સન્નિધિ માત્રમાં શ્રીકૃષ્ણને વિશે પ્રેમનું દાન કરનાર, મુક્તિને દેનારા રાસલીલામાં એક તાત્પર્યવાળા અને કૃપા કરીને શ્રીકૃષ્ણની કથાને કહેનાર શ્રી મહાપ્રભુજી છે.

*વિરહાનુભવૈકાર્થ– સર્વત્યાગોપદેશકઃ*
*ભક્ત્યાચારોપદેષ્ટા ચ કર્મમાર્ગ પ્રવર્તકઃ ॥ ૧૮ ॥*

કેવળ વિરહના અનુભવ સારૂ સર્વ ત્યાગનો ઉપદેશ કરનારા, ભક્તિ વાસ્તે આચારનો ઉપદેશ કરનારા અને કર્મ માર્ગને પ્રવર્તાવનારા શ્રી આચાર્યજી છે.

*યાગાદૌ ભક્તિમાર્ગૈક—સાધનત્વોપદેશકઃ*
*પૂર્ણાનન્દઃ પૂર્ણકામો વાક્પતિર્વિબુધેશ્વરઃ ॥ ૧૯ ॥*

યાગાદિ કર્મમાં ભક્તિ માર્ગનું જ એક સાધનપણું છે, એવો ઉપદેશ કરનાર, પૂર્ણ આનંદવાળા, પૂર્ણ કામનાવાળા, વાણીના અધિપતિ દેવ - પંડિતોના ઈશ્વર શ્રી આચાર્યજી છે.

*કૃષ્ણનામસહસ્રસ્ય વક્તા ભક્તપરાયણઃ*
*ભક્ત્યાચારોપદેશાર્થનાનાવાક્યનિરૂપકઃ ॥ ૨૦ ॥*

શ્રીકૃષ્ણનાં હજાર નામને કહેનારા ભક્તોને શરણરૂપ અને ભક્તિ તથા આચારના ઉપદેશ સારૂ નાના પ્રકારનાં વાક્યોનું નિરૂપણ કરનારા શ્રી આચાર્યજી છે.

*સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયસ્તાદશવેષ્ટિતઃ*
*સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ સર્વશક્તિધૃક્ ॥ ૨૧ ॥*

શ્રી આચાર્યજી અર્થે અખિલ પ્રાણને અર્પણ કરનાર પુરૂષોને પ્રિય તેવા પુરૂષોએ વીંટાયેલા, પોતાના દાસને સારું સમગ્ર સાધન કરનાર અને સર્વ શક્તિને ધારણ કરનાર શ્રી આચાર્યજી.

*ભુવિભક્તિપ્રચારૈક—કૃતે સ્વાન્વયકૃત્પિતા*
*સ્વવંશે સ્થાપિતાશેષ—સ્વમાહાત્મ્યઃ સ્મયાપહઃ ॥ ૨૨ ॥*

પૃથ્વીમાં કેવળ ભક્તિનો પ્રચાર કરવા સારૂ પોતાનો વંશ કરનાર પિતારૂપ અને પોતાના વંશને વિશે પોતાના સમગ્ર માહાત્મ્યનું સ્થાપન અને ગર્વનો નાશ કરનાર શ્રી મહાપ્રભુજી છે.

*પતિવ્રતાપતિઃ પાર—લૌકિકૈહિકદાનકૃત્*
*નિગૂઢહૃદયોઽનન્ય—ભક્તેષુ જ્ઞાપિતાશયઃ ॥ ૨૩ ॥*

પતિવ્રતા સ્વપત્નીઓના પતિ, પરલોક તથા આલોક સંબંધી વૈભવોનું દાન કરનાર અને ગૂઢ હૃદયવાળા, અનન્ય ભક્તોમાં પોતાનું અંતઃકરણ જણાવનાર શ્રી મહાપ્રભુજી છે.

*ઉપાસનાદિમાર્ગાતિમુગ્ધમોહનિવારકઃ*
*ભક્તિમાર્ગે સર્વમાર્ગ વૈલક્ષણ્યાનુભૂતિકૃત ॥ ૨૪ ॥*

ઉપાસના વગેરે માર્ગોમાં અતિ મુગ્ધ પુરૂષોના મોહને મટાડનાર અને ભક્તિ માર્ગમાં સર્વ માર્ગથી સહેલી વિલક્ષણતાનો અનુભવ કરનાર શ્રી આચાર્યજી છે.

*પૃથક્શરણમાર્ગોપદેષ્ટા શ્રી કૃષ્ણહાર્દવિત્*
*પ્રતિક્ષણનિકુંજસ્થ—લીલારસ સુપૂરિતઃ ॥ ૨૫ ॥*

જુદી રીતે શરણ માર્ગનો ઉપદેશ કરનાર, શ્રીકૃષ્ણના હાર્દને જાણનાર અને ક્ષણે ક્ષણે નિકુંજમાં થયેલી લીલાના રસે કરીને પરિપૂર્ણ શ્રી આચાર્યજી છે.

*તત્કથાક્ષિપ્તચિત્તસ્તદ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ*
*પ્રિયવ્રજસ્થિતિઃ પુષ્ટિ—લીલાકર્તા રહઃપ્રિયઃ ॥ ૨૬ ॥*

શ્રીકૃષ્ણચંદ્ર સંબંધી રાસલીલાની કથા વડે આકર્ષાયેલા ચિત્તવાળા અને તે કથાને લીધે બીજું સર્વ કાંઈ ભૂલી ગયેલા, વ્રજમાં પ્રીતિવાળા, પ્રિય વ્રજમાં સ્થિતિવાળા અને પુષ્ટિ સંબંધી રાસલીલા કરનાર અને એકાંતવાસમાં પ્રીતિવાળા શ્રી આચાર્યજી છે.

*ભક્તેચ્છાપૂરકઃ સર્વાજ્ઞાનલીલોઽતિમોહનઃ*
*સર્વાસક્તો ભક્ત માત્રાસક્તઃ પતિતપાવનઃ ॥ ૨૭ ॥*

ભક્તની ઇચ્છાને પૂર્ણ કરનારા બીજા સર્વેને અજ્ઞાત લીલાવાળા, તેમને મોહ પમાડનારા, સર્વને વિષે આસક્તિ રહિત કેવળ ભક્તને વિષે આસક્ત અને પતિત પુરૂષોને પવિત્ર કરનારા શ્રી આચાર્યજી છે.

*સ્વયશોગાનસંહૃષ્ટ—હૃદયાંભોજવિષ્ટરઃ*
*યશઃપીયૂષલહરી—પ્લાવિતાન્યરસઃ પરઃ ॥ ૨૮ ॥*

પોતાના જશ ગાવાથી પ્રસન્ન થયેલા, ભક્તના હૃદયરૂપ કમળમાં આસન કરનાર, યશરૂપ અમૃતની લહેરથી ભીંજાયેલ અન્યરસોવાળા, શ્રેષ્ઠ શ્રી મહાપ્રભુજી છે.

*લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલશરીરભૃત્*
*ગોવર્ધન સ્થિત્યુત્સાહ સ્તલ્લીલાપ્રેમપૂરિતઃ ॥ ૨૯ ॥*

લીલારૂપ અમૃત સંબંધી રસાર્દ્ર ભાવ વડે સકળ શરીર ધારીને રસવાળા કરનાર શ્રી ગોવર્ધન-ગિરિરાજની સ્થિતિમાં ઉત્સાહવાળા અને તે ભગવદ્ લીલામાં પ્રેમરસ વડે પરિપૂર્ણ શ્રી મહાપ્રભુજી છે.

*યજ્ઞભોક્તા યજ્ઞકર્તા ચતુર્વર્ગવિશારદઃ*
*સત્યપ્રતિજ્ઞસ્ત્રિગુણાતીતો નયવિશારદઃ ॥ ૩૦ ॥*

યજ્ઞભોક્તા અને યજ્ઞકર્તા તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષને દેવામાં ડહાપણવાળા, સાચી પ્રતિજ્ઞાવાળા, ત્રણ ગુણથી રહિત અને નીતિમાં ચતુર શ્રી આચાર્યજી છે.

*સ્વકીર્તિવર્ધનસ્તત્ત્વસૂત્રભાષ્યપ્રદર્શકઃ*
*માયાવાદાખ્ય તૂલાગ્નિર્બ્રહ્મવાદનિરૂપકઃ ॥ ૩૧ ॥*

પોતાની કીર્તિને વધારનાર, ભગવત્સ્વરૂપને સમજાવનાર વ્યાસ સૂત્રના ભાષ્યને કરનાર, માયાવાદરૂપ કપાસમાં અગ્નિ સરખા અને બ્રહ્મવાદનું નિરૂપણ કરનારા શ્રી આચાર્યજી છે.

*અપ્રાકૃતાખિલાકલ્પભૂષિતઃ સહજસ્મિતઃ*
*ત્રિલોકીભૂષણં ભૂમિ—ભાગ્યં સહજસુંદરઃ ॥ ૩૨ ॥*

અલૌકિક શૃંગારો વડે સુશોભિત, સ્વાભાવિક મંદ હાસ્યવાળા ત્રણે લોકોના અલંકારરૂપ, પૃથ્વીના સૌભાગ્યરૂપ અને સ્વાભાવિક રીતે સર્વાંગ સુંદર શ્રી મહાપ્રભુજી છે.

*અશેષભક્તસંપ્રાર્થ્ય—ચરણાબ્જરજો ધનઃ*
*ઈત્યાનન્દનિધેઃ પ્રોક્તં નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥ ૩૩ ॥*

જેનાં ચરણકમળનું રજરૂપી ધન અશેષ ભક્તજનોને સંપ્રાર્થનીય છે, એવા શ્રી આચાર્યજી મહાપ્રભુજી છે. એ પ્રમાણે આનંદના સમુદ્રરૂપ શ્રી મહાપ્રભુજીનાં એકસો આઠ નામ કહ્યા.

*શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ*
*સતદેકમનાઃ સિદ્ધિમુક્તાં પ્રાપ્નોત્યસંશયમ્ ॥ ૩૪ ॥*

શ્રદ્ધા વડે વિશુદ્ધ બુદ્ધિવાળો જે મનુષ્ય હંમેશાં તેને વિશે નિશ્ચય મનવાળો થઈને આ સ્તોત્રનો પાઠ કરે છે તે પુરૂષ કહેલી મહા સિદ્ધિને પ્રાપ્ત થાય એમાં કંઈ સંશય નથી.

*તદપ્રાપ્તૌ વૃથા મોક્ષસ્તદાપ્તૌ તદ્ગતાર્થતા*
*અતઃસર્વોત્તમં સ્તોત્રં જપ્યંકૃષ્ણં રસાર્થિભિઃ ॥ ૩૫ ॥*

શ્રી આચાર્યજીની પ્રાપ્તિ વિના મોક્ષ પણ વૃથા છે અને તે સ્વમાર્ગ સંબંધી ફળની પ્રાપ્તિ થાય તો સાયુજ્યાદિક મોક્ષ નિરર્થક પણ છે. આ વાસ્તે આ સર્વોત્તમ સ્તોત્રથી શ્રી કૃષ્ણચંદ્રરૂપ રસની ઇચ્છાવાળા પુરૂષોએ જપ કરવો યોગ્ય છે.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - માધાપર

ઉર્વશી સંજયકુમાર મૈચા

## નૂતન સમાજવાડીનો ઉદ્‌ઘાટન મહોત્સવ
## શ્રી કાર્તિકેશ્વર મહાદેવ ત્રિ-દિવસીય મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

તાજેતરમાં તા. ૯-૧૦-૧૧/૦૩-૨૦૨૧ના રોજ ભવ્ય ત્રિ-દિવસીય આયોજન યોજવામાં આવ્યું હતું. જેમાં પુણ્યકારી પ્રથમ દિવસે દેહશુધ્ધિ, ગણેશ સ્થાપના, મંડપ પ્રવેશ તેમજ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘનશ્યામભાઈ હરીલાલ કંસારા (ભચાઉવાળા) મંદિરના પ્રણેતા દ્વારા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરાવવામાં આવી હતી. શોભાયાત્રામાં ૧૦૦ જેટલી કુમારીકાઓએ કળશ ઉપાડ્યા હતા તેમજ બપોરે આરતી અને પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.




મંગળકારી દ્વિતીય દિવસે સવારે દેવોનું પૂજન, અગ્નિ સ્થાપના તેમજ સમાજવાડીના પ્રણેતા તથા હોલના મુખ્ય દાતાશ્રી ઘનશ્યામભાઈ ધારશીભાઈ પરમાર (ભુજ – હાલે માધાપર)ના હસ્તે વાડીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ભરતભાઈ બેચરદાસ બગ્ગાના હસ્તે હોલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. બપોરે મહાપ્રસાદ તેમજ રાત્રે દાંડિયા રાસનો કાર્યક્રમ પણ ગોઠવવામાં આવ્યો હતો.

કલ્યાણકારી તૃતીય દિવસે સવારે સ્થાપિત દેવોનું પૂજન, મંદિર શુદ્ધિ તેમજ આ ત્રિ-દિવસીય આયોજનમાં મહોત્સવના આચાર્યપદે મૈત્રેય (મધુસુદન) સુમનલાલ વ્યાસ (જ્ઞાતિ ગોર) ઉપસ્થિત રહ્યા હતા. સાંજે સ્ટેજ પ્રોગ્રામ ગોઠવવામાં આવ્યો હતો જેનું સંચાલન શ્રી કિરણભાઈ બુધ્ધભટ્ટી, શ્રી ઉર્વશી મૈચા, શ્રીમતી ઉર્વિબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં નાના-મોટા તમામ દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ રૂમના દાતાશ્રીઓ અને ઓફિસના દાતાશ્રીઓને સન્માનવામાં આવ્યા હતા.

આ આયોજનને સફળ બનાવનાર એવા અમારા પ્રમુખ શ્રી રામજીભાઈ સોલંકી, મંત્રી શ્રી કિરણભાઈ બુધ્ધભટ્ટી તેમજ સમગ્ર ટ્રસ્ટી ગણ તેમજ વિશેષ સન્માનિત એવા અમારા વડીલ, કે જેમણે આ વાડી માટે એક સપનું જોયું અને તે પૂર્ણ કરવામાં તેમણે ખૂબ જ મહેનત કરી છે એવા શ્રી મનસુખભાઈ વેલજીભાઈ પરમાર તેમજ માધાપર જ્ઞાતિ મંડળનું મહિલા મંડળ જેના પ્રમુખશ્રી વર્ષાબેન રાજેશભાઈ કટ્ટા, મંત્રીશ્રી આશાબેન સંજયકુમાર મૈચા તેમજ સમગ્ર મહિલા મંડળની બહેનો કે જેમણે પણ આ આયોજનમાં ખૂબ જ સારા પ્રમાણમાં યોગદાન આપ્યું હતું. માધાપર મહિલા મંડળ તરફથી, કારોબારી સભ્ય તેમજ પ્રમુખશ્રીને ગણપતિની મૂર્તિ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. યુવતી મંડળ પ્રમુખ શ્રી ઉર્વશી મૈચા, મંત્રી શ્રી ભૂમિ સોલંકી તેમજ સમગ્ર યુવતી મંડળ કે જેણે ખૂબ જ ઉત્સાહથી તમામ કાર્યોમાં ખૂબ જ રસ ધરાવ્યો હતો. યુવતી મંડળની બહેનોએ એકબીજાને સાથ સહકાર આપીને ખૂબ જ સારા કાર્યો કર્યા હતા.

આ સમગ્ર આયોજનને સફળ બનાવનાર એવા અમારા પ્રમુખ શ્રી રામજીભાઈ હરીલાલ સોલંકી, મંત્રી શ્રી કિરણભાઈ શંભુલાલ બુધ્ધભટ્ટી, ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ બારમેડા, ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ બુધ્ધભટ્ટી, સહમંત્રી શ્રી નીલેશભાઈ બારમેડા, ખજાનચી શ્રી ઘનશ્યામભાઈ પરમાર, સહ ખજાનચી શ્રી પ્રકાશભાઈ બારમેડા તેમજ ટ્રસ્ટીશ્રીઓ – શ્રી વસંતભાઈ કટ્ટા, શ્રી દિનેશભાઈ પોમલ, શ્રી ભરતભાઈ ચૌહાણ, શ્રી બિપીનભાઈ પરમાર, શ્રી પ્રભુલાલ સોલંકી તેમજ અમારા કારોબારી સભ્યો એવા (૧) શ્રી સુનીલભાઈ કટ્ટા, (૨) શ્રી સંજયભાઈ મૈચા, (૩) શ્રી મેહુલભાઈ કટ્ટા, (૪) શ્રી વેલજીભાઈ સાકરીયા, (૫) શ્રી પ્રીતેશભાઈ બુધ્ધભટ્ટી, (૬) શ્રી શશીકાંતભાઈ બુધ્ધભટ્ટી, (૭) શ્રી આનંદભાઈ બારમેડા, (૮) શ્રી રાજેશભાઈ બુધ્ધભટ્ટી, (૯) ચેતનભાઈ કટ્ટા – આ તમામ લોકોએ રાત-દિવસ સતત મહેનત કરી અને માધાપર ગામમાં શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ સમાજવાડી ઊભી કરી છે, જે માધાપરનું ગૌરવ છે.

આ રીતે માધાપર જ્ઞાતિ મંડળના પ્રમુખ શ્રી રામજીભાઈ સોલંકી તેમજ સમગ્ર મંડળ દ્વારા આ આયોજન ખૂબ જ સફળ થયું હતું.

# શ્રી મારૂ કંસારા સોની યુવતી મંડળ - માધાપર

ઉર્વશી સંજયકુમાર મૈચા



શ્રી મારૂ કંસારા સોની યુવતી મંડળ - માધાપર દ્વારા તારીખ ૮ માર્ચના રોજ માધાપર યક્ષ મંદિર મધ્યે મહિલા દિવસ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં માધાપર મહિલા મંડળના પ્રમુખ શ્રી વર્ષાબેન કટ્ટા, ઉપપ્રમુખ શ્રી ચંદ્રિકાબેન પરમાર, મંત્રી શ્રી આશાબેન મૈચા તેમજ ખજાનચી શ્રી તારાબેન બુધ્ધભટ્ટી ઉપસ્થિત રહ્યા હતા. મહિલા દિનની ઉજવણી ઉપસ્થિત મહિલા મંડળના પ્રમુખ શ્રી વર્ષાબેનના હસ્તે કેક કટીંગ બાદ તમામ મહિલાઓ અને બાળકોને Coin Balance, Peanut putting, Throw straw જેવી વિવિધ ૧ મિનિટ ગેમ રમાડવામાં આવી હતી. તેમજ વિજેતાઓનું યોગ્ય ભેટથી સન્માન કરવામાં આવ્યું હતું. ગેમ રમ્યા બાદ નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા દિવસની ઉજવણીમાં માધાપર મંડળની મહિલાઓ મોટા પ્રમાણમાં હાજર રહી હતી.

નવનિર્માણ થયેલા માધાપર યુવતી મંડળ દ્વારા મહિલા દિવસની ઉજવણીનો પ્રથમ કાર્યક્રમ ખૂબ ઉત્સાહભેર કરવામાં આવ્યો હતો. જેમાં સમસ્ત યુવતી મંડળના સભ્યોએ મહત્ત્વનું યોગદાન આપી મહિલા દિવસને વધુ યાદગાર બનાવ્યો હતો.

## શ્રી મારૂ કંસારા સોની યુવતી મંડળ - માધાપરના હોદ્દેદારો



**કુ. ઉર્વશી એસ. મૈચા**
**પ્રમુખશ્રી**



**કુ. સુહાસી કે. બુધ્ધભટ્ટી**
**ઉપપ્રમુખશ્રી**



**શ્રીમતી સોનુબેન સી. કટ્ટા**
**ઉપપ્રમુખશ્રી**



**કુ. ભૂમિ જે. સોલંકી**
**મંત્રીશ્રી**



**કુ. દિવ્યા એલ. કટ્ટા**
**સહમંત્રીશ્રી**

## ॥ શુભેચ્છા સંદેશ ॥



જાણીને ખૂબ આનંદ થયો કે 'જ્ઞાતિસેતુ'એ સોળ વર્ષ પૂર્ણ કર્યા.

એ તો હવે એની યુવાનીમાં પ્રવેશ કરી રહ્યું છે અને આ સફળતા પાછળ આપણા સમાજની સુશિક્ષિત મહિલાઓનો ફાળો અમૂલ્ય છે. આખરે સમાજની મહિલાઓએ સાબિત કરી બતાવ્યું કે અમે પણ કંઈ કમ નથી. આજ સુધીના તેમના લેખ વાંચીને ખૂબ જ્ઞાનસભર માહિતીઓ જાણવા મળી છે.

'જ્ઞાતિસેતુ' દ્વારા મહિલાઓને પોતાના વિચારો પ્રગટ કરવાનો મોકો મળ્યો. મહિલા સશક્તિકરણનો અનુભવ થયો. ખરેખર સમાજની મહિલાઓ બિરદાવવાને પાત્ર છે.

આજ રીતે 'જ્ઞાતિસેતુ' ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહે અને મહિલાઓ પણ પોતાની કૃતિ દ્વારા પોતાનું જ્ઞાન પ્રગટ કરતી રહે એ જ દિલથી શુભેચ્છા.

***નિશા ડોલર સોની, પ્રમુખ – મુંબઇ મહિલા મંડળ***

# કંસારા સેવા સમાજ - ગુજરાત

ધવલ કંસારા

## કંસારા સમાજની સ્વ-સમાજ સેવા : “KSS – COVID HELP LINE”

અત્યારની આ ગંભીર સ્થિતિમાં જ્યાં બહાર જવું પણ મોત સમાન બની ગયું છે, તેવામાં આપણા દેશના ડૉક્ટરો, સેવા કર્મીઓ, સફાઈ કર્મચારીઓ, પોલીસ વિભાગ... અડીખમ બની દેશની સેવા કરી રહ્યા છે. જાણે ભગવાને પોતાના અલગ અલગ રૂપ ધરી, તેમને મૂકી દીધા છે. આ સેવા છે પ્રત્યક્ષ સેવા. કહે છે, પ્રત્યક્ષ સેવા કરતાં પરોક્ષ પ્રેરણા વધુ સારી રીતે કામ કરે છે. પ્રત્યક્ષ પ્રેરણા ત્યારે જ વધુ સુદૃઢ અને સુકર્મ બને જ્યારે એને પરોક્ષ પ્રેરણાનો સાથ મળે.

***આ પરોક્ષ પ્રેરણા એટલે શું?***

જરૂરી નથી કે બહાર નીકળીને જ સેવા આપી શકાય. ઘરમાં બેસી કોઈ જરૂરિયાતમંદની જરૂરિયાતને પહોંચી વળવાની સગવડ કરી આપવી, એ પણ એક સેવા જ છે. આને જ કહેવા છે “પરોક્ષ પ્રેરણા.” આવી જ એક પરોક્ષ પ્રેરણાનું દૃષ્ટાંત પૂરું પાડે છે “કંસારા સેવા સમાજની – કંસારા COVID HELP LINE” ટીમ.

આ ટીમ દ્વારા સમગ્ર ગુજરાતમાં વસતા કંસારા સમાજનાં દરેક ઘર સુધી હેલ્પ થઈ શકે તે હેતુથી આ ટીમ બનાવવામાં આવી છે. જેથી સમાજનો જે પરિવાર આ મહામારીથી ઝઝુમી રહ્યો હોય તેમની પ્રાથમિક માહિતી લઈ સેવાભાવી કાર્યકર્તા દ્વારા તાત્કાલિક સેવા આપવામાં આવે.

આ જ હેતુને સર કરવા દરેક જીલ્લામાંથી એક કે વધુ સભ્યોની ટીમ બનાવવામાં આવી અને દરેક શહેરમાંથી કાર્યકર્તા નિમીને, દરેક શહેરના ખૂણે ખૂણે સેવા કાર્યરત કરવામાં આવી છે. આ સેવામાં ઓક્સિજન બેડ, વેન્ટીલેટર બેડ, રેમડેસીવિર ઇન્જેક્શન, ઓક્સિજન કીટ, ઓક્સિજન માસ્ક, ઓક્સિજન સિલિન્ડર, એન-૯૫ માસ્ક, પલ્સ ઓક્સિમીટર વગેરે જેવી તમામ વસ્તુઓ વિવિધ શહેરના કાર્યકર્તા પાસે ગ્રાઉન્ડ લેવલ પર હાજર રાખી સમાજના જરૂરિયાતમંદ વ્યક્તિને પહોંચાડવામાં આવી છે.

તાત્કાલિક ઊભી કરવામાં આવેલ 24 X 7ની ટેલિફોનીક સુવિધા દ્વારા ગમે તે સમયે કાર્યકર્તાઓ દ્વારા ફોનનાં રણકારથી જાગી સેવામાં તત્પર રહ્યા છે. શક્ય એટલા બધા પ્રયાસ કરી, શક્ય એટલી વહેલી તકે સેવા પુરવાર કરી આપી છે.

આ સેવાકાર્ય માટે કેશોદથી કંસારા સેવા સમાજના મંત્રી શ્રી ધવલભાઈ કંસારા અને મૂળ જામનગરનાં તેમજ હાલે સાઉદી અરેબિયામાં વસવાટ કરતા હેમલભાઈ છત્રાળાનાં અથાક પ્રયત્નોથી વોટ્સએપના અલગ અલગ ૨ ગ્રુપ હેલ્પલાઇન માટે બનાવવામાં આવ્યા. જેમાં સ્વેચ્છાએ સમાજનાં ૫૦૦ સભ્યો જોડાયા અને તેમાંથી ૨૪ કલાક સેવા આપવા તત્પર એવા ગુજરાતના વિવિધ શહેરોમાંથી સ્થાનિક મંડળના કારોબારી સભ્ય તેમજ સેવાભાવિ ૭૦ વોલેન્ટીયર્સે પોતાનો સમય આપી, આ સેવાકાર્યને સુંદર અને સાચો ઑપ આપ્યો છે. ટીમના સહકારથી સમગ્ર ગુજરાતમાં અનેક




જ્ઞાતિજનોને જરૂરી સેવા પૂરી પાડવામાં આવી છે. સમાજ ઉપરાંત સમાજ બહારના પણ ઘણા લોકો માટે ટીમ દ્વારા સેવા આપવામાં આવી છે. આ ટીમમાં સેવાભાવી જ્ઞાતિજનો ઉપરાંત નિષ્ણાત ડૉક્ટરો, મેડિકલ સ્ટાફ, નર્સિંગ સ્ટાફના માર્ગદર્શનની પણ નિઃશુલ્ક સેવાનો સમાવેશ થાય છે.

આજની આ કપરી પરિસ્થિતિમાં પોતાના ઘરની ચિંતામાંથી લોકો ઊંચા નથી આવતા કે વિચારતા નથી, તેવામાં અનેક નામી-અનામી સેવાભાવી કાર્યકર્તાઓ દ્વારા આ COVID HELP LINE માં પોતાના સમાજ માટે જે રીતે કાર્યરત છે અને નિઃસ્વાર્થભાવે સેવા કરે છે, તે ખરેખર બિરદાવવા લાયક છે.

કહે છે ને કે નિઃસ્વાર્થભાવની સેવાને ભગવાન પણ સાથ આપે. તેમ આ ટીમને પણ સતત પરોપકારી સેવાભાવીઓ તરફથી ગુપ્તદાન આપમેળે મળી રહે છે. KSS ટીમ, એ દાતાઓ માટે સદૈવ આભારી રહેશે અને તેમની આ ગુપ્ત સેવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

***જરૂર પડે તો સલાહ આપનાર તો ઘણા મળશે***
***પણ... જરૂર પડે સાથ આપે, તે જ આપણા.***

## કંસારા કોવિડ-૧૯ હેલ્પલાઇન : ગામ / શહેર વાઇસ સેવાભાવી વ્યક્તિઓના નામનું લીસ્ટ

| ક્રમ | નામ | મોબાઇલ નંબર |
|---|---|---|
| **અમદાવાદ** | | |
| ૧. | સમીરભાઈ ગોરડિયા | ૯૪૨૬૬ ૯૬૫૬૫ |
| ૨. | ઉદય રમેશભાઈ કંસારા | ૯૭૨૭૨ ૫૧૮૬૫ |
| ૩. | સોનલબેન કંસારા | ૯૮૭૯૪ ૧૧૯૭૭ |
| ૪. | ભાર્ગવભાઈ પરમાર | ૯૬૮૭૬ ૪૦૮૭૦ |
| **વડોદરા** | | |
| ૫. | રશ્મિ કટ્ટા | ૯૯૭૮૯ ૯૮૭૪૭ |
| ૬. | સમીરભાઈ પરમાર | ૮૭૮૦૪ ૨૧૪૧૭ |
| ૭. | રાજ કંસારા | ૯૯૦૯૬ ૦૦૬૦૦ |
| **ભરૂચ** | | |
| ૮. | કેતનભાઈ કંસારા | ૯૯૨૫૨ ૩૧૫૪૦ |
| ૯. | ડૉ. વિધિ કંસારા | ૯૯૯૮૮ ૨૨૪૨૬ |
| **ભાવનગર** | | |
| ૧૦. | ધ્રુવ ગોરડિયા | ૯૯૯૮૪ ૩૬૬૭૨ |
| ૧૧. | ક્રિષ્નાબેન ગોરડિયા | ૯૭૧૨૯ ૮૪૨૭૧ |
| **કચ્છ / ભુજ** | | |
| ૧૨. | મહેશભાઈ કંસારા | ૯૪૨૭૨ ૬૫૫૧૯ |
| ૧૩. | જાનવી પરમાર | ૮૩૨૦૨ ૭૩૩૯૪ |
| ૧૪. | કિશોરભાઈ સોની | ૯૪૨૭૪ ૩૮૧૧૧ |
| ૧૫. | સુરેશભાઈ બીજલાની | ૯૮૭૯૦ ૪૩૫૫૧ |
| ૧૬. | વ્રજેશ પાવાગઢી | ૮૦૦૦૯ ૭૭૭૬૦ |
| ૧૭. | ઉદય રમેશભાઈ કંસારા | ૯૭૨૭૨ ૫૧૮૬૫ |
| **અંજાર** | | |
| ૧૮. | દિનેશભાઈ સાકરીયા | ૯૪૨૬૭ ૬૭૨૭૮ |
| ૧૯. | અરૂણભાઈ વીસા પરમાર | ૯૮૨૪૨ ૧૪૮૯૫ |
| ૨૦. | મનનભાઈ પોમલ | ૭૨૧૧૧ ૪૭૫૫૬ |
| ૨૧. | જીગર બારમેડા | ૯૮૨૫૦ ૫૯૪૧૦ |
| **જામનગર** | | |
| ૨૨. | રમેશભાઈ બારમેડા | ૯૩૭૫૮ ૫૩૪૭૨ |
| ૨૩. | કિરીટભાઈ પોમલ | ૯૪૨૭૨ ૦૭૭૩૮ |
| ૨૪. | મનીષભાઈ સોલંકી | ૯૮૨૪૪ ૦૦૦૦૨ |
| ૨૫. | જયશ્રીબેન બુધ્ધ | ૯૬૦૧૩ ૧૦૫૩૨ |
| ૨૬. | હેમલ છત્રાળા | ૮૧૪૦૪ ૨૯૨૨૯ |
| **જેતપુર** | | |
| ૨૭. | પુનિતભાઈ બારમેડા | ૯૯૭૯૦ ૪૫૯૯ |
| **કેશોદ** | | |
| ૨૮. | ધવલભાઈ પરમાર | ૯૨૬૫૦ ૬૯૬૯૬ |

| ક્રમ | નામ | મોબાઇલ નંબર |
|---|---|---|
| **મહુવા** | | |
| ૨૯. | બંકીમ કંસારા | ૯૧૭૩૧ ૮૮૮૮૩ |
| **મોરબી** | | |
| ૩૦. | જયદેવ બુધ્ધભટ્ટી | ૯૭૨૩૧ ૬૨૦૩૬ |
| ૩૧. | કેતનભાઈ કંસારા | ૮૧૬૦૨ ૯૯૮૪૩ |
| **નડિયાદ** | | |
| ૩૨. | કિરણ વી. કંસારા | ૯૯૯૮૪ ૦૬૩૩૪ |
| **બોટાદ** | | |
| ૩૩. | અનિલભાઈ કંસારા | ૯૯૦૪૫ ૩૨૭૩૫ |
| **નખત્રાણા** | | |
| ૩૪. | અવનીબેન હેમેન્દ્રભાઈ કંસારા | ૯૮૯૮૮ ૯૮૦૨૨ |
| **રાજકોટ** | | |
| ૩૫. | અભિષેકભાઈ પરમાર | ૯૪૨૯૦ ૪૩૨૯૭ |
| ૩૬. | વિવેકભાઈ કંસારા | ૮૪૬૯૨ ૯૫૧૮૭ |
| ૩૭. | આશિષભાઈ ગોરડિયા | ૯૪૨૬૭ ૮૪૫૦૫ |
| ૩૮. | રાજેશ ગોરડિયા | ૯૮૨૫૯ ૯૮૧૯૮ |
| ૩૯. | હિતેશ ખોખરા | ૯૨૨૮૧ ૯૩૫૮૭ |
| ૪૦. | પીન્ટુભાઈ છત્રાળા | ૯૫૧૦૭ ૫૫૬૭૮ |
| ૪૧. | કેતનભાઈ ભૂત | ૯૯૯૮૦ ૧૨૩૫૮ |
| ૪૨. | દિનેશભાઈ પરમાર | ૮૪૬૦૨ ૩૪૧૮૦ |
| ૪૩. | અમિત સોની | ૭૯૮૪૯ ૮૮૫૦૯ |
| ૪૪. | ધ્રુવભાઈ ભૂત | ૭૪૦૫૭ ૫૬૩૪૮ |
| ૪૫. | હિતેશભાઈ ભૂત | ૯૯૦૯૬ ૦૦૬૦૦ |
| **સિહોર** | | |
| ૪૬. | મનીષભાઈ પરમાર | ૯૪૨૮૫ ૯૧૫૦૬ |
| ૪૭. | સુનિલ ગોરડિયા | ૮૯૦૫૬ ૫૭૭૦૦ |
| **સુરત** | | |
| ૪૮. | બીપીનભાઈ પરમાર | ૯૪૨૯૯ ૩૧૨૮૦ |
| ૪૯. | મનોજભાઈ સોલંકી | ૯૯૦૯૭ ૯૦૯૯૦ |
| ૫૦. | અમિતભાઈ કાણકિયા | ૯૮૭૯૯ ૩૨૯૯૯ |
| **વિરાણી મોટી** | | |
| ૫૧. | મુકેશભાઈ સોની | ૯૭૧૨૭ ૧૫૩૬૩ |
| **વઢવાણ સીટી** | | |
| ૫૨. | જીતેન્દ્રભાઈ દંગી | ૮૫૩૦૩ ૧૫૩૦૦ |
| **જુનાગઢ** | | |
| ૫૩. | રવિભાઈ પરમાર | ૯૧૫૭૨ ૬૪૨૨૦ |
| ૫૪. | પરેશભાઈ બુધ્ધભટ્ટી | ૯૫૧૨૮ ૪૫૯૦૨ |

# આપણાં પરિવારો – (૨૯)

પ્રેષક : તુલસીદાસ કંસારા - અમદાવાદ



વડ, વડવા અને વડવાઈઓની વાતો

ભુજ જ્ઞાતિ દ્વારા વર્ષ ૨૦૦૯માં થયેલ વસતી ગણતરીના પત્રક મુજબ આપણી જ્ઞાતિના ૫૩૦૯ સભ્યોમાં ચોંત્રીસ પરમાર કુટુંબોની સીમિત સંખ્યામાં સભ્ય સંખ્યા માત્ર ૧૫૩. અત્યારે અગિયાર વર્ષ પછીના સમયગાળ દરમિયાન કદાચ તેમાં વધારો થયેલ હોય તો પણ અત્યારે સભ્ય સંખ્યા ૨૦૦ કરતાં વધારે નહીં હોય. આમ તો કચ્છનો વહેવાર ભાગલા પહેલા કરાંચી સાથે બહોળા પ્રમાણમાં હતો અને અત્યારે પણ કરાંચીમાં કચ્છી બોલી બોલાય છે. તે અરસામાં માંડવીના એક પરિવારના વડલા નામે જાદવજીભાઈ તે લવજી–કુંવરજી–તેજપાલના પુત્ર, કરાંચી ગયેલ એન ત્યાં વસવાટ કરેલ. પરંતુ દેશના ભાગલાને પરિણામે તેમના ત્રણ પુત્રો અને એક પુત્રી સાથે પરત કચ્છ આવવાનું થયું. જેને પરિણામે તેમના એક પુત્ર ભાણજીભાઈ અને એક પુત્રી, જે પ્રેમજીભાઈ બગ્ગા સાથે પરણાવેલ, તેઓ મોરબી ગયા અને અન્ય બે પુત્રો ધારશીભાઈ તેમજ ભવાનજીભાઈ ઉર્ફે કાકુભાઈ ભુજ રહ્યા. આ જાદવજીભાઈના લગ્ન કેરાના ખમતીધર મૈચા પરિવારના તુલસીદાસભાઈ મીલવાળા અને ઢાકામાં વસેલ તેમના ભાઈ કરસનભાઈના બહેન કેસરબેન સાથે થયેલ.

- **Giving is Living**



આજે આપણે વાત કરવાની છે, આ ધારશીભાઈના સાત પુત્ર-પુત્રીઓમાંથી માધાપરમાં રહેતા તેમના એક પુત્ર શ્રી ઘનશ્યામભાઈની, જેમણે આપણા સમાજમાં તેમના વિશાળ હૃદય અને ઉદારદિલ સ્વભાવને કારણે લોકપ્રિયતા હાંસલ કરેલ છે. તેઓએ તેમના માઈક્રો બાયોલોજીના અભ્યાસ દરમિયાન સહઅધ્યાયી રહેલા મિત્રોના વોટ્સએપ ગ્રુપના સભ્યમાંથી "Giving is Living"ની પ્રેરણા લઈને માધાપર સમાજ દ્વારા બનાવાયેલ સમાજવાડીના મુખ્ય હોલ બનાવવા માટે સારાયે સિત્તેર-એંસી લાખના (માત્ર બાંધકામ ખર્ચ) પ્રોજેક્ટના ૨૫ ટકા જેવી માતબર રકમનું દાન કરેલ છે. આ માઈક્રો બાયોલોજીના ગ્રુપમાં ચેટ દ્વારા તેમને ખ્યાલ આવ્યો કે તેમના એક નોકરી કરતા સહઅધ્યાયીએ ત્રણેક લાખનું દાન કરેલ છે અને તે મિત્રનો સંપર્ક કરતાં તેણે જણાવ્યું કે તેમને એ વાતનો ગર્વ હતો કે આમ તો પૈસાદાર અને વેપારી કે ઉદ્યોગપતિ લોકો જ દાન કરતા હોય છે, પરંતુ તેમણે નોકરી કરતાં બચાવેલ રકમનું દાન કરેલ. આ વાત પરથી ઘનશ્યામભાઈએ પ્રેરણા લઈને નક્કી કર્યું કે તેમણે સમાજ માટે ઉપયોગી નિર્માણ માટે દાન કરવું અને તેમને તક મળી તેમના અહીંના વસવાટ દરમિયાન માધાપરમાં! અહીં ખરેખર તો તેઓ શાંત વાતાવરણને કારણે ઘર ભાડે રાખી રહેવા આવેલ અને અહીં જ પોતાનું ઘર ખરીદવા વિચારતા હતા.

દરમિયાનમાં તેઓ માધાપરના આપણા મંડળના કાર્યકર્તાઓના સંપર્કમાં આવ્યા અને જાણ્યું કે સમાજ પાસે તો પોતાની મોકાની સારી એવી જમીન હાઈ-વે ને અડીને જ આવેલ છે જેમાં તેઓ સમાજની વાડી બનાવવાનું વિચારી રહેલ છે. સમાજના કાર્યકર્તાઓની કામ કરવાની ધગશ અને તેમની એકતા, તેમના પ્રમુખની સરળતા અને તેમની ટીમની પ્રામાણિકતા જોઈને તેમણે આ પ્રોજેક્ટમાં રસ લેવાનું ચાલુ કર્યું. કચ્છના ૨૦૦૧ના ધરતીકંપ પછી આપણા સમાજના પરિવારોને પડેલ મુશ્કેલીઓએ પ્રેરેલ સંવેદના, અહીંના કાર્યકર્તાઓની લાગણી અને તેમને ફંડ એકત્રિત કરવામાં પડી રહેલ મુશ્કેલીઓ જોઈને શ્રી ઘનશ્યામભાઈએ આ સમાજવાડી માટે સિંહફાળો આપીને તેમને પ્રોત્સાહિત કર્યા. આ સિંહફાળો તેમણે પોતાના મકાન ખરીદવાના મનસુબા સાથે એકત્રિત કરેલ બચતને પોતાનું ઘર ખરીદવાને બદલે સમાજ માટેની જગ્યામાં મોટો હોલ બનાવવા તરફ વાળીને સમાજ પ્રત્યે પોતાની સદ્ભાવના પ્રગટ કરી. હાલમાં જ તે સમાજવાડીને અર્પણ કરવાનો ત્રણ દિવસનો મોટો પ્રસંગ મહા શિવરાત્રિના દિવસે ઉજવાઈ ગયો અને "ઘનશ્યામ હોલ"ના નામે વિશાળ હોલ જ્ઞાતિને તેમના આ નિર્ણયને કારણે મળેલ છે. તેઓ માત્ર પોતાના તરફથી આ દાન કરીને અટક્યા નહીં પરંતુ પોતાના ભાઈ-બહેનો પાસેથી પણ સારૂં એવું યોગદાન અપાવ્યું. જેમાં એક રૂમના દાતા તરીકે તેમની બહેન મૃદુલાબહેને ફાળો આપ્યો તેમજ બીજા એક રૂમના દાતા બન્યા લંડનમાં રહેતા તેમના ભાણેજ. આમ, સમાજના કામમાં રસ લઈને પોતાની વગ વાપરી, પોતાના પરિવારના સભ્યો પાસેથી સારો એવો ફાળો અપાવી, અન્ય સમાજના સભ્યો પાસેથી પણ ફાળો એકત્રિત કરવામાં મદદ કરી.

આમ, તો ધારશીભાઈનું ઘર ભુજના મારા રહેણાંકથી (પબુરાય ફળિયાથી) નજદીક જ હતું. અને તે મારા રોજના અવર-જવરના રસ્તે દરબારગઢના હોડી ચકલાના નાકેથી ડાબે વળતાં મલ્લ ફળિયા પછી તુરત જ તેમનું ડેલીબંધ વિશાળ મકાન આવે. તેથી અવાર-નવાર મળવાનું પણ થતું અને ચિત્તરંજનભાઈ

તો સ્કૂલમાં પણ સાથે હતા. ઘનશ્યામભાઈનો સ્વભાવ શાંત, માત્ર સ્મિતથી ચાલતું હોય તો વાત નહીં કરવાની! અને તેમના આ શાંત સ્વભાવે જ શક્ય છે કે તેમની શૈક્ષણિક કારકિર્દી ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય.

શ્રી ઘનશ્યામભાઈની શૈક્ષણિક કારકિર્દીની વાત કરીએ તો, તેમનું શરૂઆતનું શિક્ષણ ભુજની વાણિયાવાડની પ્રાથમિક શાળા, ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ટેકનિકલ વિષયો સાથે એસ.એસ.સી. અને એક વરસ ભુજની આર.આર. લાલન કોલેજમાં સાયન્સ વિભાગમાં થયું. ત્યારબાદ આગળ અભ્યાસ માટે તેઓ અમદાવાદ ગયા અને ત્યાંથી નડિયાદમાં માઇક્રો બાયોલોજીમાં ગ્રેજ્યુએટ થયા તેમજ રાજકોટ બાયો સાયન્સ ડિપાર્ટમેન્ટમાંથી એક્સપરીમેન્ટલ બાયોલોજી સાથે એમ.એસ.સી.ની ડિગ્રી ૧૯૭૫માં લીધી.

અભ્યાસ પૂરો કરીને પરત ભુજ આવ્યા બાદ કરિયરની શરૂઆતમાં ભુજ ઇંગ્લીશ સ્કુલ, જી.ઈ. બોર્ડ તેમજ બેંક ઓફ બરોડામાં નોકરી કરી. પરંતુ અંદરની ઇચ્છા જે ભણેલ તેમાં જ કરિયર બનાવવાની હોતાં, અને તે લાઇનમાં કચ્છમાં નોકરીની તકો ઓછી હોતાં, સાહસ કરીને પોતાનું જ નાનું પ્રોડક્શન તેમજ ટેસ્ટીંગ યુનિટ ભુજમાં અંકુલ લેબોરેટરી પ્રોડક્ટ નામથી શરૂ કર્યું. અહીં તેમણે બાયોફર્ટીલાઇઝર્સ, માઇક્રો ન્યુટન્ટ્સ પ્લાન્ટ ગ્રોથ રેગ્યુલેટરનું ઉત્પાદન શરૂ કર્યું. સાથે ટેસ્ટીંગમાં પાણી, જમીન, એડલ્ટરેટેડ ફુડ (ભેળસેળવાળો ખોરાક) વગેરેનું એનાલિસીસ શરૂ કર્યું. પરંતુ અહીં પણ ખૂબ જ મર્યાદિત કામ મળતાં, ટેસ્ટીંગનું કામ બંધ કરી, એગ્રો-કેમિકલનું ઉત્પાદન શરૂ કર્યું અને તેના માર્કેટીંગ માટે ૧૯૮૪માં ગાંધીનગર બે વરસ અને ત્યારબાદ અમદાવાદ ખાતે વસવાટ શરૂ કર્યો.

ઘનશ્યામભાઈના જ શબ્દોમાં "કુદરતને કદાચ ભણતરની લાઇનમાં મારૂં કરિયર મંજૂર નહીં હોય. તેથી અમદાવાદ સેટલ થયા, ને ઉપરા ઉપરી દુષ્કાળ – અછતની પરિસ્થિતિને કારણે કામકાજ ઠપ્પ થઇ ગયું." આવી પરિસ્થિતિમાં તેમણે પોતાનું કામકાજ બંધ કરવાનો નિર્ણય કર્યો. પરંતુ કુદરત સાવ ખફા ન હતી. આમ પોતાની રીતે બિઝનેસ કરી આત્મનિર્ભર બનવાનો એક દરવાજો બંધ થયો તો ઇશ્વરે બીજો ખોલી આપ્યો. બન્યું એવું કે અમદાવાદની અરવિંદ મિલમાં એક કન્સલ્ટન્ટ ફોર કો-ઓર્ડિનેશન વિથ ટેકનિકલ એક્ષપર્ટની જગ્યા પર નિમણુંક મળી ગઈ અને તે કામકાજ ૧૯૯૨થી ૧૯૯૭ સુધી સંભાળ્યું. આજ અરસામાં સરકારશ્રીએ ઉદારીકરણની નીતિ અપનાવતાં ઇન્વેસ્ટમેન્ટ માટેની તકો શેર માર્કેટ અને મ્યુચ્યુઅલ ફંડમાં વધતાં, એ લાઇન પકડી. પરંતુ આ શેર માર્કેટમાં આવતા અપ-ડાઉનને કારણે તેમાં પણ જોઈએ તેવું વળતર ન દેખાયું. તેથી મૂડી તેમાંથી વાળી અને જમીનમાં રોકાણ શરૂ કર્યું અને જેમાંથી બંને બાળકોને સારૂં શિક્ષણ આપી સેટલ કર્યા. આજે પણ શેર માર્કેટ અને મ્યુચ્યુઅલ ફંડના અનુભવને કારણે એક એનાલિસ્ટ તરીકે ઇન્વેસ્ટમેન્ટમાં ઓપોર્ચ્યુનિટી સર્વે (મૂડી રોકાણની તકોની મોજણી) કરીને સિનિયર સિટીઝનોને સલાહ સૂચન આપવાનું અને જમીન વગેરેમાં રોકાણ કરાવવાનું કામકાજ ચાલુ છે.

તેમના લગ્ન અમદાવાદમાં ૧૯૮૧માં સુલોચનાબેન સાથે થયેલ. જેઓ, શરૂઆતમાં અહીં આવીને વસેલ આપણા ગણ્યાગાંઠ્યા પરિવારોમાંના એક પ્રતિષ્ઠિત પરિવાર પ્રતાપરાય કે. પરમાર ઘડિયાળીના દીકરી છે. ઘનશ્યામભાઈના બંને સાળા શ્રી નવનીતભાઈ તથા જશવંતભાઈ પરંપરાગત ઘડિયાળ રીપેરીંગમાંથી વેચાણ સુધીના કામકાજનો વિકાસ કરી પોતપોતાની દુકાનો ધરાવે છે. તેમના સાળી મંજુલાબેન બુધ્ધભટ્ટી કુટુંબમાં પરણેલ છે અને મુંબઈમાં સેન્ટ્રલ બેંકમાં નોકરી કરતા હતા. ઘનશ્યામભાઈના પોતાના પરિવારમાં એક પુત્રી નીલમ અને પુત્ર નિર્દેશ. નીલમે બી.એ. સુધી અભ્યાસ કરેલ છે અને તેના લગ્ન જામનગરના સુનીલકુમાર કે. પોમલ સાથે થયેલ છે, જેમણે સી.એ.નો અભ્યાસ કરેલ છે અને અત્યારે તેઓ બંને અમદાવાદમાં રહે છે અને છેલ્લા દસેક વરસોથી એક અમેરિકન કંપનીમાં કામ કરે છે. પુત્ર નિર્દેશે બી.ઈ. કમ્પ્યુટર સાથે કરેલ છે અને તેના લગ્ન જુનાગઢના પ્રખ્યાત એમ.ડી. કન્સલ્ટન્ટ ડૉ. ડી. એન. બારમેડાની પુત્રી ડૉ. હાર્દિકા (હોમિયોપેથી) સાથે થયેલ છે. તેમની માતા ક્રિષ્નાબેન પણ સમાજના મહિલા મંડળમાં આગેવાન છે. નિર્દેશ અને હાર્દિકા બંને જણ હાલે અમેરિકામાં એક આઈ.ટી. કંપનીમાં કાર્યરત છે. શ્રી ઘનશ્યામભાઈ પણ ૨૦૧૪ની સાલમાં અમેરિકાની મુલાકાત લઇ આવેલ અને ત્યારબાદ માનસિક શાંતિ માટે માધાપરમાં રહેવાનું નક્કી કરેલ.

આપણે ધારશીભાઈના પરિવારની વાત કરીએ તો તેઓ બુધ્ધભટ્ટી પરિવારમાં બાબુભાઈ રતનશીના બહેન ધીરજબહેન સાથે પરણેલ. અગાઉ ઉલ્લેખ કરેલ તેમના સાત સંતાનોના પરિવારોમાં સૌથી મોટા પુત્ર નામે પ્રફુલ્લભાઈના લગ્ન રાયપુર સ્થિત લખમશી પદમશી પોમલના પુત્રી જ્યોત્સનાબેન સાથે થયેલ અને તેમને ત્યાં બે પુત્ર અને બે પુત્રી. જેમાંથી તેમણે પુત્રી ભાવનાબેનને નલીયા (અબડાસા)ના હસમુખભાઈ બારમેડા સાથે પરણાવેલ. તેમના સંતાનોમાં બે દીકરી. જેમાંથી દિપાલીએ એમ.કોમ., બી.એડ.નો અભ્યાસ કરેલ છે અને બીજી દીકરી શ્રુતિનો કોલેજમાં અભ્યાસ ચાલુ છે. તેમના મોટા દીકરા હીરેને સી.એ.નો અભ્યાસ કરેલ છે અને આઈ.સી.આઈ.સી.આઈ. બેંક - ગાંધીધામમાં જોબ કરે છે.

પ્રફુલ્લભાઈના પુત્ર બીમલભાઈ ભુજમાં ટેલરીંગનું કામકાજ કરે છે. તેમનો પુત્ર ડેનીસભાઈ સોના-ચાંદીના વેપાર અને કામગીરીના કામમાં રોકાયેલ છે અને તેમને બે સંતાનો – પુત્ર અને પુત્રી છે. જ્યારે અન્ય પુત્ર ભાવેશ કાકા જોડે ટાયરના બિઝનેસમાં જોડાયેલ છે. જ્યારે તેમનો દીકરો દેવાંગ હાલ અમરેલીની મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરે છે.

તેમના અન્ય સંતાનોમાં ચિત્તરંજનભાઈ અને તેમના પત્ની કમળાબહેન, સંતાનોમાં કેતન જે કેતન એન્ટરપ્રાઈઝ નામથી ટાયરનો બિઝનેસ સંભાળે છે. તેમની દીકરી સીમા ભુજમાં જ પરણાવેલ છે અને તે હાલે સંતાનોના શિક્ષણ માટે અમદાવાદમાં રહે છે. ધારશીભાઈના અન્ય સંતાનોમાં ઘનશ્યામભાઈ અને નીતિન અને ત્રણ પુત્રીઓ મૃદુલાબેન, જયાબેન અને જ્યોતિબેન. જેમાંથી બે ભાઈઓ પ્રફુલ્લભાઈ અને નીતિનભાઈ બહાર વસે છે અને ત્રણેય બહેનો પરણીને પોતપોતાને સાસરે બહારગામ છે. મૃદુલાબેનના લગ્ન સ્વ. ટી.ઓ. બુધ્ધભટ્ટી (વિરાણીવાળા), જેઓ માધાપર હાઈસ્કૂલમાં પ્રિન્સિપાલ હતા, તેમની સાથે થયેલ અને છેલ્લે તેઓ અમદાવાદમાં સ્થાયી થયેલ. અત્યારે મૃદુલાબેન તેમના પુત્ર પારસ સાથે પૂનામાં રહે છે. તેમની દીકરી અલ્પાબેન આપણા અમદાવાદ મંડળના પૂર્વ પ્રમુખ શ્રી જયમીનભાઈ બારમેડાના પત્ની થાય અને અમદાવાદ મહિલા મંડળના પ્રમુખ છે.

ધારશીભાઈના મોટાભાઈ ભાણજીભાઈ, જે મોરબીમાં વસતા અને નાનાભાઈ કાકુભાઈ જે ભુજમાં લંગા શેરીમાં રહેતા. તેમના મોટા પુત્ર પ્રદીપભાઈ ધરતીકંપ પછી અમદાવાદ આવીને વસેલ છે અને તેમના દીકરા જય સાથે રહે છે. તેમના નાના ભાઈ પ્રકાશભાઈ ભુજમાં રહે છે અને મકાન તેમજ જમીનમાં રોકાણ અને લે–વેચનું કામકાજ કરે છે. તેમના પત્ની માલતીબેન, પુત્ર પૃથ્વીશ સિવિલ એન્જીનિયર છે અને પુત્રીનું નામ પૂજા છે. કાકુભાઇના સૌથી નાના પુત્ર પરેશભાઈ તેમના પુત્ર ફિલીપ સાથે માધાપરમાં રહે છે. જ્યારે મોરબીવાળા ભાણજીભાઈના પુત્ર દીપકભાઈ અમદાવાદમાં રહે છે અને તેમના પુત્ર ઉદયભાઈએ તાજેતરમાં જ અમેરિકામાં જોબ શરૂ કરેલ છે.

આમ, શ્રી ધારશીભાઈના બહોળા પરિવારનું નામ શ્રી ઘનશ્યામભાઈએ, સમાજમાં તેમની ઉદાર વૃત્તિ અને વિશાળ હૃદયને કારણે રોશન કરેલ છે. અહીં વાંચકોને એક અપીલ કરવાની લાલચ રોકી શકતો નથી.

## અપીલ

### શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - માધાપર

આપણે ઉપર જોયું તેમ માધાપર, જે ભુજનું પરૂં જ કહી




શકાય, ત્યાં આપણા સમાજના મંડળે સમાજવાડી બનાવવાનું અદ્‌ભુત કાર્ય કરેલ છે અને તેની જગ્યા, અત્યાર સુધીમાં સમાજ પાસેની બધી જ જગ્યાઓ કરતાં ખાસ્સી એવી મોટી છે. અને હજુ પણ તેને અડીને આવેલ અને હાઇ-વે સુધી વિસ્તરતી લગભગ તેટલી જ જમીન તેમને નજીવા ભાવે મળી શકે તેમ છે. પરંતુ ફંડની અછતને કારણે આ કામ અટકેલ છે. જો આપણા સમાજના સભ્યો તેમાં મદદ કરી શ્રી ઘનશ્યામભાઈની જેમ ઉદાર દિલથી પોતાની શક્તિ અનુસાર યોગદાન આપે, તો આ સમાજવાડી વિસ્તરી શકે અને ભુજ-માધાપર તેમજ આપણા બૃહદ્ સમાજને અનેક સામાજીક પ્રસંગોમાં ઉપયોગી થાય તેવા વિશાળ સંકુલનું આયોજન થઈ શકે. આ લખનારે પણ આ ઉમદા કામમાં એક રૂમ માટે યોગદાન આપેલ છે અને ત્યારબાદ જ આ અપીલ કરવાનું મુનાસિબ માનેલ છે. આ સમાજવાડી સંકુલમાં એક શિવ મંદિર પણ બનાવવામાં આવેલ છે જેના માટેનું દાન ભચાઉના કંસારા દામજી ઓધવજીના પરિવારમાંથી હરિલાલભાઈના નાના પુત્ર ઘનશ્યામ, જે "જીટીકે" બ્રાન્ડથી સોપારીનું નાનું યુનીટ ભચાઉમાં ચલાવે છે, તેમની પહેલથી મળેલ છે. તેમના મોટાભાઈ શ્રી રામજીભાઈ માધાપર સમાજ મંડળના પ્રમુખ છે. આશા છે કે આ અપીલનો પ્રત્યુત્તર નાના-મોટા ફાળા સ્વરૂપે વાંચકો આપણા માધાપર મંડળનો સંપર્ક કરી પોતાના વડીલોના સ્મરણાર્થે કે અન્ય પ્રસંગો નિમિત્તે મોકલી આપશે. માધપર મંડળના પ્રમુખનો સંપર્ક નંબર અહીં આપેલ છે. (શ્રી રામજીભાઈ હરિલાલભાઈ કંસારા, મો. ૯૮૨૫૯ ૯૩૨૪૬)

■ ***End Note :***

***It is not how much we give, but how much love we put into giving.***


***– Mother Teresa***

*આપણે કેટલું આપીએ છીએ તે કરતાં આપણે કેટલા પ્રેમથી આપીએ છીએ તે મહત્ત્વનું છે.*

*– મધર ટેરેસા*

# વેક્સિન – મહામારી માટેનું બ્રહ્માસ્ત્ર

**પ્રા. આર. આર. મહીચા**



ભારતમાં માર્ચ ૨૦૨૦થી શરૂ થયેલી કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારી, મે ૨૦૨૧ સુધી ૩,૧૫,૦૦૦ માણસોને ભરખી ગઈ અને ૨,૭૪,૦૦,૦૦૦ લોકો સંક્રમિત થયા હતા. ગયા વર્ષે પહેલી લહેર વખતે આ મહામારી સામે લડવા માટે કોઈ ઈલાજ નહોતો અને તેને નિયંત્રણમાં લેવા માટે ના કોઈ રસી હતી. સિમ્પ્ટોમેટીક ટ્રીટમેન્ટ સાથે ઈમ્યુનિટી વધારવા વિટામિન ટેબ્લેટ્સ અને આયુર્વેદિક કાળા આપવામાં આવતા હતા. પરંતુ દેશ અને વિદેશના અનેક વૈજ્ઞાનિકોના અથાગ પરિશ્રમથી આજે ઘણી જાતની વેક્સિન ઉપલબ્ધ થઈ છે. વેક્સિન દ્વારા માનવજાતને મોતના મુખમાંથી ઉગારવાનો ખૂબ અસરકારક ઉપાય મળ્યો છે. તેથી આ વેક્સિન વિશે જાણવું સામાન્ય માણસ (Layman)ને જરૂરી છે.

વેક્સિન અને દવામાં ફરક એ છે કે વેક્સિન એક હથિયાર છે કે જેના દ્વારા અનેક મહારોગ સામે સુરક્ષા કવચ મળે છે. જ્યારે દવા તો થઈ ગયેલા રોગને મટાડે છે પરંતુ રોગ ફરીથી થવાની કોઈ ગેરંટી નથી આપતી. સંક્રમિત રોગ સામાન્ય રીતે બેક્ટેરીયા અને વાઈરસથી થાય છે. બાળક જ્યારે જન્મે છે ત્યારે વાતાવરણમાં અનેક પ્રકારના વાઈરસ તેના પર આક્રમણ કરવા રાહ જોતા હોય છે. પરંતુ મેડિકલ સાયન્સના પ્રતાપે શોધાયેલી વિવિધ વેક્સિનો તેને રોગો સામે સંપૂર્ણ રક્ષણ આપે છે. બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી તેના માટે જુદી જુદી વેક્સિનો સિસ્ટમેટીક ઈમ્યુનાઈઝેશન શિડ્યુલ બનાવેલું હોય છે. તે મુજબ વિવિધ સંક્રમિત અને બિન-સંક્રમિત રોગો જેવા કે શીતળા, ઓરી, અછબડા, ધનુર, પોલિયો, કોલેરા, ડિપ્થેરીયા, હાથીપગો, ઈન્ફ્લુએન્ઝા, ટ્યુબરક્યુલોસીસ વગેરેની વેક્સિન આપવાનો કોર્સ કરાવવામાં આવે છે. તેના કારણે બાળક દરેક રોગ માટે સ્પેસીફિક ઈમ્યુનિટી પ્રાપ્ત કરે છે, જે તેના શરીરમાં જીવનભર સચવાયેલી રહે છે.

આ વેક્સિન દવાથી ખૂબ ચડિયાતી છે. વેક્સિન આપણે સ્વેચ્છાએ લઈએ છીએ જ્યારે દવા ફરજીયાત લેવી પડે છે. દવાઓની ઘણી આડઅસરો હોય છે અને તેના માટે ડૉક્ટરનું ક્લોઝ સુપરવિઝન જરૂરી બને છે પરંતુ વેક્સિનની આડઅસરો બહુ જ ઓછી હોય છે. કેટલાક લોકોને તાવ, નબળાઈ કે કળતર જેવું જણાય છે, જે આપમેળે મટી જાય છે. જ્યારે ઘણા બધા લોકો કોઈ ખાસ રોગ માટે વેક્સિન લઈ લે તો તે રોગનું સંક્રમણ કોઈને ન થાય. તેથી સમાજમાં તે રોગ થવાનો ડર ના લાગે. આ પ્રકારે સમગ્ર સમાજ માટે પ્રતિસંક્રમકતા અથવા હર્ડ ઈમ્યુનિટી ઉત્પન્ન થાય છે અને છેવટે તે રોગ સમાજમાંથી અસ્ત થઈ જાય છે.

એક જમાનામાં શીતળા અતિશય ભયાનક રોગ ગણાતો હતો, જે બાળકોને વધુ થતો હતો. આખાય શરીર પર ફોડલીઓ થતી, જેને લોકો શીતળા કહેતા અને ખૂબ પીડા કરતી. રોગી ના બેસી શકે, ના સૂઈ શકે એવી દયનીય હાલત થતી. આ ફોડલીઓના શરીર પર કાયમી ડાઘા રહી જતા. જો તેવી ફોડલીઓ આંખમાં થાય તો આંખ ગુમાવવાનો વખત આવતો. શીતળાના ચાઠાંવાળો ચહેરો ખૂબ જ બિહામણો થઈ જતો. આ રોગની કોઈ દવા નહોતી. લોકો આ રોગને એક માતાનો પ્રકારનો કોપ ગણતા અને તે મટી જાય એટલે તેની માનતા કરી વ્રત-પૂજા કરી લેતા પણ કોઈ ડૉક્ટર પાસે કોઈ જતું જ નહીં. અગર કોઈ દવા લેવા જાય તો શીતળા માતાજી તેના પર કોપાયમાન થશે એવી સમાજમાં અંધશ્રદ્ધા હતી. પરંતુ આજે સ્મોલપોક્સ વેક્સિનના કારણે સમગ્ર વિશ્વમાં આ રોગ નાબૂદ થઈ ગયો છે. નવી પેઢીને શીતળા શું છે તેની ખબર પણ નથી.

આ રોગની ભયાનકતામાંથી આજની આધુનિક વેક્સિનનો કેવી રીતે જન્મ થયો તેની વાત કરીએ.



*ડૉ. ઍડવર્ડ જેનર સૌપ્રથમ રસી આપે છે*

૧૭૯૬માં ઇંગ્લેન્ડના બર્કલે જીલ્લાના ગ્લુસેસ્ટરશાયરમાં ઍડવર્ડ જેનર નામના એક ડૉક્ટર હતા. તેની પાસે એક છોકરી આવી. જેના હાથમાં ફોડલા થયા હતા. ડૉક્ટરે તેને પૂછ્યું, આ ફોડલા કેમ થઈ ગયા? તો તે કહે કે, હું ગાયો દોહું છું એટલે કદાચ થઈ ગયા હશે. ડૉક્ટર વિચારવા લાગ્યા કે ગાયોને કાઉપોક્સ નામનો જે રોગ થતો, તેને ચેપ લાગવાથી એ ફોડલીઓ થઈ હશે કે શું? તેણે પ્રયોગ કરવા ખાતર ગાયને થયેલા કાઉપોક્સના ફોડલામાંથી પ્રવાહી કાઢીને એક બીજા છોકરાને જાણીબુઝીને ચેપ લગાડ્યો. થોડા દિવસ બાદ તે છોકરાને પણ ફોડલીઓ થઈ પરંતુ ભયાનક સ્મોલ પોક્સ રોગથી બચી ગયો.

ડૉ. એડવર્ડ જેનરને સૌપ્રથમ વેક્સિનનો આઈડિયા આવ્યો. પોતે એક ડૉક્ટર હોવાથી પોતાના આ વિચારને પ્રતિપાદિત કરવા અનેક પ્રયોગો કરીને વેક્સિનેશન અથવા ઈનોક્યુલેશનની પદ્ધતિ

વિકસાવી. વેક્સિન બનાવીને લોકોને શીતળા જેવા ભયાનક રોગથી બચાવી લીધા. ત્યારબાદ માઈક્રો બાયોલોજી, જીનેટીક બાયોલોજી, મોલેક્યુલર બાયોલોજી અને બાયો ટેકનોલોજી જેવા વિજ્ઞાનના વિકાસથી વેક્સિન શું છે અને તે કેવી રીતે કામ કરે છે અને તેનું વ્યાપારી ધોરણે કેવી રીતે ઉત્પાદન કરી શકાય તેનો તલસ્પર્શી અભ્યાસ અને સંશોધન થતા ગયા. વધુને વધુ સંક્રમિત રોગો જેવા કે ઓરી, અછબડા, ટીટેનસ, કોલેરા, ટાઈફોઈડ, ધનુર, પોલિયો, પ્લેગ જેવા રોગો માટે વેક્સિનો શોધાતી ગઈ અને આવા રોગો પર કંટ્રોલ આવતો ગયો. આ રીતે ડૉ. એડવર્ડ જેનર વેક્સિનના ભીષ્મ પિતામહ ગણાય છે.

આવી રીતે પોલિયોમાયલીટીસ નામનો ભયાનક રોગ થતો અને તે પણ બાળકોમાં વધુ ફેલાતો હતો. પોલિયોમાયલીટીસ ઈન્ફેક્શનથી દર્દીને તાવ આવતો, શરીરમાં થકાવટ લાગતી, ગળામાં બળતરા થતી, ઉલટી ઉબકા આવતા. એક્યુટ કન્ડિશનમાં તે બ્રેઈન અને સ્પાઇનલ કોર્ડને અસર કરતો. જેના પરિણામે દર્દીના હાથ કે પગમાં પેરેલિસીસ થઈ જતા અને જીવનભર અપંગ બની જતા. તો કેટલાક મોતને ભેટતા. આવા ખતરનાક રોગને નાથવા બે વૈજ્ઞાનિકોએ વેક્સિન શોધી, માનવજાત પર અકલ્પનીય કલ્યાણ કર્યું છે. ડૉ. જોનાસ સાલ્ક એ સૌપ્રથમ ૧૯૫૪માં પોલીઓમાયલીટીસની ફોર્માલિન ઇનેક્ટિવેટેડ ઇન્જેક્ટેબલ વેક્સિન બનાવી લાઈસન્સ મેળવ્યું. બીજા ડૉ. આલ્બર્ટ સાબિન નામના વૈજ્ઞાનિકે ૧૯૬૨માં એટેન્યુએટેડ લાઇવ વાઇરસ ઓરલ વેક્સિન શોધીને પરવાનો મેળવ્યો. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને આ રોગની ગંભીરતાને લક્ષમાં રાખી ૨૦૦૦ સુધીમાં સમગ્ર વિશ્વને પોલિયો મુક્ત કરવાનું અભિયાન શરૂ કરી, લાયન્સ ક્લબ અને રોટરી ક્લબ જેવી એન.જી.ઓ. દ્વારા સમગ્ર ભારતમાં પલ્સ પોલિયો અભિયાન ચલાવ્યું. પોલિયોની ઓરલ વેક્સિન બાળકને આપવી પણ કેટલી સરળ છે. માત્ર એક ડ્રોપ મોઢામાં મૂકવાનું. પોલિયો મુક્ત સમાજ કરવાનું લગભગ સફળ થયું છે. સમગ્ર વિશ્વમાં પોલિયો લગભગ નાબૂદ થઈ ગયો છે. આવું બીજા અનેક સંકમિત રોગો માટે થયું છે જેમકે ટ્યુબરક્યુલોસિસ (બી.સી.જી.), કોલેરા, ધનુરવા, ડિપ્થેરીયા, પર્ટુસિસ વગેરે. જો કે કેટલાક રોગ ફરી પાછા દેખવા લાગ્યા છે, જેનું કારણ વેક્સિન ના લેવાનું હોઈ શકે.

### *વેક્સિનના ઘણા પ્રકાર છે :*

૧. બી.સી.જી. (Bacillus Calmatte Guerrin) : આ વેક્સિન બાળકને ટી.બી. જેવો જીવલેણ રોગ ના થાય એટલા માટે ઈન્જેક્શનથી આપવામાં આવે છે. તેની અસર ૨૦ વર્ષ સુધી રહે છે.

૨. આ રસી ત્રણ જીવલેણ રોગ હપ્પિંગ કફ, ડિપ્થેરીયા અને ટીટેનસ સામે ઇમ્યુનિટી મેળવવા આપવામાં આવે છે.

૩. ઓરલ પોલિયો વેક્સિન (OPV) પોલિયો જેવા ખતરનાક રોગ સામે રક્ષણ આપે છે.

૪. હીપેટીટીસ-બી વેક્સિન : આ વેક્સિન બાળકને લીવરના રોગ સામે રક્ષણ આપે છે.

૫. MMM વેક્સિન : આ વેક્સિન પણ ત્રણ રોગ મિશલ, મંપ્સ રૂપેલા (જર્મન મિશલ) ઓરી અને અછબડા ના થાય એટલા માટે આપવામાં આવે છે.

૬. ન્યુમોનિયા વેક્સિન (Pneumococcalconjugate Vaccine) : ન્યુમોનિયા જેવા રોગ સામે પ્રતિરોધકતા આપે છે.

૭. ટાઈફોઈડ વેક્સિન (Vi-PS Vaccine) : આ ટાઈફોઈડના રોગ સામે પ્રતિરોધકતા મેળવવા માટે આપવામાં આવે છે.

આ સિવાય અન્ય ઘણા બધા સંક્રમિત રોગો માટે ઘણી વેક્સિનો શોધાઈ છે.

### ● કોરોના વાઇરસ વેક્સિન :

જ્યારથી કોરોનાનો પહેલો સ્ટ્રેન આવ્યો ત્યારથી વેક્સિન શોધવાની પ્રક્રિયા વિશ્વભરની ફાર્મા કંપનીઓએ અને વૈજ્ઞાનિકોએ યુધ્ધના ધોરણે કામ શરૂ કર્યું હતું. વેક્સિન ડિઝાઇન કર્યા બાદ પણ આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ મુજબ લોકો માટે માર્કેટમાં મૂકતાં ખૂબ ઘણો સમય લાગે છે. પરંતુ તાત્કાલિક જરૂરિયાતને લક્ષમાં રાખી સરકારે દરેક વેક્સિનને હંગામી ધોરણે ઉત્પાદન અને વેચાણની મંજૂરી આપી. તેથી વેક્સિન માર્કેટમાં આવી ગઈ છે. હાલ વૈશ્વિક રીતે ઉપલબ્ધ વેક્સિન નીચે મુજબ છે.

| **વેક્સિન** | **ડોઝ** | **ઉત્પાદક** |
|---|---|---|
| કોવિશિલ્ડ | ૨ | સીરમ ઇન્સ્ટિટ્યૂટ (ઇન્ડિયા) |
| કોવેક્સિન | ૨ | ભારત બાયોટેક |
| ફાઇઝર એનબાયોટેક | ૨ | ફાઇઝર લિમિટેડ - યુ.કે. |
| મોડર્ના | ૨ | Moderna Ltd. - US |
| સ્પુટનિક | ૨ | Gamaleya Research Inst. of Epidemiology and Microbiology - Russia |
| જોનસન એન્ડ જોનસન | ૧ | USA |

***આથી દરેકને વિનંતી છે કે જેઓએ હજી વેક્સિન લીધી ના હોય, તેઓ જલ્દીથી વેક્સિન લઈ લે અને પોતે રોગ સામે સુરક્ષિત રહી સમગ્ર સમાજને કોરોના મુક્ત કરવામાં મદદ કરે.***

# તમારા શરીરને જાણો... – (૫)

ડૉ. આરોહી પરમાર




ડૉ. આરોહી પરમાર

## પાચન તંત્ર

શું ક્યારેય વિચાર્યું છે કે જ્યારે તમે મોંમાં કોઈ રોટલો અથવા કોઈ પણ ખોરાક ચાવશો અને જ્યારે તે પેટની અંદર પચાય છે, ત્યારે આ ખોરાક કેવી મુસાફરી કરે છે અને કઇ પ્રક્રિયાઓમાંથી પસાર થાય છે! ચાલો, આજે આ વિશે વાત કરીએ...

આપણી પાચક શક્તિ આપણા શરીરના પાવર હાઉસ જેવી છે કારણકે આપણા શરીરમાં કાર્ય કરવાની ઉર્જા ખોરાકના પાચન પછી શરીરના આ ભાગમાંથી આવે છે. પાચક તંત્ર દ્વારા આખા શરીરમાં મોકલેલી ઉર્જા દ્વારા જ આપણે નાનાથી મોટા કામ કરવામાં સમર્થ છીએ. આવો, જાણો, આપણું પાચન તંત્ર આપણા શરીર માટે કેવી રીતે કાર્ય કરે છે.




પાચન એ પ્રક્રિયા છે, જેમાં ખોરાકને યાંત્રિક અને રાસાયણિક રીતે નાના ભાગોમાં તોડી નાખવામાં આવે છે. જેથી તેઓ લોહીના પ્રવાહમાં સમાઇ શકે. પાચન એ કેટબોલિઝમનો એક પ્રકાર છે, જેમાં ખોરાકના મોટા પરણાણુઓ નાના અણુઓમાં વિભાજિત થાય છે.

જ્યારે સસ્તન પ્રાણીઓ મોંમાં ખોરાક લે છે અને દાંત સાથે તેને ચાવતા હોય છે, ત્યારે લાળ ગ્રંથિઓમાંથી બહાર કાઢવામાં આવતા લાળમાં રહેલા રસાયણોથી રાસાયણિક પ્રક્રિયા શરૂ થાય છે. આ ખોરાક પછી અન્નનળી દ્વારા પેટમાં પ્રવાસ કરે છે. જ્યાં હાઇડ્રોક્લોરીક એસિડ મોટાભાગના દૂષિત સૂક્ષ્મ જીવાણુંઓને મારી નાખે છે અને કેટલાક ખોરાક (દા.ત. પ્રોટીનનું અવમૂલ્યન)ના યાંત્રિક ભંગાણની શરૂઆત કરે છે અને કેટલાક ભાગોમાં રાસાયણિક પરિવર્તન કરે છે. થોડા સમય પછી (સામાન્ય રીતે માણસોમાં એક કે બે કલાક), ખોરાકનો અવશેષ નાના આંતરડા અને મોટા આંતરડામાંથી પસાર થાય છે અને વિસર્જન દરમિયાન બહાર કાઢવામાં આવે છે.

આખી પાચક સિસ્ટમ લગભગ ૯ મીટર લાંબી છે. સ્વસ્થ માનવમાં, આ પ્રક્રિયામાં ૨૪થી ૭૨ કલાકનો સમય લાગે છે.

- **ગેસ્ટ્રીક સ્ત્રાવના તબક્કાઓ :**

**કેફિયલ તબક્કો :** ખોરાક પેટમાં પ્રવેશતાં પહેલા આ તબક્કો થાય છે, જેમાં શરીર દ્વારા ખાવા અને પાચનની તૈયારીઓ સામેલ છે. ખોરાકના દૃશ્યો અને વિચારો મગજની સપાટીને ઉત્તેજીત કરે છે. સ્વાદ અને ગંધની સંવેદનાઓ હાઇપોથેલામસ અને મેડ્યુલા ઓક્સોન્ગાટા પર મોકલવામાં આવે છે. તે પછી તે વોગસ ચેતા દ્વારા પસાર થાય છે અને એસિટીલકોલાઇન દ્વારા સ્રાવ થાય છે. આ તબક્કે ગેસ્ટ્રીક સ્રાવ મહત્તમ દરના ૪૦% સુધી વધે છે. પેટની એસિડિટીને આ સમયે આહાર દ્વારા બફર કરવામાં આવતું નથી અને તેથી તે સોમાટોસ્ટેટીનના ડી સેલ સ્રાવ દ્વારા દીવાલ (એસિડ સ્રાવ) અને જી સેલ (ગેસ્ટ્રીન સ્રાવ)ને અટકાવવાનું કાર્ય કરે છે.

**પેટનો તબક્કો :** આ તબક્કામાં ૩ થી ૪ કલાકનો સમય લાગે છે. તેમાં પાચક સિસ્ટમ એસિટીલકોલાઇનનું સ્રાવ સક્રિય કરે છે, જે વધુ ગેસ્ટ્રીક યુરિયાના સ્રાવ તરફ દોરી જાય છે. જેમ જેમ પ્રોટીન પેટમાં પ્રવેશ કરે છે, તે હાઇડ્રોજન આયનો સાથે જોડાય છે. જેના કારણે પેટનો પીએચ લગભગ ૧-૩ પર ઉતરી જાય છે. ગેસ્ટ્રીન અને એચસીએલ સ્રાવના અવરોધને દૂર કરવામાં આવે છે. આ જી સેલને ગેસ્ટ્રીન સ્રાવ માટે ટ્રીગર કરે છે અને પછી એચસીએલ સ્રાવ માટે દીવાલના કોષોને ઉત્તેજીત કરે છે. એચટીએલના સ્રાવને પણ એસિટીલકોલાઇન અને હીસ્ટામાઇન દ્વારા ઉત્તેજીત કરવામાં આવે છે.

**આંતરડાના તબક્કા :** આ તબક્કાના બે ભાગો છે : ઉત્તેજનો અને અવરોધક. આંશિક રીતે પચાવેલ ખોરાક પાચનતંત્રમાં ભરાય છે. આ આંતરડાની ગેસ્ટ્રીનને સ્રાવિત કરવા માટે ટ્રીગર કરે છે અને સંવેદનાત્મક તંતુઓને સક્રિય કરે છે. જેના કારણે પાયલોરીક સ્ફિંક્ટરને સંકુચિત કરવામાં આવે છે. જેથી વધુ ખોરાક દાખલ ન થાય અને સ્થાનિક રીફ્લેક્સ ક્રિયાને અવરોધિત કરી શકે.

- **પ્રવેશ :**

મનુષ્યમાં પાચનની શરૂઆત મોંથી થાય છે, જ્યાં ખોરાક ચાવવામાં આવે છે. લાળની મોટી માત્રા (૧-૧.૫ એલ / દિવસ) મૌખિક પોલાણમાં ત્રણ જોડી બાહ્ય લાળ ગ્રંથિઓ (પેરોટીડ,

સબમંડિબ્યુલર અને સબલિંગ્યુઅલ) દ્વારા સ્રાવ થાય છે અને જીભની સહાયથી ચાવતા ખોરાક સાથે ભળી જાય છે. લાળ બે પ્રકારની હોય છે : એક પ્રવાહી, પાણી જેવા સ્રાવ છે અને તેનું કાર્ય ખોરાકને ભીંજવવા માટે છે. બીજો જોડા, મ્યુકોસલ સ્રાવ છે અને તે ખોરાકના કણોને એકબીજા સાથે બાંધવા અને ઘાસની રચના માટે લુબ્રિકન્ટ તરીકે કામ કરે છે. લાળ મોં ને સાફ કરીને ખોરાકને ભેજ કરે છે અને તેમાં લાળ એમીલેઝ જેવા પાચક ઉત્સેચકો હોય છે, જે સ્ટાર્ચ જેવા માલ્ટોઝ જેવા સ્ટાર્ચ જેવા રાસાયણિક ભંગાણમાં મદદ કરે છે. તેમાં મ્યુસિલેજ, ગ્લાયકોપ્રોટીન પણ સામેલ છે, જે ખોરાકને નરમ પાડવામાં અને ગ્રેન્યુલ્સમાં રૂપાંતરિત કરવામાં મદદ કરે છે.

ગળી જવા પર, ચાવેલા ખોરાક અન્નનળીમાં લઇ જાય છે અને ઓરોફેરિન્ક્સ અને હાયપોફેરિન્ક્સમાંથી પસાર થાય છે.

- **અન્નનળી :**

અન્નનળી એ એક સાંકડી, સ્નાયુબદ્ધ, સીધી ટ્યુબ છે, જે સ્તરીય સ્ક્વોમસ એપિથેલિયમ દ્વારા દોરેલી છે. લગભગ ૨૫ સે.મી., મોંની પાછળના અંડકોશથી શરૂ કરીને, છાતીમાંથી થોરાસિક ડાયાફ્રેમથી પસાર થાય છે અને પેટના હૃદયના દ્વાર પર સમાપ્ત થાય છે. અન્નનળીની દીવાલ દંડ સ્નાયુઓના બે સ્તરોથી બનેલી છે, જે અન્નનળીની બહાર સુધી સતત સ્તર બનાવે છે અને લાંબા સમય સુધી ધીમે ધીમે સંકુચિત થાય છે. આ સ્નાયુઓનો આંતરિક સ્તર નીચેની રીંગ્સના સ્વરૂપમાં વળાંકવાળા માર્ગમાં હોય છે. જ્યારે બાહ્ય પડ આલ્કલી હોય છે. અન્નનળીની ટોચ પર એપિગ્લોટીસ નામના પેશીનું એક સ્તર હોય છે, જે ગળી જવા દરમિયાન બંધ થાય છે. જેથી ખોરાક શ્વાસનળીમાં પ્રવેશ ન કરી શકે. આ સ્નાયુઓની પેરીસ્ટાલિસીસ દ્વારા ચાવેલા ખોરાકને અન્નનળી દ્વારા પેટમાં ધકેલી દેવામાં આવે છે. અન્નનળીમાંથી ખોરાક પસાર થવામાં માત્ર સાત સેકંડનો સમય લાગે છે અને આ સમય દરમિયાન કોઈ પાચન થતું નથી.

- **પેટ :**

પેટ એક નાનો, 'જે' આકારની કોથળી છે. જેની દીવાલો જાડા, લવચીક સ્નાયુઓથી બનેલી છે, જે ખોરાકને સંગ્રહિત કરે છે અને તેને નાના કણોમાં તોડવામાં મદદ કરે છે. જો ખોરાક નાના કણોમાં તૂટી જાય છે, તો તે નાના આંતરડામાં સંપૂર્ણ રીતે પાચન થાય છે અને પેટમાં મંથન મોંમાં શરૂ થતા ખોરાકને વિભાજીત કરવાની પ્રક્રિયામાં મદદ કરે છે.

ખોરાક પેટના હૃદયના દરવાજામાંથી પેટમાં પ્રવેશ કરે છે. જ્યાં તે વધુ નાના કણોમાં તૂટી જાય છે અને પ્રોટીનને તોડવા માટે ગેસ્ટ્રીક એસિડ, પેપ્સિન અને અન્ય પાચક ઉત્સેકચો સાથે સારી રીતે ભળી જાય છે. પેટના ઉત્સેચકોમાં પણ એક મહત્તમ બિંદુ હોય છે. એટલે કે તેઓ કોઈ ચોક્કસ પીએચ અને તાપમાનમાં શ્રેષ્ઠ કાર્ય કરે છે. એસિડ પોતે જ ખોરાકને પાવડરમાં ફેરવતા નથી. તે ફક્ત પેપ્સિન એન્ઝાઇમની ક્રિયા માટે મહત્તમ પીએચ પ્રદાન કરે છે અને ખોરાકમાં પ્રવેશતા સૂક્ષ્મ જીવાણુંઓને મારી નાખે છે.

- **નાના આંતરડા :**

પેટમાં પ્રક્રિયા કર્યા પછી, ખોરાક પાઇલોરીક કોન્ટ્રાક્ટાઇલ સ્નાયુ દ્વારા નાના આંતરડામાં પસાર થાય છે. પાચન અને શોષણ પ્રક્રિયાઓનો મુખ્ય ભાગ અહીં થાય છે. અહીં તે જુદા જુદા ત્રણ પ્રવાહી સાથે મિશ્રિત છે.

❖ પિત્ત એસિડ, પિત્ત યકૃત દ્વારા ઉત્પન્ન થાય છે અને તે પછી પિત્તાશયમાં સંગ્રહિત થાય છે. પિત્તાશયમાં હાજર પિત્ત ખૂબ કેન્દ્રિત છે.

❖ સ્વાદુપિંડ દ્વારા બનાવેલ પાચક રસ.

❖ આલ્કલાઇન મ્યુકોસલ પટલના આંતરડાના ઉત્સેચકો. આ ઉત્સેચકોમાં માલ્ટેઝ, લેક્ટેઝ અને સુક્રેઝ, ટ્રીપ્સિન અને કિમોટ્રીપ્સિન સામેલ છે.

જ્યારે નાના આંતરડામાં પીએચ સ્તર બદલાય છે અને ધીમે ધીમે સહ-આલ્કલાઇન બને છે, ત્યારે વધુ ઉત્સેચકો સક્રિય થાય છે જે વિવિધ પોષક તત્ત્વોને નાના અણુઓમાં તોડી નાખે છે. જેથી તેઓ રૂધિરાભિસરણ અથવા લસિકા તંત્રમાં પ્રવેશ કરે. વિલી તરીકે ઓળખાતી નાની, આંગળી જેવી રચનાઓ, જેમાંથી દરેક નાના, વાળ જેવા માળખાઓથી ઘેરાયેલી હોય છે, જે આંતરડાના સપાટીના ક્ષેત્રમાં વધારો કરીને અને પોષક શોષણને વેગ આપીને પોષક શોષણમાં સુધારો કરે છે. શોષિત પોષક તત્ત્વોથી ભરેલું લોહી નાના આંતરડામાંથી હિપેટીક પોર્ટલ નસ દ્વારા કરવામાં આવે છે અને યકૃતમાં જ્યાં તે ફિલ્ટર થાય ચે ત્યાં લઇ જવામાં આવે છે. અહીં ઝેર દૂર થાય છે અને પોષક પ્રક્રિયા થાય છે.

નાના આંતરડા અને બાકીની પાચન શક્તિ ખોરાકને ગુદામાર્ગમાં ખસેડવા અને પાચક રસ સાથે ભળેલા ખોરાકને શોષી લેવા માટે પેરીસ્ટાલિસીસ કરે છે.

- **મોટા આંતરડા :**

નાના આંતરડામાંથી પસાર થયા પછી, ખોરાક મોટા આંતરડામાં પ્રવેશ કરે છે. મોટા આંતરડામાં, પાચનની પ્રક્રિયા એલિમેન્ટરી માર્ગના બેક્ટેરીયાને કાર્ય અને આથો લાવવા માટે

ખૂબ લાંબી હોય છે, જે નાના આંતરડામાં પ્રક્રિયા કર્યા પછી બાકી રહેલી કેટલીક સામગ્રીને તોડી નાખે છે. વિભાજનના કેટલાક ઉત્પાદનો શોષાય છે. મનુષ્યમાં, આ પદાર્થો ખૂબ જટીલ સેચરાઇડ્સનો સમાવેશ કરે છે.

મનુષ્યમાં મોટા આંતરડા લગભગ ૧.૫ મીટર લાંબા હોય છે અને તેમાં ત્રણ ભાગો હોય છે : સેકમ, કોલોન અને ગુદા માર્ગ. કોલોનમાં પણ ચાર ભાગ હોય છે : ચડતા કોલોન, ટ્રાન્સવર્સ કોલોન, ઉતરતા કોલોન અને સીગ્માઇડ કોલોન. મોટી આંતરડા અન્નનળીમાંથી પાણી શોષી લે છે. ખાદ્ય ઉત્પાદનો કે જે વિલીમાંથી પસાર થઇ શકતા નથી, જેમકે સેલ્યુલોઝ (ડાયેટરી ફાઈબર), શરીરના અન્ય કચરો ઉત્પાદનો સાથે ભળી જાય છે અને સખત અને કેન્દ્રિત સ્ટુલ બને છે. આ સ્ટુલ ચોક્કસ સમયગાળા માટે ગુદામાર્ગમાં રહે છે અને તે પછી સંકોચન અને આરામથી ગુદા દ્વારા શરીરમાંથી બહાર કાઢવામાં આવે છે. આ નકામા પદાર્થનું બહાર નીકળવું એ ગુદાના કોન્ટ્રાક્ટાઇલ સ્નાયુ દ્વારા નિયંત્રિત થાય છે.

સસ્તન પ્રાણીઓમાં પાંચ હોર્મોન્સ હોય છે, જે પાચનમાં મદદ કરે છે અને નિયંત્રણ કરે છે.

- **હોર્મોન્સ :**

❖ **ગેસ્ટ્રીન :** પેટમાં જોવા મળે છે અને પેસ્ટીનોજેન (પેપ્સિન એન્ઝાઇમનું નિષ્ક્રિય સ્વરૂપ) અને હાઇડ્રોક્લોરીક સિડ સ્રાવ માટે ગેસ્ટ્રીક ગ્રંથિઓને ઉત્તેજીત કરે છે. ગેસ્ટ્રીનનો સ્રાવ પેટમાં ખોરાકના આગમનથી શરૂ થાય છે. લૉ પીએચ આ સ્રાવને અવરોધે છે.

❖ **સિક્રેટીન :** પાચનતંત્રમાં થાય છે અને સ્વાદુપિંડમાં સોડિયમ બાયકાર્બોનેટના સ્રાવની શરૂઆત કરે છે અને યકૃતમાં પિત્તનું સ્રાવ ઉત્તેજીત કરે છે. આ હોર્મોન કાઇમની એસિડિટીએ પ્રતિક્રિયા આપે છે.

❖ **ચોલેસિસ્ટોકિનીન (સીસીકે) :** પાચનતંત્રમાં થાય છે અને સ્વાદુપિંડમાં પાચક ઉત્સેચકોના સ્રાવને શરૂ કરે છે અને પિત્તાશયમાં પિત્તનું સ્રાવ ઉત્તેજીત કરે છે. જ્યારે કાઇમમાં ચરબી હોય ત્યારે આ હોર્મોન સ્રાવ થાય છે.

❖ **ગેસ્ટ્રીક ઇનહિબિટોરી પેપ્ટાઇડ (જીઆઈપી) :** પાચક તંત્રમાં થાય છે અને પેટમાં મંથન ઘટે છે. જેનાથી પેટમાં પેટ ખાલી થવાનું ધીમું થાય છે. આનું બીજું કાર્ય ઈન્સ્યુલીનના સ્રાવને પ્રેરીત કરવાનું છે.

❖ **મોટીલીન :** પાચનતંત્રમાં જોવા મળે છે અને ગેસ્ટ્રોઇન્ટેસ્ટીનલ ગતિશીલતાના મ્યોઇલેક્ટ્રીક જટીલ ઘટકને વધારે છે અને પેપ્સિનના ઉત્પાદનને ઉત્તેજીત કરે છે.

સામાન્ય રીતે કાર્યરત પાચનતંત્રમાં પીએચ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મોં, અંડકોશ અને અન્નનળીનો પીએચ સામાન્ય રીતે ૬.૮ હોય છે, જે ખૂબ જ નબળા એસિડીક હોય છે. લાળ પાચનતંત્રના આ ક્ષેત્રમાં પીએચને નિયંત્રિત કરે છે. લાળમાં લાભ એમીલેઝ હોય છે અને તે કાર્બોહાઇડ્રેટ્સના ભંગાણને મોનોસેકરાઇડ્સમાં શરૂ કરે છે. મોટાભાગના પાચક ઉત્સેચકો પીએચ માટે સંવેદનશીલ હોય છે. પેટમાં પીએચ એ ખૂબ એસિડીક હોય છે અને કાર્બોહાઇડ્રેટ્સના ભંગાણને અટકાવે છે. જ્યારે તેઓ ત્યાં હોય છે. પેટમાં આ તીવ્રતાવાળું એસિડીક પદાર્થોના બે ફાયદા છે. નાના આંતરડામાં વધુ પાચનમાં પ્રોટીનને ઘટાડવાની સાથે સાથે વિશિષ્ટ રોગપ્રતિકાર શક્તિ પણ પૂરી પાડે છે, જે વિવિધ પેથોજન્સને ધીમું કરે છે અથવા મારી નાખે છે.

પાચન એક જટીલ પ્રક્રિયા છે, જે ઘણા પરિબળો દ્વારા નિયંત્રિત થાય છે.

***આવતા અંકમાં પાચન તંત્રના રોગો વિશે વાત કરીશું.***

## અમે તો...

હયાતિના હવન માંડ્યા કરમના કૂંડ કીધા માપી
શ્વાસોશ્વાસના સમિધ લઈ ચેતનાની ચિનગારી ચાંપી... અમે તો...

આત્માગ્નિ પ્રગટાવી એમાં ષડરીપુ હવિસ હોમ્યા
અજપા જપથી શ્લોક જપ્યા એમ ત્રીવેણીતાર સાધ્યા... અમે તો...

દુનિયા આખી પીળાની પાછળ અમે પીડાને પામ્યા
પીડાનો કર્યો પ્રસાદ દુ:ખના ડુંગર વાટી બનાવ્યા દડિયા... અમે તો...

સગા સંબંધી આઘા ખસ્યા અમે એ જોઈ ખૂબ હસ્યા
એના હવન પીળા માટે અમારા હવન જોઈ ન શક્યા... અમે તો...

અનિત્ય આનંદ અધિક આપે સંસારી સઘળા એ માગે
સુખ ઉજાશ મીઠાશને માણે આવે એ જાય કોઈ ન જાણે... અમે તો...

શાશ્વત સત્ય તો છે જગે તિમિર, દુ:ખ ખારાશ ખરે
પ્રભુનો પ્રસાદ માન્યો પીડાને અન્યને એ જ્ઞાન કેમ મળે... અમે તો...

પીડાને પ્રેમે સ્વિકારી અમે શાંતિ, સંતોષ, જ્ઞાન માણ્યો
હવનની ભસ્મ દેહે લગાવી દેહ ભસ્મ થવાનો ભય ટાળ્યો... અમે તો...

*'ઇક્ષણ' હીરાલાલ એન. સોની - ગાંધીધામ, કચ્છ*
*મો. ૯૪૨૬૪ ૫૧૪૯૫*

# ડિજીટલ ટંકશાળ

જયેશ ઘડિયાળી

'ટંકશાળ' નામ સાંભળતા જ આપણે ૫૦૦ વર્ષ પાછળ જતા રહીએ છીએ. પરંતુ 'ડિજીટલ' સાંભળતા જ પાછા આધુનિક યુગમાં આવી જઈએ છીએ. ટંકશાળ એટલે કે જ્યાં આર્થિક વ્યવહાર માટે રાજાઓ પોતાના ચલણો છપાવતા કે બનાવતા. આ ચલણો સિક્કાના સ્વરૂપમાં હતા. જેમાં રાજાની પ્રતિષ્ઠા પ્રમાણેની ધાતુ જેમ કે ત્રાંબુ, પિત્તળ, જસત, ચાંદી કે સોનું હતું. આપણા કચ્છનાં રાજા મહારાવ ખેંગારજીએ પણ એમનું ચલણ ૧૮૬૬માં બહાર પાડ્યું હતું. જેમાં કોરી, ઢીંગલો, પાંચિયું, કાણિયો વગેરે ચલણમાં હતા.






જેમ જેમ સમય બદલાતો ગયો તેમ તેમ દુનિયામાં અન્ય રાજાઓ એકબીજાના પરિચયમાં આવવા લાગ્યા. દરેકનાં ચલણો એકબીજાના વેપાર વિનિમયમાં વાપરવા લાગ્યા. સાતેક દાયકા પહેલાં અંગ્રેજો ઘણા બધા દેશો પર રાજ કરતા હતા, તે દરેક દેશમાં તેમનાં રાજા અને રાણીઓના ચિત્રોવાળા સિક્કાઓ ચલણમાં મૂક્યા હતા. અંગ્રેજો અને સ્પેનિશ લોકો પ્રાચીન અમેરિકામાં પણ રાજ કરતા હતા.

૪ જુલાઈ, ૧૭૭૬ના રોજ અમેરિકા સ્વતંત્ર થયું. પછી ૧૭૯૨માં અમેરિકાનું ચલણ ડોલર અસ્તિત્વમાં આવ્યું. અમેરિકાએ દુનિયાના અન્ય દેશો સાથે વેપાર શરૂ કર્યો અને પોતાની આર્થિક તાકાત બતાવવા સમગ્ર દુનિયામાં ડોલરનું ચલણ વ્યવહારમાં લેવા માટે વેપારીઓને ફરજ પાડી. ત્યારબાદ ડોલરના સિક્કા અને કાગળના સ્વરૂપમાં નાણું અસ્તિત્વમાં આવ્યું.

સમયાંતરે ચલણનું સ્વરૂપ પણ બદલાતું ગયું. હવે સમગ્ર દુનિયાના ચલણમાં સિક્કાનું સ્થાન કાગળે લઇ લીધું. ઇ.સ. ૬૦૦માં દુનિયાનું સૌપ્રથમ કાગળનું ચલણ ચીને બનાવ્યું પરંતુ તે વખતે ચીન દુનિયાના અન્ય દેશો સાથે વ્યાપાર કરતું ન હોવાને કારણે કોઈએ તેની નોંધ લીધી નથી. આ કાગળના સ્વરૂપમાં છપાતા ટંકશાળને સીક્યોરીટી પ્રેસ / મિન્ટ નામ આપવામાં આવ્યું. આમ, ચલણની સાથે ટંકશાળ પણ આધુનિક બની. ટેકનોલોજીમાં સમય પ્રમાણે ઇલેક્ટ્રોનિક યુગ આવ્યો. ૧૯૪૫ની આસપાસ ઇલેક્ટ્રોનિકનાં ઉપકરણો વ્યવહારમાં આવવા લાગ્યા.

અમેરિકન મોજશોખ લક્ષી પ્રજાની જરૂરિયાત સમજીને ડાયનર્સ ક્લબે સૌપ્રથમ એક કાર્ડ બનાવ્યું. જે કાર્ડ દ્વારા

મોજશોખનાં પૈસાની ચૂકવણી થઈ શકે. આ આર્થિક વ્યવહાર જોયા બાદ અમેરિકન એક્સપ્રેસ કંપનીએ દુનિયાનું સૌપ્રથમ ક્રેડિટ કાર્ડ બનાવ્યું. જેમાં ગ્રાહકને જે તે વસ્તુ કે ઘરનો સામાન ખરીદવો હોય તો તેમને નક્કી કરેલ દિવસ પ્રમાણે, આવા કાર્ડ પર ઉધારી મળતી અને પછી તેની ચૂકવણી કરી દેવાની. આમ, ૧૯૫૮માં દુનિયાનું સૌપ્રથમ પ્લાસ્ટીક ચલણ અમલમાં આવ્યું. હવે ટંકશાળનું સ્વરૂપ પાછું બદલાયું. ક્રેડિટ કાર્ડ રૂપી પ્લાસ્ટીક કરન્સી છાપવા માટે કોમ્પ્યુટરનો ઉપયોગ થવા લાગ્યો. આમ, દરેક વ્યક્તિનું સ્વતંત્ર કાર્ડ બન્યું. જેના દ્વારા તે કાંઈપણ ખરીદી શકે. એટલે કે હરતું ફરતું ટંકશાળ. પોતાના કાર્ડ દ્વારા પૈસાની ચૂકવણી કરવાની.

સમય જતાં પ્લાસ્ટીક કરન્સી ધારકને છેતરપિંડીના અનુભવ થવા લાગ્યા. ક્રેડિટ કાર્ડમાં સીક્યોરીટીનાં અનેક પાસાંઓનું ધ્યાન રાખીને તેની ડિઝાઈન બનાવવામાં આવી.

આ કાર્ડના ઉપયોગમાં એક નવું સ્વરૂપ ઉમેરાયું. આ કાર્ડ દ્વારા ગ્રાહક બેંકના નાણાં બેંકમાં ગયા વગર ઉપાડી શકે તેવા એ.ટી.એમ. મશીન બન્યા. એટલે કે તમારા માટે તમારી પોતાની ટંકશાળ. આમ, ટંકશાળનું આ ચોથું સ્વરૂપ અમલમાં આવ્યું. કોમ્પ્યુટરનો જન્મ થઈ ચૂક્યો હતો. ડિજીટલ ટેકનોલોજી ધીમે ધીમે ખૂબ જ મોટું સ્વરૂપ ધારણ કરી ચૂકી હતી. સમય પ્રમાણે લોકો કોમ્પ્યુટર દ્વારા વ્યવહારો કરતા થયા. વ્યાપારમાં પૈસાની લેવડ દેવડ, હવે આંકડાઓની રમત થઈ ગઈ. વેપાર ઉદ્યોગની લેવડ દેવડ ફક્ત ડિજીટલ પેમેન્ટ તરીકે અસ્તિત્વમાં આવી. તમામ આંતરરાષ્ટ્રીય વેપારનાં વ્યવહારો ડિજીટલ પેમેન્ટ માધ્યમથી થવા લાગ્યા. પરંતુ સૌથી મહત્ત્વની વાત એ હતી કે દરેક વ્યવહારમાં ચલણ ફક્ત એક જ રહેતું હતું – તે હતું ડોલર. દરેક વસ્તુની કિંમતમાં ડોલર જ લખાતું અને દુનિયાના દરેક દેશો પોતાની પ્રોડક્ટની કિંમત ડોલરમાં લખવા લાગ્યા.



આંતરરાષ્ટ્રીય બજારમાં ડોલરના ચલણને લીધે બજારમાં ગેરરીતિઓ બહુ જ થવા માંડી. ૧૯૮૨માં કેલીફોર્નિયામાં ચૌમ નામના પ્રોગ્રામરને ડિજીટલ કરન્સીનો વિચાર આવ્યો. તેણે પોતાની ડિજીકેશ પેટન્ટ બનાવી, જે પેટન્ટ દ્વારા ગ્રાહક પોતાની બેંક મારફત આવા વ્યવહારો કરી શકે. એટલે એણે બેંકોને આવા સોફ્ટવેર આપવાનું નક્કી કર્યું. પરંતુ બેંકોને આ બહુ જ એડવાન્સ લાગ્યું અને આ ડિજીટલ પેમેન્ટનાં વ્યવહાર માટે જોખમ લેવા માંગતા ન હતા. ત્યારબાદ ૧૯૮૯માં તેણે Cryptograpic Protocols તૈયાર કર્યા. ૧૯૯૬માં આવા પ્રોગ્રામ બનાવવા માટે સોફ્ટવેર એન્જિનિયર તૈયાર કર્યા. ત્યારબાદ ૨૦૦૩માં આનું નામ Cyber Bucks નામ આપવામાં આવ્યું. પરંતુ આ ડિજીટલ કરન્સી માટે કોઈ માનસિક રીતે તૈયાર ન હતા.




ત્યારબાદ આવા જ એક સોફ્ટવેર એન્જિનિયર સતોષી નાકામોટોએ ૨૦૦૯માં ક્રિપ્ટો કરન્સી બનાવી અને તેણે આનું નામ 'બીટકોઈન' આપ્યું. અને આ બીટકોઈનનો સૌથી પહેલો વ્યવહાર એણે પીઝા ખરીદવા માટે કર્યો હતો. જો કે દુનિયામાં બીટકોઈનનાં મૂલ્યને ડોલરમાં કરવામાં આવે છે.

આ બીટકોઈન એટલે કે Crypto Currency નો સૌથી મોટો ફાયદો એ છે કે તે Block chain ટેકનોલોજીમાં કામ કરે છે. બ્લોક ચેઈન ટેકનોલોજી નેટ બેન્કિંગ કે ઓનલાઈન શોપિંગના આર્થિક વ્યવહારો કરવામાં સૌથી સુરક્ષિત છે. એટલે કે હવે ટંકશાળનું પાંચમું સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું.

જેમ રાજાઓ પોતાના સિક્કાઓ છપાવતા, એવી જ રીતે આ ક્રિપ્ટો કરન્સીમાં ઘણી બધી ફાઈનાન્સ કંપનીઓ આવી ગઈ છે. દરેકનો પોતાનો એક કોઇન સ્વરૂપ આઇકન હોય છે. આવી અત્યારે ૮ કંપનીઓની પોતાની ક્રિપ્ટો કરન્સી છે, જે આંતરરાષ્ટ્રીય વેપારમાં વપરાય છે. શેર બજાર, કિંમતી ધાતુ, ક્રુડ ઓઇલ જેવા મોટા સોદાઓ માટે હવે આ કરન્સીનો ઉપયોગ થવા લાગ્યો છે.

તમે પણ તમારી પોતાની ક્રિપ્ટો કરન્સી બનાવી શકો છો. આમ, ટંકશાળના અંદાજે ૭૦૦ વર્ષના ઇતિહાસમાં જુદા જુદા સ્વરૂપો બદલાયા.

# તણાવ : આધુનિક જીવનનો ભાગ

લીપ્સા સોની - ભુજ

## ટેન્શન અટકાવવા જાણો : કારણો, નિદાન અને ઉપચાર
## "કેમ કહેશો ટેન્શનને બાય બાય...!"

આમ તો તણાવ યાને ડિપ્રેશન અથવા તો ટેન્શન યુગો યુગોથી કહેવતા આવતો એક માનસિક રોગ છે. સમય અનુસાર તેની તાસીર બદલાતી રહે છે. હવે આ વર્તમાન અને આધુનિક યુગમાં તો વાત વાતમાં 'મને ટેન્શન છે', 'મને મજા નથી આવતી' – દરેકના સ્વમુખે સાંભળવા મળે છે.

એટલી હદમાં આ શબ્દ પ્રચલિત થયો છે કે, ટેન્શનને ફેશનનું સ્વરૂપ આપી દીધું છે. અર્થાત્ ટેન્શનની વાત કરવી એટલે ફેશનેબલ લાગવું. આપણે ખૂબ જ વ્યસ્ત છીએ એવો સંદેશ પ્રસારિત (Broadcast) થશે. ટુંકમાં, હવે આ શબ્દ આધુનિક જીવનનો ભાગ બની ગયો છે.

આપણી આસપાસ નજર કરીશું તો એવા સંવાદ સંભળાશે જેમકે : "અરે યાર! હું ઓફિસમાં છું, ટેન્શન ચાલે છે. પછી વાત." ઘરમાં પણ "પપ્પા મુડમાં નથી" એવું બાળકો પણ બોલતા થઈ ગયા છે. પત્ની ઘણીવાર પતિને પૂછે છે, "ઊંઘ નથી આવતી, કંઈ ટેન્શન છે?"

સહેજ હવે સવાલ ઊભો થાય, કે આ ટેન્શન વળી કઈ બલા છે? છે શું? એક માનસિક સ્થિતિ છે. આપણું ધાર્યું થાય નહીં અને જે સંભવિત (Potential) પરિણામ એનાથી ઉદ્ભવે (Emerges), એના વિચારથી જે ઉદ્ભવે એનું નામ ટેન્શન... જેમ કે પરીક્ષા હોય, નોકરી માટે ઇન્ટરવ્યુ આપવાનો હોય ત્યારે એકાએક રોગના લક્ષણો દેખાય.

હાલ કોરોના ચાલી રહ્યો છે ત્યારે, મને કોરોના તો નહીં થાય ને? આવા વિચારોની શૃંખલા આપણા દિમાગમાં કબજો લઈ લે ત્યારે ટેન્શન જન્મ લે છે અને એની માત્રા ધીમે ધીમે વધે છે અને આખરે આપણા જીવનનો ભાગ બની જાય. પછી તો દરેક બાબતમાં અશુભ જ વિચાર આવે, નકારાત્મક (નેગેટીવ) પરિણામો જ દેખાય એટલે ટેન્શન...

આમ, ટેન્શન સહજ બાબત છે. દરેક માનવીએ સંઘર્ષ કરવો પડે છે. સંઘર્ષ ન હોય એવું માનવ જીવનમાં અશક્ય છે. એવો સંઘર્ષ ઘરમાં, ઓફિસમાં, અખબારોના ડેસ્ક ઉપર, રાજકારણમાં, કારોબારમાં – એમ દરેક ક્ષેત્રમાં હોય છે.

- **તો આ ટેન્શન થાય નહીં એ માટે શું કરવું?**

આપણે ઉપર જોયું કે આ આધુનિક યુગમાં સંઘર્ષ છે તેમાં ખાસ પરિબળો (Factors) મહત્ત્વનો ભાગ ભજવે છે. તેની સીધી રીતે તો નિયંત્રિત કરી શકાય એમ નથી. કેટલીક વસ્તુ આપણા હાથમાં નથી હોતી. જેમકે બસ મોડી આવવી, સવારે અખબાર મોડું આવવું, રોગચાળો ફાટી નીકળવો, વાવાઝોડાની દહેશત વગેરે... આ તમે કેમ અટકાવી શકશો? એ શક્ય નથી એટલે સ્વીકારીને ચાલવું જ પડે. દરેકના કારણો પણ અલગ હોય છે. એકને જે વાતથી ટેન્શન થાય, એ વાતનું બીજાને ના પણ હોય. જેમકે તમને પેટમાં ગાંઠ છે તો તમને ટેન્શન હોય પણ એ વાતનું ટેન્શન ડૉક્ટરને ના હોય! એટલે કારણ જાણવું મહત્ત્વનું છે.

જો તમે કારણ જાણી લો, તો અડધો પ્રશ્ન ઉકેલાઇ જશે. મુખ્યત્વે દરેક પ્રશ્નનું તબક્કાવાર અર્થઘટન કરવું જરૂરી છે. કોઈપણ પરિસ્થિતિનો સ્વીકાર કરી લો અને વર્તમાનમાં જીવો. કાલ કોણે જોઈ છે? પણ એનો અર્થ એવો પણ નથી કે બધું છોડી દેવું! બનાવનું કારણ જાણી તેનો જાતે જ અથવા કુટુંબ અથવા મિત્રો સાથે બેસીને સમાધાન મળી જાય તો કોઈપણ ટેન્શન નહીં રહે.

ઘણાને મૃત્યુનો ડર સતાવે છે. હૃદય રોગ, કેન્સર, બ્લડ પ્રેશર વગેરેનું દબાણ રહે છે એટલે મૃત્યુના વિચારો આવે છે. મનોચિકિસ્તક કહે છે કે તમે તેના ઉપાય મુજબની દવા લો, વોકિંગ કરો, ખાવામાં સંયમ રાખો, દિનચર્યા બદલો. છતાં એવું લાગે કે હજુ કંઈક છે તો આપણા વડવા કહી ગયા છે "છઠની સાતમ ના થાય" – આ ઉક્તિને યાદ કરો, પછી જુઓ. અને એક વાત ચોક્કસ છે, દરેક બાજુની એક સકારાત્મક બાબત હોય છે કે ભગવાન જે કરે તે સારું જ કરે છે. તમારી પરિસ્થિતિ બદલાઈ જશે.

ખેર! આ તો વિચારવાનું અર્થઘટન થયું પણ મનોચિકિત્સકો આગળ વર્ણન કરે છે કે યોગ કરો, વધુ ટેન્શન થાય તો ઊંડા શ્વાસ લો. તમારું ટેન્શન હળવું થઈ જશે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ અચેતન (Unconscious) મનમાં ઘૂસી ગયેલી વસ્તુ બહાર લાવવા માટે ખોટા વિચારો દૂર કરવા આપણા શરીરમાં આંતરિક સાત ચક્રો જાગૃત કરો. આપણે સકારાત્મક વિચારો દ્વારા પરિસ્થિતિ બદલી શકીએ.

જોકે ઘણા મનોચિકિત્સક એવું પણ કહે છે કે મગજનો તણાવ દૂર કરો, મનપસંદ ગીત સાંભળો, ધાર્મિક પુસ્તકો વાંચો, અધ્યાત્મની પુષ્ટિ કરો. છેવટે ભલું થવાની દિશામાં જ આગળ વધી શકાશે. આમ, હવે જ્યારે આધુનિક યુગમાં સ્ટ્રેસ માનવ જીવનનો પર્યાય બની ગયો છે ત્યારે ગભરાયા વિના, કારણ - નિદાન - ઉપચાર જાણી લ્યો. અંતે જરૂર પડે તો મનોચિકિત્સકની સલાહ લો...

અને હા, વર્તમાનમાં જીવો. આજની અને વર્તમાનની ક્ષણને માણો. પછી જુઓ "ટેન્શનને તમે ટેન્શન આપશો!!"

***"કહો ટેન્શનને બાય બાય..."***

## આજનો યુવામંત્ર : મોજમાં રહેવું, ખોજમાં રહેવું

કૃપા આદિત્ય પરમાર - નડિયાદ

આ ૨૧મી સદી એટલે યુવાનોની સદી. આ સમયમાં યુવાનોએ જેટલી હરણફાળ ભરી છે, તે અકલ્પનીય છે. આજનો યુવા વર્ગ સતત ઉડવા માટે તૈયાર છે અને તેના માટે ગમે તે કરી છુટે છે. ફળદ્રુપ બુદ્ધિનો સ્રોત છે યુવાવર્ગ અને આ ફળદ્રુપ બુદ્ધિનો પૂરેપૂરો ઉપયોગ કરવો એ જવાબદારી છે આપણા વડીલોની. આજના યુવાનોને આઝાદીથી વિશેષ વહાલ છે પરંતુ જરૂર પડે ત્યારે તે યોગ્ય સમયે તે નિર્ણય લેવા માટે સલાહ લેવામાં પણ પાછળ પડતો નથી.

આજનો યુવાન સ્માર્ટ વર્ક કરવામાં માને છે. કલાકનું કામ ૧૦ મિનિટમાં કેમ થાય તે શોધે તે યુવાન. વર્ક મેનેજમેન્ટના સૂત્રોને કઈ જગ્યાએ કેવી રીતે વાપરવા તે આજનો યુવાવર્ગ બખૂબી જાણે છે.

યુવાન અલગારી હોય, દુનિયાના ખૂણે ખૂણાની શોધનો ફાળો યુવાનને જાય છે. મોજની સાથે નવી નવી ખોજનો આજના યુવાનોને નશો છે. યુવાન એટલે સ્કુટર સમજી લ્યો. સેલ્ફ સ્ટાર્ટ હોવા છતાં ક્યારેક કીક તો મારવી જ પડે છે. ક્યારેક ચાલતા-ચાલતા બંધ પણ પડી જાય છે. પણ છતાય સફર ચાલુ રાખે તે યુવા દિલ. ભારત, એ યુવાનોનો દેશ છે. આજે જેટલું ઈન્વેસ્ટમેન્ટ યુવાનો પર કરવામાં આવશે તેનું દસગણું રીટર્ન મળશે દેશને! અને આજે જોઈએ તો તેની શરૂઆત પણ થઈ ગઈ હોય તેવું લાગે છે. આજે દરેક ક્ષેત્રમાં ભારતનો ડંકો વાગ્યો છે. આખા વિશ્વમાં આજે દેશની ફરજ જરા આંગળી આપવાની છે. પછી આખેઆખા દેશને સંભાળવાની જવાબદારી આજનો યુવાન પોતે પોતાના ખભા ઉપર ઉપાડવા તૈયાર છે. ૨૧મી દીને જ્ઞાન યુગનું નામ અપાયું છે ત્યારે ટેકનોલોજીના વિકાસમાં પોણા ભાગનો ફાળો યુવાનોને ભાગે જાય છે. ફળદ્રુપ મગજના યુવાનોની દિમાગી પેદાશ વિશ્વને ઓર સરળતાના પૈગામ પર લઇ જઈ રહી છે. યુવા વિચારો દેશમાં પણ ક્રાંતિ લાવે છે. આના ઉદાહરણો તો આપણે વર્ષોથી જોતા આવ્યા છીએ. ભગતસિંહ, સ્વામી વિવેકાનંદ – આના માટે મોટા ઉદાહરણો છે.

અગર આજના યુવાનને વારસામાં ફેમિલી બિઝનેસનો હિસ્સો સંભાળવાની તક મળે છે, તો એ પેઢીમાં પણ તે સમય મુજબ ફેરફાર થાય એવું ઝંખશે અને પરિવારને પણ પરિવર્તન માટે પ્રોત્સાહિત કરશે. યુવાનની શ્રદ્ધા પોતાની જાતમાં જ છે. દેશની સૌથી વધુ આશાઓ યુવાનો પર ઇન્વેસ્ટ કરેલી છે. યુવાન તો પડે ને પડે, ભૂલોમાંથી જ તે શીખશે. ઘણા યુવા મિત્રો ડિપ્રેશનનો ભોગ બન્યા છે. માનસિક તાણ અનુભવતા તેઓ પોતાની લાગણી શે'ર નથી કરી શકતા અને અંદર ને અંદર મુંઝાયા કરે છે. આ સમયમાં સ્વસ્થ મન વિકાસમાં વધુ મદદરૂપ બને છે.

નો ડાઉટ, આજના યુવાનને પૈસા કમાવા છે. પરંતુ તેની પાછળ તે સંપૂર્ણ મટીરીયાલિસ્ટીક નથી. આજના યુવાનને રીસોર્ટમાં એક જગ્યાએ રહેવામાં રસ નથી. તેને તો દેશ-વિદેશ ખૂંદવામાં રસ છે. યુવાનો ફ્લેક્સીબલ છે. સમય સાથે બદલાતા તેઓને આવડે છે. આજનો યુવાન અનુભવ માટે ખર્ચ કરવા તૈયાર છે. એટલે જ તો આજનો યુવામંત્ર છે : "મોજમાં રહેવું, ખોજમાં રહેવું."

### મળે ના મળે...

વર્તાય છે મંજૂરી કુદરતની આજ,
આ મંજૂરી ફરી મળે ન મળે!
જીવી લેવી છે આ અદ્‌ભુત ક્ષણ,
આ ક્ષણ ફરી મળે ન મળે!
દિવસ ઊગ્યો છે આપણે સંગ,
આ દિવસ ફરી મળે ન મળે!
સઘળું સુખ જણાય આજ,
આ સુખ ફરી મળે ન મળે!
રાહ જોવાનો સમય નીકળ્યો આજ,
આ સમય ફરી મળે ન મળે!
નસીબ એ કદાચ આપ્યો સાથ,
આ સાથ ફરી મળે ન મળે!
'ભક્તિ'માં તારી લીન થવું મને,
આ તલ્લીનતા ફરી મળે ન મળે!

*– ભક્તિ સોની*

### હે ગોવિંદ... હે કોરોના...

વિશ્વ પર તું દયા તો કર
થોડી થોડી તું કૃપા તો કર...
વિશ્વ આખું ડરી રહ્યું છે
ઘરના સભ્યો મરી રહ્યા છે
નાના મોટા ડરી રહ્યા છે... હે...
મંદિર મસ્જિદ બંધ થયા,
ભગવાન તમે પણ છુપાઈ ગયા
હવે ક્યાં જવું... કોને કહેવું... હે...
વિશ્વ આખું સમજી ગયું
ગોડ આખીર ગોડ છે
કોરોનાએ સમજાવી દીધું... હે...

*– ચંદ્રિકા દિનેશ પરમાર*

# લોકડાઉનમાં બાળકોના સર્વાંગી શિક્ષણ

**લતાબેન સોલંકી - ભુજ**

'શિક્ષણ જીવનની તૈયારી નથી, પરંતુ શિક્ષણ જ જીવન છે.'' જોન ડેવિની આ પંક્તિ શિક્ષણ જીવનનો સાર આપે છે. આશરે ૧૫ મહિનાથી દુનિયા કોવિડ-૧૯ની મહામારી સામે કૂચ કરી રહી છે ત્યારે સૌથી વધુ દિનચર્યા પરિવર્તન થયું હોય તો તે બાળકોનું છે. કોવિડ-૧૯ પહેલા સૌથી વ્યસ્તતાસભર દિનચર્યામાંથી ૧૫ મહિનાથી મહત્તમ ત્રણથી ચાર કલાકની વ્યસ્તતારૂપી દિનચર્યા રહી છે ત્યારે બાળકોના સર્વાંગી વિકાસ માટે પરિવાર દ્વારા બાળકોની દિનચર્યાને અલગ રૂપ આપી તેમનામાં રહેલી શ્રેષ્ઠતાને બહાર લાવી શકાય. આ માટે સૌપ્રથમ બાળકોના સ્વાસ્થ્ય માટે પ્રાતઃકાળમાં તેમને યોગ અને ધ્યાનનું મહત્ત્વ સમજાવી, તેમની વય અનુસાર યોગ્ય યોગાસન અને ત્યારે સમય મર્યાદા નક્કી કરી તેમને શારીરિક તથા માનસિક દૃષ્ટિએ સુદ્રઢ બનાવી શકાય. ત્યારબાદ આજે જ્યારે શાળાઓમાં શારીરિક રીતે શિક્ષણ બંધ છે ત્યારે બાળકની શાળાના ઓનલાઇન ક્લાસીસના સમય અનુસાર બાળકો પોતાના અભ્યાસમાં યોગ્ય રીતે ધ્યાન આપે, અભ્યાસ કરે તથા શાળા દ્વારા અપાતું ગૃહકાર્ય યોગ્ય સમયે કરે તે બાબત પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે. કારણકે બાળક ગમે તે વર્ગમાં હોય પરંતુ તેનું અભ્યાસિક વર્ષ તેના માટે ખૂબ જ મહત્ત્વનું છે. જેમ પગથિયા ચડવામાં જ્યારે આપણે એક પગથિયું ચૂકી જઈએ ત્યારે હંમેશાં પગથિયા પરથી પડવાનો ભય રહે છે. તેવી જ રીતે બાળક કોઈ પણ વર્ગમાં હોય તે વર્ગ તેના માટે પગથિયું છે. તેથી તે ચૂકી ન જવાય તે જોવાનું કાર્ય એક બાળક તરીકે ખૂબ જ અગત્યનું છે. આ સાથે બાળક ઘરે રહીને પણ પોતાના ઘરની રીતિ સાથે વાકેફ થાય તે માટે તેમને તેમની શારીરિક ક્ષમતા અનુસાર ઘરની કામગીરીઓમાં તેમનું યોગ્ય યોગદાન લેવું એ પણ એટલું જ જરૂરી છે. આથી તેઓ ઘરની રૂઢિથી પણ ટેવાશે, ઘરની સ્વચ્છતા બાબતે પણ જાગૃત થશે અને સાથે તેઓની શારીરિક કસરત પણ થશે. આ ઉપરાંત ન માત્ર બાળક, પરંતુ પરિવારના દરેક સભ્યોનો યક્ષ પ્રશ્ન એટલે કે : આહાર. આજના યુગમાં માત્ર બાળકો જ નહીં પરંતુ મોટેરાઓને પણ સ્વાદિષ્ટ વાનગીઓ પસંદ હોય છે પરંતુ બાળકોને ફળ - શાકભાજી ઇત્યાદિથી થતા લાભ તથા આજના સમયમાં તેમની જરૂરિયાત સમજાવવાથી બાળક તેને પ્રેમથી આરોગશે તેવું તારણ છે. જરૂર છે તો માત્ર તેમને તેની મહત્તા સમજાવી, તેમની પાસેથી પ્રેમથી કાર્ય કરાવવાની. આ ઉપરાંત સાંજના સમયે પણ બાળકોને ઘરમાં થતી ધાર્મિક પ્રવૃત્તિ તથા ઘરમાં રમી શકાય તેવી, તેમના માનસિક વિકાસમાં ઉપયોગી થાય તેવી રમતો અથવા તો મોટેરાઓ દ્વારા કરવામાં આવતા વાર્તાલાપ ગોઠવી શકાય. જેથી તેમના સામાન્ય જ્ઞાનમાં વધારો થઈ શકે.

આજના વ્યસ્તતાભર્યા જીવનમાં આપણે મોબાઈલને જ તારણહાર માની, બાળકોને તે સોંપી, એક પાલક તરીકે આપણે આપણી જવાબદારી પૂર્ણ રીતે નિભાવી મુક્ત થયા એવું સંતોષ માની લઈએ છીએ. પરંતુ એ ક્યાંકને ક્યાંક બાળકને અંધકાર તરફ લઇ જાય છે અને એવા ઘણા કિસ્સા આપણે રોજબરોજ જોઈએ છીએ, વાંચીએ છીએ ત્યારે પાલક તરીકે જો આપણે થોડું વધારે પરંતુ ઉપયુક્ત યોગ્ય સમય અને ધ્યાન આપીએ, તો બાળકનો સર્વોત્તમ વિકાસ એ આપણે આપણા હાથ દ્વારા કરી શકીશું.

---

*નદીઓ ક્યારેય પોતાનું પાણી પીતી નથી.*
*વૃક્ષો કદીયે પોતાનાં ફળ ખાતાં નથી.*

*ઉદાર મનુષ્યોની સંપત્તિ હંમેશાં*
*અન્યોના કલ્યાણ માટે વપરાય છે.*

---

## "મા"

''મા'' તારી તો પ્રીત મને એવી લાગી,
કે સંસારની રીત મને ખોટી લાગી.

દૂર કરી છે દીકરીને આ સંસારની રીત,
''મા'' તું જ તો મને ખૂબ વ્હાલી લાગી.

તારા સ્મરણોમાં જ્યારે ખોવાઇ જાઉં છું,
ત્યારે આંખો ખૂબ ભીની થવા લાગી...

તારા નિઃસ્વાર્થ પ્રેમ જેવો બીજા નથી કોઈનો પ્રેમ,
જ્યારે હું રડી ત્યારે તારી આંખો પણ ભીની થવા લાગી...

જોઉં કોઈ સ્વપ્ન અને તેને પૂર્ણ કરવા મથું છું,
ત્યારે તારા આશિર્વાદરૂપી બોલી ફળવા લાગી...

સખી બની મારી વાતો સાંભળી અને,
''મા'' બનીને દુનિયાની ગૂંચવણમાંથી બહાર કાઢી...

નહીં ચૂકવી શકું કદી ઋણ હું તારું,
''મા'' મારા જીવનમાં ખૂબ મહત્ત્વ છે તારું...

''મા'' તારી તો પ્રીત મને એવી લાગી,
કે સંસારની રીત મને ખોટી લાગી...

*– ઉર્વિ દીપ*

# ઓહ! લોકડાઉન! આહ! લોકડાઉન!

**મીતા એન. સોલંકી**

*નમસ્તે મિત્રો,*

શિર્ષક વાંચીને બંને પરસ્પર વિરૂધ્ધ ભાવ દર્શાવતા શબ્દો 'ઓહ!' અને 'આહ!' – એ એક સાથે કેમ? એ વિચાર આવ્યો હશે.

કેવી કેવી ખરાબ સ્થિતિમાંથી આપણે સૌ, સમગ્ર વિશ્વ પસાર થઈ રહ્યું છે. તેમાંય બાળકોની અને માતા-પિતાની હાલત તો કફોડી થઈ ગઈ છે.

મિત્રો, જ્યારથી બાળકોએ બાલમંદિર કે નર્સરી સ્ટાર્ટ કર્યું હશે ત્યારથી અત્યાર સુધી આવો "ફ્રી" ટાઈમ ક્યારેય નહીં મળ્યો હોય. સ્કુલથી ટ્યુશન, વળી ટ્યુશનથી કોઈ કરાટે, તો કોઈ ડાન્સ, કોઈ પેઈન્ટીંગ ક્લાસ – આમ, સતત વિદ્યાર્થી અને મા-બાપ આમાં જ ગૂંચવાયેલા રહે છે. એક જ ઝાટકે બધું બંધ!

બધી દોડાદોડી, સ્પર્ધા, ભણતર, ક્લાસીસ, બધું જ બંધ!

કુદરતે આ સમય બાળકોને થોડો વિરામ આપી ભણતર સાથે ગણતરનો મોકો આપ્યો છે. પ્રેક્ટીકલ લાઈફમાં રોજબરોજના જીવનમાં કેટલીયે એવી આવડત છે, જે બાળકોને શીખવાનું રહી જતું હોય છે.

આજે આપણે નાની – પણ મહત્ત્વની વાતો, જે શિખવાડી શકાય, એ કઈ કઈ છે એ જોઈશું.

ભણવામાં નબળા રીઝલ્ટનું કારણ મનની એકાગ્રતાની કમી હોય છે. દોષારોપણ ન કરતાં ધ્યાનના ફાયદા બતાવી એ કરવા પ્રેરીશું...

ઉગ્રતા, ગુસ્સો, ડિપ્રેશન જેવા કારણોની વાત કરી માનસિક સ્વસ્થતાનું મૂલ્ય સમજાવવાનો બેસ્ટ ટાઈમ!

મોટા કુટુંબ, મોસાળ પક્ષ, સાસરા પક્ષ, નાનાણા વગેરેના સભ્યોને ખૂબી અને ખામી સાથે ઓળખવાનો બેસ્ટ ટાઈમ!

પોતાના કુટુંબની કોઈ ખાસિયત કે વિશેષતા વિશે બાળકને પરીચિત કરાવવાનો સમય!

જુદી જુદી ઓફિસોના નામ સાથે ક્યાં કયું કામ થાય એ જણાવવાનો બેસ્ટ ટાઈમ.

બેંકના કાર્ય કઈ રીતે થાય એ સમજાવવાનો બેસ્ટ ટાઈમ.

ઘરના નાના-નાના કાર્યો કપડા સાંધવા, બટન ટાંકવા, પોતુ કરવું, રસોઈ પીરસવી જેવા કામ કરાવવાનો બેસ્ટ ટાઈમ!

મેડી ક્લેઈમ, વીમા પોલીસીનું મહત્ત્વ, દસ્તાવેજોની જાળવણી, જૂના વિલનું મહત્ત્વ જેવી બાબતોની બેઝીક સમજ આપવાનો બેસ્ટ ટાઈમ!

તૂટેલી ચંપલ કેમ સાંધવી, સોય દોરાનું કામ કેમ કરવું? કાગળનું પડીકું કેમ વાલવું, વેસ્ટ વસ્તુમાંથી નવું સર્જનાત્મક કાર્ય તરફ કેમ વળવું – એ શીખવાનો બેસ્ટ સમય!

સ્કૂલ ચાલુ હોય ત્યારે આવી બાબતો શીખવી ગૌણ લાગતી હોય છે.

પરંતુ આવી નાની નાની બાબતો જેણે શીખેલી હોય છે એ ક્યારેય અચાનક આવી પડતી આફતથી ગભરાઈ નથી જતું અને ટેન્શનમાં આવ્યા વગર ઉપાય કરી લેતું હોય છે. આવી બાબતો ભણવામાં ક્યાંય નથી આવતી હોતી.

ઘર વપરાશના સાધનો, ડ્રીલ યુઝ કેમ કરવું? મિક્ષ્ચર, ઈસ્ત્રી, નળ રીપેર વગેરે બાબતોનો સમાવેશ કરી શકાય.

વૃક્ષારોપણ, ઉછેર, માવજત, સફાઈ વગેરે કરવાનો સૌથી સારો સમય વેકેશન!

બુટ પોલીશ, કપડા સૂકવવા - ગોઠવવા – દરેક બાળકને આવડવું જરૂરી.

બાથરૂમ ક્લિનિંગ શીખવાડવું જરૂરી.

ખાસ વાત! ફાઈનાન્સ, મની મેનેજ, રૂપિયાની સાચી સમજ, પોકેટ મની હિસાબ, ઘર વપરાશનો હિસાબ વગેરે બાબતો સ્કૂલમાં નહીં શીખવાડે. એ તો ઘરના સભ્યો જ શીખવાડી શકશે.

તો થયું ને આત્મવિશ્વાસથી ભરેલા વ્યક્તિત્વ વિકસાવવાનો સમયનો સદુપયોગ!

## અભિનંદન



**ધારા રવજીભાઈ બારમેડા (રવાપર)**

M.Ed. સેમેસ્ટર-૩ માં ૯૨.૧૬ ટકા સાથે 'O' ગ્રેડ મેળવી કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવેલ છે.



**જીનલ રાજેશભાઈ બારમેડા (રવાપર)**

M.Com. સેમેસ્ટર-૩ માં ૮૩ ટકા સાથે 'A+' ગ્રેડ મેળવી ઉત્તીર્ણ થયેલ છે.
(Tax. 90/100, Fi. Acc. 89/100)

**મહિલા કલમકાર**

# આનંદી પ્રકાશભાઈ બારમેડા

**કેશોદ (જી. જુનાગઢ)**

**સ્વ-પરિચય**



*નામ* : *આનંદી પ્રકાશભાઈ બારમેડા*
*જન્મ તારીખ* : ૦૧-૧૦-૧૯૮૫
*અભ્યાસ* : S.S.C.
*હાલ વસવાટ* : કેશોદ (જી. જુનાગઢ)
*મોબાઈલ નંબર* : ૯૬૨૪૮ ૬૩૧૪૯
*જો વ્યવસાયીક હો, તો તેની વિગત* : શ્રી આશાપુરા ગૃહ ઉદ્યોગ - કેશોદ
*પારીવારિક માહિતી* : પ્રકાશભાઈ બારમેડા (પતિ), નરસિંહભાઈ બારમેડા (સસરા), ઝવેરબેન બારમેડા (સાસુ), ભાવિનભાઈ બારમેડા (દિયર), કવિતાબેન બારમેડા (દેરાણી), મહેક બારમેડા (પુત્રી), વિદ્યા બારમેડા (પુત્રી), પ્રાર્થના બારમેડા (પુત્રી)
*વિશેષ શોખ (હોબી)* : ટ્રાવેલીંગ, વાંચન, સંગીત.
*લેખન અનુભવ* : નથી.
*'જ્ઞાતિસેતુ' માટે લખવાનું ક્યારથી શરૂ કર્યું?* : પ્રથમ વખત.
*'જ્ઞાતિસેતુ' માટે લખવાનું કેવું લાગે છે?* : એક પ્રેરણાદાયી અનુભવ છે.
*'જ્ઞાતિસેતુ'ની પ્રગતિ અને બહોળા પ્રસાર માટે આપના વિચારો :*

- 'જ્ઞાતિસેતુ' જ્ઞાતિના લેખકોને એક અલગ જ પ્લેટફોર્મ પૂરૂં પાડે છે. 'જ્ઞાતિસેતુ' આ જ રીતે પ્રગતિ કરે તેવી શુભ કામના.

## "નારી"

'નારી' – બસ, અક્ષર બે જ છે પણ એમાં આખું બ્રહ્માંડ સમાયેલું છે. નારીના ઘણા રૂપ છે. નારી નારાયણી છે, નારી અન્નપૂર્ણા છે, નારી લક્ષ્મી છે. પણ જ્યારે પોતાના સ્વાભિમાનની વાત આવે કે પરિવારની રક્ષા કરવાની વાત આવે ત્યારે રણચંડી છે.

નારીના ઘણા રૂપ છે : દીકરી, બહેન, પત્ની, મા. એક વ્યક્તિમાં આટલા બધા રૂપ સમાયેલા છે અને દરેક રૂપમાં નારીમાં આત્મસમર્પણની ભાવના રહેલી છે. ત્યાગની મૂરત છે નારી, પ્રેમની પ્રતિમા છે નારી. નારીમાં સાહસ કરવા શક્તિ છે. નારી હર એક રૂપમાં એક અતૂટ વિશ્વાસ છે.

પૃથ્વીનું જ્યારે સર્જન થયું ત્યારે ભગવાનને કાંઈ ખૂટતું હોય તેમ લાગ્યું. ઘણું વિચાર્યા બાદ ભગવાને નારીનું સર્જન કર્યું. ત્યારે સંસારની રચના થઇ.

જેનાથી સંસારની રચના થઇ તેજ નારીનું સમાજમાં, કુટુંબમાં અમુક જગ્યાએ માન-સન્માન જળવાતું નથી. સમાજે એક જ વાત સ્વિકારી લીધી છે કે નારીની જીંદગી ઘરની ચાર દીવાલ છે. પણ એવું નથી. પતિ-બાળકોની પ્રગતિ પાછળ સૌથી મોટો ફાળો નારીનો જ હોય છે.

પણ, એ જ સમાજે સ્ત્રીને સ્વતંત્રતા આપી નથી. હર વખતે ઘરની જવાબદારીમાં બાંધી રાખે છે. શું એને એના માટે જીવવાનો હક્ક નથી? શું પોતાના માટે સપના જોવાનો કે પૂરા કરવાનો હક્ક નથી? હક્ક છે છતાં ખુશી ખુશીથી તેનો ત્યાગ કરે છે. શું ઘરના બીજા સભ્યોની જવાબદારી નથી કે તેના સપના પૂરા કરવા માટે તેને સપોર્ટ કરે.

એક ઝાડને એક જગ્યાએથી ઉખેડી બીજે વાવીએ તો તે મુરઝાઈ જશે. પણ એક સ્ત્રી જ્યાં જન્મી, મોટી થઈ, તેના મા-બાપ, ભાઈ-બહેન તેમજ બધું મૂકીને ।વે છે. સાસરાના ઘરમાં બધાને ગમે તે રીતે એડજસ્ટ થઈને રીતરિવાજ મુજબ રહે છે. ઘરના દરેક સભ્યનું ધ્યાન રાખે છે પણ ઘરનો કોઈ સભ્ય તેનું ધ્યાન રાખી શકતો નથી. એની ભૂલ દરેકને દેખાય છે. પરંતુ એના ગુણો સામે શા માટે આંખ આડા કાન કરવામાં આવે છે? કોઈપણ જગ્યાએ દીકરી આગળ આવી સપના પૂરા કરવા માંગે તો કહેવામાં આવે છે કે તું તો કાલે સાસરે જતી રહીશ. તું તો પારકી થાપણ છે. વહુ બનીને સપના પૂરા કરવા માંગે તો કહેવામાં આવે છે કે ઘરનું વહુ બહાર જઈને કામ કરે તો સારું ન લાગે. ઘરની આબરૂ સુધી વાત પહોંચી જાય. મા બનીને સંતાનોને મોટા કર્યા પછી પોતાના માટે કંઈક કરવા ઈચ્છે તો સંતાનો કહેશે, હવે શું જરૂર છે? પહેલા કરી લેવાય ને! ક્યારેક વિચાર આવે છે કે નારીનું જીવન આવું જ છે, ને આવું જ રહેશે?

ના, હવે સમય બદલાઈ ગયો છે. વિચાર બદલવા જોઈએ. ઘરમાં વડીલોથી લઇ, નાની ઉંમરની દરેક નારીના સપના પૂરા કરવાની કોશિશ કરીએ. એક નવી શરૂઆત કરીએ. આ પહેલ કરીને દરેક રૂપમાં નારીનું સન્માન કરીએ...

દરેક નારીને સો સો સલામ...

# સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

**લતાબેન સોલંકી - ભુજ**

*આપણા સમાજની મહિલાઓ સમય સાથે તાલ મિલાવી પોતાની ક્ષમતાઓ વિકસાવી, વિવિધ ક્ષેત્રમાં કુશળતાપૂર્વક પોતાની આવડત અને મહેનતથી સીમાચિહ્નો અંકિત કરતી રહી છે. આજની મહિલા ગૃહિણી તરીકે પરિવાર અને સમાજની જવાબદારી નિભાવવાની સાથે સાથે વ્યવસાયીક ક્ષેત્રમાં પણ યોગદાન આપી, પરિવાર માટે આર્થિક આધારરૂપ બની રહી છે. પરંપરાગત રીતે પણ વર્ષોથી સોના-ચાંદીના ઘરેણાં ઘડતરના કાર્યમાં પણ પરિવારની મહિલાઓ જોડાઈ, વ્યવસાયને મહત્ત્વનો ટેકો આપતી રહી છે. બદલાતા સમયમાં પરિવારની મહિલાઓ પોતાનો સ્વતંત્ર વ્યવસાય વિકસાવે છે અથવા પારીવારિક ધંધામાં પુરૂષવર્ગ સાથે જોડાઈ રહી છે. આ માટે સમાજના પુરૂષવર્ગનો દૃષ્ટિકોણ પણ હકારાત્મક રહ્યો છે. હવેના સમયમાં કુટુંબને સારૂં જીવનધોરણ જાળવવું હશે તો મહિલા શક્તિએ પણ અર્થ ઉપાર્જન માટે યોગદાન આપવું જોઈશે. સંજોગોવશાત્ પરિવારની કમાતી વ્યક્તિ બીમારી કે અન્ય કારણોસર અસમર્થ થઈ જાય ત્યારે પરિવારની મહિલા આર્થિક જવાબદારી પણ નિભાવી શકે છે. આપણા સમાજમાં આવા ઘણા દાખલા જોવા મળે છે.*

*આપણા સમાજની કેટલીક મહિલાઓએ વ્યવસાયીક ક્ષેત્રમાં પણ પોતાની કાબેલિયત પુરવાર કરેલ છે. ભુજના પૂર્વ નગર અધ્યક્ષા શ્રીમતી લતાબેન સોલંકીએ 'જ્ઞાતિસેતુ' મારફતે વિશેષ કોલમ દ્વારા આવી સ્વયંસિદ્ધ મહિલા શક્તિનો પરિચય સમાજને કરાવવા પહેલ કરેલ છે. આ અંકમાં અંજાર અને ભુજ સ્થિત બે વ્યવસાયીક મહિલાઓ સાથે થયેલ સંવાદ પ્રસ્તુત છે. આશા છે, વાંચકોને લતાબેન સોલંકી દ્વારા સંપાદિત આ કોલમ જરૂર પસંદ આવશે.*

***અતુલ સોની – તંત્રી***

## શ્રીમતી અંજનાબેન પોમલ - અંજાર

***આપણી સ્વયંસિદ્ધા બહેનો સખત મહેનત કરી, પોતાનું આર્થિક અને માનસિક સ્તર ઊંચું લાવવામાં સફળ થઈ છે. એવી પ્રથમ સ્ફટીક મોતી છે અંજનાબેન નરેશભાઈ પોમલ. જે જુનાગઢના દીકરી છે અને કર્મક્ષેત્ર અંજાર છે. ચાલો, આપણે એમના મુખેથી એમની વ્યવસાય યાત્રાની મુલાકાત લઈએ.***



અંજનાબેન પોમલ

*જયશ્રીકૃષ્ણ, કેમ છો?*

*તમારું પૂરું નામ?* : અંજના નરેશ પોમલ

*સસુરજીનું નામ* : જયંતીલાલ નાનાલાલ (પોમલ મેડિકલ સ્ટોરથી ઓળખ પામેલ)

*ગામ* : અંજાર

*પિતાનું નામ* : કાંતિભાઈ ધનજીભાઈ છત્રાળા (ગામ : જુનાગઢ)

'જ્ઞાતિસેતુ'ની સમસ્ત ટીમ દ્વારા મહિલા વિશેષ અંકમાં આપણી જે બહેનો ઘર અને વ્યવસાય સંભાળતી હોય એવા બહેનોના વિચારો, એમને પડતી મુશ્કેલીઓ, ખુશી – એમને વાચા આપવામાં આવે અને તે સમાજ સુધી પહોંચે, બીજી બહેનોને તેમાંથી પ્રેરણા મળે તેવા ઉદ્દેશથી તમારી સાથે વાત કરવા ઇચ્છું છું.

*સવાલ : તમે હાલ શું વ્યવસાય કરો છો?*

*જવાબ* : સોની નો વ્યવસાય

*સવાલ : સરસ. આ વ્યવસાયનો તમે આરંભ કર્યો છે કે વારસાગત છે?*

*જવાબ* : પહેલા અમારે મેડિકલ સ્ટોર હતો, જે મારા સસરાના વખતથી આશરે ૪૦ વર્ષથી હતો. તેમના અવસાન બાદ પણ તેજ વ્યવસાય ચાલુ હતો. પણ સમય જતાં આપણો મૂળ વ્યવસાય સોનીનો છે, તો, તેને જ અમે અપનાવ્યો.

*સવાલ : વ્યવસાય બદલાવવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હશે. પહેલાના વ્યવસાયને બંધ કરવો અને નવાની શરૂઆત કરવી તે સાહસ કહેવાય. તમે એમાં સફળ કેવી રીતે રહ્યા?*

*જવાબ* : હા, શરૂઆતમાં મુશ્કેલી તો પડી હતી. પણ પ્રામાણિકતા, સખત મહેનત અને લગનથી બધું ગોઠવાઈ ગયું. કોઈના

કહેવાથી નહીં, પણ અંતરમનથી કામ કરવાથી સફળતા મળે છે તેવું મારૂં માનવું છે.

*સવાલ : શરૂઆત તમે કારીગરીથી કરી કે વેપારથી?*

*જવાબ* : વેપારથી.

*સવાલ : શરૂઆતના સમયમાં સફળતાની ખાત્રી હતી કે મનમાં નવા વ્યવસાયને લઈને ડર હતો?*

*જવાબ* : થોડો ડર જરૂર હતો. પણ મારા પતિએ થોડા સમય સોનીકામ કરેલું તેનો અનુભવ હતો અને મારી પાસે હુન્નર હતું, જે આધાર હતો.

*સવાલ : ઘર અને વ્યવસાય બંનેને સંભાળવા બેલેન્સ કેવી રીતે કરો છો?*

*જવાબ* : પરિવારમાં સાસુજીની અનુમતિ હતી અને એમનો સહકાર પણ હતો. જેના દ્વારા ઘર અને દુકાન સંભાળવામાં સરળતા રહેતી અને ત્યારે નવું કામ કરવાનો અને આગળ વધવાનો ઉત્સાહ હતો. એટલે એવું નહોતું લાગતું કે આપણે સ્ટ્રગલ કરીએ છીએ. સરળતાથી થઈ જતું હતું. કોઇના કહેવાથી નહીં પણ અંતરમનથી કામ કરવાથી સફળતા મળે છે તેવું મારૂં માનવું છે. જેમ આજે લોકોને કેરિયર બનાવવાનું સ્વપ્ન હોય છે તેવું જ નાનપણથી જ મારું પણ સ્વપ્ન હતું.

*સવાલ : નાની વયથી તમને ઉદ્દેશ હતો અને આવડત દ્વારા તમે તે કર્યું?*

*જવાબ* : હા. અમે બંનેએ મળીને કર્યું. નાનપણથી જ મનમાં હતું કે આર્થિક મજબુતાઈ, એ આજના સમયમાં મહત્ત્વની છે. એના માટે મહેનત કરવી જરૂરી છે અને જેમને મહેનત કરવી છે, તેઓને તક મળી જ રહેતી હોય છે. તક તો દરેકના જીવનમાં આવતી જ હોય છે. એ તકને ઓળખી લો અને સાહસ સાથે મહેનત કરવાથી સફળતા મળે છે. અમને પણ સંજોગોવશાત્ મેડિકલ લાઇનમાંથી જ્વેલરીની લાઇનમાં જવાની તક મળી અને સાહસ કર્યું.

*સવાલ : ઘર, દુકાન ઉપરાંત તમે જ્ઞાતિ મહિલા મંડળમાં પણ જોડાયેલ છો. કઈ રીતે બધું મેનેજ કરો છો?*

*જવાબ* : વ્યવસાયમાં સેટ થયા પછી સમાજ પ્રત્યે પણ કંઈક કરવું જોઈએ તેવા વિચારથી પ્રથમ ૬-૭ સક્રિય બહેનોની મદદથી મહિલા મંડળની સ્થાપના કરી.

*સવાલ : એટલે કે તેમાં પણ તમે પાયાના પથ્થર રહ્યા?*

*જવાબ* : હા. પણ અમે ૬-૭ બહેનોએ સાથે મળીને કામ કર્યું.

*સવાલ : તમારા ફેમિલી વ્યવસાય તથા સમાજને આગળ વધારવા શું વિચાર્યું છે?*

*જવાબ* : વ્યવસાય માટે હાલ સંતોષ છે. માનું છું કે સંતોષ એટલે પૂર્ણવિરામ. પણ જીંદગીમાં સતત દોડવું એ પણ જરૂરી તો નથી જ. સમાજને આગળ વધારવા હાલ તો અમે મંડળના બહેનો પ્રોગ્રામ એવા જ કરતા હોઈએ છીએ, જેથી દરેક વયની બહેનોનો વિકાસ થાય તથા તેમને નવું શીખવા મળે અને તેમને રસ રૂચિ જળવાય એ મુજબનાં કાર્યક્રમ કરીએ છીએ અને એ બહાને સમાજમાં એકબીજાથી જોડાયેલા રહે અને સમાજમાં એકતા બની રહે તેવા આશયથી દરેક કાર્ય કરીએ છીએ અને ભવિષ્યમાં બહેનોને મદદરૂપ રહે એ માટે ગૃહ ઉદ્યોગ જેવા કોઈ કાર્ય કરવા ઇચ્છીત છીએ.

*સવાલ : તમારા નણંદ, જે દિવ્યાંગ છે, તેની જવાબદારી પણ સંભાળો છો?*

*જવાબ* : પરિવારના દરેક સદસ્યની જવાબદારી તો સંભાળવી જ જોઈએ. તે તો ફરજ છે.

*સવાલ : તમે વ્યવસાય શરૂ કર્યો તે દરમિયાન કોઈ મુશ્કેલી આવી છે કે કોઈ કુદરતી આફતો આવી હોય? હાલ કોરોનાકાળને પણ ૧ વર્ષ થયું. એમાં કોઈ મુશ્કેલી પડી?*

*જવાબ* : હા. કુદરતી આફત તો વ્યવસાયની શરૂઆતમાં ૧૯૯૮માં કંડલાનું વાવાઝોડું આવ્યું હતું અને ત્યારબાદ ૨૦૦૧માં ભૂકંપ અને હાલ કોરોના ચાલે છે. કોઈપણ કુદરતી આપદા વખતે અર્થતંત્ર પર પહેલી અસર થવાની જ છે. અને આ તો સોના-ચાંદીનો વ્યવસાય છે. જીવન જરૂરિયાતની ચીજ તો છે નહીં. શરૂઆતમાં જે વાવાઝોડું તથા ભૂકંપમાં તકલીફ ઘણી પડી હતી, પણ સમય જતાં બધું થાળે પડી જતું હોય છે જેમકે પાનખર પછી વસંત આવે છે તે સૃષ્ટિનો નિયમ છે.

*સફળતા માટે મહેનત, લગન અને સાહસ જરૂરી છે જે તમે કર્યું. પરિવાર પ્રત્યે પણ સરસ ફરજ બજાવો છો. ઉપરાંત સમાજ પ્રત્યે પણ સારી - ઉમદા ભાવના ધરાવો છો. એટલે કે ઘર, વ્યવસાય અને સમાજસેવા બધું જ સંભાળો છો. મને શું મળ્યું તે નહીં, પણ મેં શું અર્પણ કર્યું એ તમારી સારી ભાવના છે. તમારા એ વિચારો મને ખૂબ જ ગમ્યા છે. હજી પણ ખૂબ જ સરસ પ્રગતિ કરો એવી મારી તથા "જ્ઞાતિસેતુ" ટીમ તરફથી શુભેચ્છા – જયશ્રીકૃષ્ણ....*

## સ્વયંસિદ્ધ મહિલા શક્તિ

લતાબેન સોલંકી - ભુજ

### અરૂણાબેન નરેન્દ્રભાઈ બુધ્ધભટ્ટી - ભુજ

*સમયનું ચક્ર હંમેશાં ફરતું રહે છે. ક્યારેક આપણી ફેવરમાં રહે છે અને ક્યારેક વિરોધમાં રહે છે. કસોટી તો હંમેશાં સમયની સામે પૂરે તરવા સમયે થાય છે અને એમાંય ખાસ કરીને બહેનો માટે વિરોધમાં રહેલા સમયને પોતાની ફેવરમાં કેમ પલટવો, એની કુદરતે મોટી બક્ષીસ આપી છે. પુરૂષ શારીરિક રીતે સબળ હોય અને સ્ત્રી માનસિક રીતે બળુકી હોય છે અને એની આ માનસિક દ્રઢતા પોતાના કુટુંબને અને પોતાની જાતને કપરી પરિસ્થિતિમાંથી બહાર લાવે છે. આવી જ માનસિક રીતે દ્રઢતા ધરાવનાર બહેનોની ટુંકી મુલાકાત લઈ તેમના જીવનના ચડાવ ઉતાર જાણવાનો - સમજવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.*

*અરૂણાબેન નરેન્દ્રભાઈ બુધ્ધભટ્ટીની મુલાકાત લીધી. અરૂણાબેન ભુજના રહેવાસી છે. એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલ છે. એક સુખી-સંપન્ન ઘરની સ્ત્રી છે. મહિલા મંડળ - ભુજના ખજાનચી છે. પણ સમયને એમની કસોટી કરવી હતી. અચાનક એમના દાંપત્ય પર વજ્રાઘાત થયો. એમના પતિ હૃદયરોગથી અવસાન પામ્યા. પણ અરૂણાબેન, એમ સમયને જીતવા દે એમ ક્યાં હતા? એમણે પોતાના પતિના વ્યવસાયને કઠોર હૃદય અને મક્કમ મનોબળથી સંભાળી લીધો. કેટલી મુશ્કેલીઓ આવી, કેટલો સપોર્ટ મળ્યો – એ બધું આજે આપણે એમની પાસેથી સાંભળીએ.*

*તો અરૂણાબેન, તૈયાર છો ને?.....*



**અરૂણાબેન બુધ્ધભટ્ટી**

*સવાલ : તમારૂં નામ?*

જવાબ : અરૂણા નરેન્દ્રભાઈ બુધ્ધભટ્ટી

*સવાલ : માતા-પિતાનું નામ?*

જવાબ : જશવંતીબેન – વસંતરાય પરમાર (જામનગર).

*સવાલ : સાસુ - સસરાનું નામ?*

જવાબ : જમનાબેન – માવજીભાઈ બુધ્ધભટ્ટી (ભુજ).

*સવાલ : તમે અત્યારે કયા વ્યવસાય સાથે જોડાયેલા છો? આ વ્યવસાય તમે ક્યારથી કરો છો? શા માટે તમારે આ વ્યવસાય સંભાળવો પડ્યો?*

જવાબ : હું અત્યારે "સંતોષ સાઇકલ સર્વિસ" નામની સાઇકલની દુકાન ચલાવું છું. મારા પતિનું તા. ૧૮-૧-૨૦૧૮ના રોજ અચાનક અવસાન થતાં મારે આ વ્યવસાય સંભાળવો પડેલ છે. પહેલા હું દુકાને પાર્ટ ટાઈમ આવતી અને જરૂર પડે ત્યારે બીલ બનાવવામાં મદદ કરતી. શરૂઆતથી મને મારા ભત્રીજા જયેશભાઈ, જે અમારી જેમ સાઇકલના વ્યવસાય સાથે સંકળાયેલ છે, તેઓ મને હેલ્પ કરે છે. અમે છ ભાઈઓનું બહોળુ કુટુંબ છીએ જેમાં બે ભાઇનો સાઇકલનો અને ચાર ભાઈનો સોના-ચાંદીનો વ્યવસાય છે.

*સવાલ : પહેલા અને પછીના વ્યવસાયમાં શું ફરક છે?*

જવાબ : પહેલાનો વ્યવસાય કઈ રીતે હતો તેની મને ઓછી ખબર છે. પરંતુ મેં દુકાન સંભાળી ત્યારથી વેપારી તથા સેલ્સમેન સાથે અમે નિયમિત વ્યવહાર કરીએ છીએ. આથી વેપારીને સંતોષ થાય અને મારા પતિનો વ્યવસાય અને તેની નામના સાથે આગળ વધારી શકું.

*સવાલ : બહારના લોકોનો શું અભિપ્રાય હતો?*

જવાબ : બહારના લોકોનો અલગ અલગ પ્રતિભાવ હતો. કોઈ કહેતા કે સારૂં કર્યું, તમે વેપાર સંભાળી લીધો અને તેને આગળ વધારતા રહો અને કોઈ કહેતા કે પતિના અવસાન બાદ થોડા સમયમાં જ શોક રાખવાને બદલે દુકાન પર આવી વેપાર કરતા થયા! તો તે લોકોને સમજાવીને કહેતી કે ઘરે બેસીને શોક રાખવા કરતા, તેમને યાદ કરી, દુકાન સંભાળી તેમની નામના આગળ વધારવાનો પ્રયત્ન કરવો ઘણો સારો છે.

*સવાલ : સાઈકલનું મહત્ત્વ કઈ રીતે વધ્યું છે?*

જવાબ : ઘણા ગ્રાહક આવીને સાઈકલ શા માટે લેવી એવા સવાલ પણ પૂછે. ત્યારે તે લોકોને સમજાવીને કહેવું પડે કે અત્યારે

પેટ્રોલના ભાવ વધી રહ્યા છે, તો સાઈકલ ચલાવવાથી પેટ્રોલનો ખર્ચ અને પ્રદૂષણ રોકવામાં મદદરૂપ થઇ શકાય અને આપણી ફિટનેસ પણ જળવાઈ રહે. અને હવે પણ લોકો પોતાના શરીર પ્રત્યે સજાગ થયા છે. ફક્ત બાળકો જ નહીં પરંતુ યુવાવર્ગ પણ સાઇકલ ચલાવીને પોતાની ફિટનેસ જાળવે છે. દુકાન પર બેસીને ઘણા ખાટા-મીઠા અનુભવ થતા રહે છે. શરૂઆતમાં ગ્રાહકો મારા કરતાં કારીગરને સાઇકલની કિંમત વિ. પૂછતા, પરંતુ હવે ગ્રાહકો સારો સપોર્ટ આપે છે. ગ્રાહકને સંતોષ થાય એ જ અમારો મુખ્ય ધ્યેય છે.

*સવાલ : કોરોના કાળ દરમ્યાન તમારા બિઝનેસને કેવી રીતે મેનેજ કર્યો?*

*જવાબ* : કોરોના કાળ દરમ્યાન શરૂઆતમાં લોકડાઉનને કારણે સતત બંધ રહી. પછી સમય મર્યાદાનું પાલન કરતાં દુકાન શરૂ કરી ત્યારે સારો પ્રતિભાવ મળ્યો કેમકે બાળકોની સ્કુલ બંધ હોવાને કારણે ઘરમાં બેસીને કંટાળી ગયા હોવાથી માતા-પિતા બાળકોને સાઇકલ અપાવતા. જેથી કરીને બાળકો શેરીમાં સાઇકલ ફેરવી તેમનો ટાઈમ પસાર કરે.

*સવાલ : દુકાનનું વ્યવહારીક અને બેંકનું કામકાજ કેવી રીતે કરો છો?*

*જવાબ* : બેંકનું કામકાજ મારા ભત્રીજા જયેશભાઈ સંભાળે છે અને હવે મોબાઈલથી પણ બેન્કિંગ વ્યવહાર કરીએ છીએ. સાઇકલના વેપારી / સેલ્સમેનને અમે સાથે બેસી, ઓર્ડર બનાવી આપીએ છીએ.

*સવાલ : ભત્રીજો બહારગામ હોય તો બેંકનું કામકાજ / ઓર્ડર કઈ રીતે કરો?*

*જવાબ* : ભત્રીજો અથવા હું, બહારગામ જવાના હોઈએ તેનાથી પહેલાં ઓર્ડર આપી દઈએ અને એકબીજાની ગેરહાજરીમાં સંભાળી લઈએ. ક્યારેક બંનેને સાથે જવાનું થાય તો કારીગર પણ સંભાળી લે છે.

*સવાલ : બિઝનેસ વિસ્તારવા વિશે તમારૂં શું કહેવાનું છે?*

*જવાબ* : બિઝનેસ વિસ્તારવા અને અમારી નવી બ્રાંચ માધાપર હાઈવે પર કરવા વિચારી રહ્યા છીએ. કેમકે ગામડાંના ગ્રાહકને સર્વિસ માટે પોતાની સાઇકલ અહીં લાવવી ખર્ચાળ થઈ જાય. માટે બીજી બ્રાંચ ખોલવાનો વિચાર કર્યો છે.

*સવાલ : જૂનો હિસાબ અને ટેક્સ ક્લિયર હતા કે નહીં?*

*જવાબ* : જૂના ટેક્સ ક્લિયર હતા અને માલના હિસાબના બાકી હતા તે અમે પૂરા કર્યા. અને તે માટે સેલ્સમેન પણ અમારાથી ખુશ છે.

*સવાલ : વ્યવસાયની સાથે સામાજીક પ્રવૃત્તિ માટે સમય ફાળવી શકાય?*

*જવાબ* : હા. હું શ્રી મા.કં.સો. જ્ઞાતિ મહિલા મંડળ - ભુજમાં શરૂઆતથી ખજાનચી તરીકે સેવા આપું છું. તેના માટે હું ખાસ સમય આપી એટલું કહું છું, સમાજ થકી આપણી ઓળખ છે. નાતમાં રહેવું અને નાતમાં તરવું એમ કહેવું અતિશયોક્તિ નથી. આ વારસો મારા પિતાજીએ મને આપ્યો છે. જેમણે જામનગરની જ્ઞાતિમાં વર્ષો સુધી પોતાનો અમૂલ્ય સમય આપ્યો છે અને તે બદલ જ્ઞાતિજનોએ તેમને એક સન્માનપત્રથી સન્માન્યા છે.

*સવાલ : મહિલા દિન નિમિત્તે બહેનોને શું સંદેશો આપશો?*

*જવાબ* : મારા તરફથી એટલું જ કહેવાનું કે ગમે તેવી પરિસ્થિતિમાં હિંમત હાર્યા વગર આપણી પ્રવૃત્તિમાં કાર્યશીલ રહેવું અને બીજાને કામમાં આવતા રહેવું. કદાચ કોઇને કામમાં મદદ ન કરી શકીએ તો કાંઈ નહીં, પણ તેના કામમાં નડતર તો ન જ થવું. અને કોઈ ટીકા કરે તો એમાંથી આપણા માટે જે યોગ્ય લાગે તે મનમાં રાખવું અને બીજું બહાર જ રહેવા દેવું.

જય શ્રીકૃષ્ણ.

***મળ્યાને આપણે અરૂણાબેનને... એમના ઋજુ હૃદયને મક્કમ કરી પોતે આ દુઃખદ પરિસ્થિતિમાંથી બહાર આવ્યા. આપણે પણ એમના જીવનમાંથી પ્રેરણા લઈએ....***

*"વિપત પડે ના વલખીએ વલખે વિપત ન જાય*
*વિપતે ઉદ્યમ કીજીયે ઉદ્યમ વિપતને ખાય."*

***કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી, એ આપણે એમની પાસેથી શીખ્યા. આપણે પણ આપણા જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરવા માટે પોતાનું મનોબળ ટકાવી રાખી બીજાને મદદરૂપ થઈએ.***

## કવિતા

*ચકીબેન માળો બાંધો, ચકાભાઈ માળો બાંધો*
*મારા ઘરમાં માળો બાંધો*
*ચકાભાઈ તમે પીંછા લાવો*
*ચકીબેન તમે કપાસ લાવો, સળીઓ લાવો,*
*ચકીબેન ચીં ચીં કરતા જાજો*
*ચીં કરતા જાજો કરતા જાજો*
*પીંછા દોરી સળી ગોઠવતા જાજો*
*ચકા ભાઈ, ચકી બેનને મદદ કરતા જાજો, મદદ કરતા જાજો*
*થાકી જાવ તો આરામ કરતા જાજો*
*બાજરો ને બંટી ચણતા જાજો*
*ઠીબનું પાણી પીતા જાજો*
*ચકીબેને ઈંડા મૂક્યા, ચકાભાઈ ચોકી કરતા જાજો*
*બિલાડા - કાગડાથી બચતા રહેજો*
*બચ્ચાના મોંમાં વારાફરતી દાણા દેતા જાજો*
*બાજરો ને બંટી ખાઈ બચ્ચા મોટા થાજો*
*ચીં ચીના કલરવથી ઘર ગજાવતા જાજો*
*પાંખો પસારી નભ સર કરતા જાજો*
*યાદ તમારી આવશે ખૂબ જ*
*ક્યારેક ઘરે તમે ભૂલા પડતા જાજો*
*કોઈવાર અમને મળતા જાજો*

***લતાબેન સોલંકી - ભુજ***

## ચાલો, આપણું સામાન્ય જ્ઞાન ચકાસીએ...

૧. કચ્છમાં આવેલા મોંહે-જો-દરોમાંની સૌથી મોટી ઇમારત કઈ છે?
(A) અનાજના કોઠાર, (B) વખાર, (C) રસોડા
૨. મહાભારતના રચનાકાર કોણ છે?
(A) ચાણક્ય (B) વિષ્ણુ શર્મા (C) વેદ વ્યાસ
૩. ભારતીય પ્રથમ મહિલા અવકાશયાત્રી કોણ હતા?
(A) સુનિતા વિલિયમ્સ, (B) કલ્પના ચાવલા
(C) બચેન્દ્રી પાલ
૪. લીલી પરિક્રમાનો મેળો ગુજરાતમાં ક્યાં ભરાય છે?
(A) સાપુતારા, (B) ગિરનાર, (C) પાવાગઢ
૫. ભારતમાં અપાતો સૌથી મોટો ઍવોર્ડ કયો છે?
(A) પદ્મશ્રી, (B) પદ્મભૂષણ, (C) ભારતરત્ન

*(જવાબો આવતા અંકે...)*

***– કિષ્ના ઉદય કંસારા***

## ઉખાણા

૧. બે માથાં અને બે પગ, જાણે એને આખું જગ.
જે કોઈ આવે એની વચમાં, કપાઈ જાય એની કચકચમાં.

૨. સફેદ થાળીમાં કાળું મોતી.

૩. એવી કઈ પરિસ્થિતિ છે, જેમાં છોકરા ૨૦થી ૨૫ મિનિટમાં થાકી જાય છે, પરંતુ છોકરી કહે છે કે હજું તો ચાલુ કર્યું છે!

૪. એવો કયો દેશ છે, જ્યાં બાળકો પેદા કરવા માટે ઇનામ આપવામાં આવે છે?

૫. ટન ટન બસ નાદ કરે, ઘડિયાળ જોઈ સાદ કરે
સ્કૂલ નિશાળે એ લટકે, રણકે તો બાળકો છટકે.

૬. પીળા પીળા પદમસી, ને પેટમાં રાખે રસ.
થોડા ટીપાં વધુ પડે તો, દાંતનો કાઢે કસ.

૭. ઘરમાં મહેમાનોને દેવાય,
વોટમાં નેતાઓને દેવાય,
આરામ કરવામાં વપરાય.

- એક વ્યક્તિને પર્યાપ્ત ઓક્સિજન માટે ૭ વૃક્ષની આવશ્યક્તા હોય છે.
- મંગળ ગ્રહ પર સૂર્યાસ્ત ભૂરા રંગનો થાય છે.
- કીડીઓ ક્યારેય ઊંઘતી નથી.
- 'સીંગ નાઈટ યુ' (ચીન)માં એક સાથે ૫ સૂર્ય જોવા મળે છે.
- જીરાફ તેની ૨૨ ઇંચ લાંબી જીભથી પોતાનો કાન સાફ કરી શકે છે.
- ૧ થી ૯૯ સુધીના સ્પેલિંગમાં ક્યાંય પણ A, B, C, D અક્ષરોનો ઉપયોગ થતો નથી.
- વિશ્વમાં સૌથી લાંબો રોડ નેટવર્ક ભારત પાસે છે. જે ૧.૯ મિલિયન કિ.મી.ના ભાગને જોડે છે.
- મહાભારત વિશ્વની સૌથી મોટી કવિતા રચના છે, જેમાં ૧.૮ લાખ શબ્દો છે.
- ગુજરાતનો કચ્છ જિલ્લો ભારતનો સૌથી મોટો જિલ્લો છે.
- કેરીનું આજથી આશરે ૫,૦૦૦ વર્ષ પહેલાં ભારતમાં જ સૌથી પહેલા વાવેતર થયું હતું.

# દ્રૌપદીને બોલવા દો (એકપાત્રીય અભિનય)

પ્રા. જીનલ જીગર પરમાર

***દ્રૌપદી / પાંચાલી / કૃષ્ણસખા / શ્યામા / યાજ્ઞસેની / દ્રુપદ કન્યા / અગ્નિપુત્રી / યજ્ઞપુત્રી***

આ બધા જ નામે ઓળખો છો ને મને? કે પછી આ જગતે હજી મારૂં કોઈ નવું નામ પાડ્યું છે? ને મારૂં દ્રૌપદી નામ પડતાં તો તમારા મન પર મારા વસ્ત્રાહરણનું આબેહૂબ ચિત્ર ઊભું થઈ જતું હશે ખરૂંને? હા, એ હજાર થાંભલાવાળી, સુવર્ણ તથા વૈદર્ય મણિથી શોભતી, સેંકડો હારયુક્ત તોરણ તથા સ્ફટિકથી મઢેલી છત્રીવાળી, સો કોસ લાંબી તથા વિસ્તારવાળી, ભવ્ય તેમજ સુંદર એ સભામાં પાંચ-પાંચ પતિઓ, ભીષ્મ પિતામહ, અંધ ધૃતરાષ્ટ્ર, કુટુંબીજનોની વચ્ચે થયેલું ચીરહરણ તમારી મનઃસ્મૃતિ પર તાજું થાય છે ને તમારા રોમ રોમ સળગી ઊઠે છે... તો હું તો... હું તો એ પ્રસંગ, એ ઘટનાની સાક્ષી છું. તો મારા પર શું વીત્યું હશે?

ને વર્ષો પછી પણ યુગો-યુગો સુધી તમે મને આ જ રીતે યાદ રાખો છો અને આવનારી પેઢી પણ આ જ રીતે યાદ રાખશે કે આ દ્રૌપદી એટલે એ જ, કે જેનું ભરી સભામાં વસ્ત્રાહરણ થયું હતું. શું વારેવારે મને આ જ કારણથી યાદ કરી મને દાઝ્યા પર ડામ દેવાના??? હા, એ પણ સારૂં છે કે પાછું વળી તમે પાછળથી બોલો છો કે ભગવાન શ્રીકૃષ્ણે ત્યારે એના ચીર પૂર્યા હતા. સારૂં, ચાલો એ બહાને તમે મારા સખા શ્રીકૃષ્ણને યાદ તો કરો છો!

એક સ્ત્રી હોવાનો મને સહેજે ખેદ નથી... મને ગર્વ છે... પણ ખેદ છે મને તમારી સૌની માનસિકતાનો. એક દયનીય પાત્ર, એક બિચારી દ્રૌપદી એ રીતે યાદ રાખી છે એનો... હા, ઈતિહાસમાં ક્યાંક મને ‘મહાભારત યુગની જગત જનની’, ‘નમસ્કારની અધિકારીણી’ એવું કહ્યું છે. પણ એ તો સાવ જાણે હાંસિયામાં જ પડ્યું છે... માત્ર આ જ કારણસર ઈતિહાસે મને યાદ રાખવાની?? મારી બીજી કોઈ ઓળખ નહીં??

સ્વયંવરમાં અર્જુન લક્ષ્યવેધ કરી જ્યારે મને જીતીને લાવ્યા ત્યારે માતા કુંતી સમાધિમાં હતા અને જોયા સાંભળ્યા વગર જ કહી દીધું કે જીતમાં જે મળ્યું છે તે પાંચે ભાઈઓ વહેંચી લ્યો અને આ કારણે મારે પાંચ પતિઓની વચ્ચે વહેંચાવું પડ્યું. શું મારૂં આ બલિદાન કોઈએ યાદ નહીં કરવાનું???

મારા જયેષ્ઠ પતિ... હા, જેને તમે શું કહો છો...? હા, યાદ આવ્યું “ધર્મરાજ યુધિષ્ઠિર.” માફ કરજો, હું તો હવે એને “ધૃતધર્મ યુધિષ્ઠિર” જ કહીશ. હજીય અક્ષરસઃ યાદ છે. શું બોલ્યા હતા એ...? ‘ન ટૂંકી, ન લાંબી, ન બહુ કાળી કે ન તો બહુ લાલ, મદસભર નેત્રોવાળી, શરદઋતુનાં કમળ સમાન સુગંધવાળી, રૂપ તથા શીલ સંપત્તિવાળી, પુરૂષવર્ગથી કામ્યમાનના પામનારી, એવી દ્રૌપદીને હું હોડમાં મૂકું છું....”

જીભ ન થોથવાઈ યુધિષ્ઠિર તમારી...? જીવ કેમ ચાલ્યો તમારી અર્ધાંગિનીને આમ હોડમાં મૂકવાનો...? કે પછી જુગારમાં એટલા અંધ બની ગયા હતા કે ભૂલી ગયા કે હું તમારી પત્ની છું... ખેર, તોય ઈતિહાસમાં તો તમે નામ કમાયા, કે ન્યાય, નીતિ, ધર્મ અને સત્યના આદર્શ. યથા નામ તથા ગુણ એટલે યુધિષ્ઠિર...

મારા બીજા પતિ ભીમ... ઈતિહાસે એને નામ આપ્યું છે, ‘ભીમસેન’, ‘વૃકોદર’... શું કર્યું એ દિવસે એમણે સભામાં...? કેવળ ગર્જના કરી... કોઈ શિકાર ન કરી શક્યા... તોય નામ કમાયા શક્તિશાળી ભીમ... અરે, જે શક્તિ એક સ્ત્રીના શિયળની રક્ષા ન કરી શકે એ શક્તિ શું કામની...??

મારા ત્રીજા પતિ અર્જુન. હા..હા... ‘બાણવીર અર્જુન’, ‘પાર્થ’... એ તો ભીમની ગર્જનાને અટકાવી સભામાં ચૂપ રહ્યા. કેવળ રમતના નિયમો ન તૂટે ને એટલે... આજે અર્જુન, મારે પૂછવું છે તમને, કે બાર વર્ષ માટે બ્રહ્મચર્યની દીક્ષા લઈને વનમાં ગયા હતા છતાં ચિત્રાંગદા અને સુભદ્રા સાથે સંબંધ બાંધ્યો... એ બ્રહ્મચર્યનું વચન ત્યારે તમે તોડી શક્યા હતા તો રમતનાં નિયમો તોડવા તમને કેમ આકરા લાગ્યા...??? ખેર, આજે બળાપો કાઢવાનો શો અર્થ છે...? ઈતિહાસે તો તોય તમને ગાંડીવધારી નામે ઉપમા આપી છે.

અરે, વાયુ પણ મને સ્પર્શ કરી જાય એ પણ ન સાંખી લેતા મારા પાંડવો... પેલો દુષ્ટ દુઃશાસન મને સ્પર્શ કરી ગયો ને તમે નરી આંખે જોતા રહ્યા?? હું ત્યારે રજસ્વલા હતી છતાં મારા અંતઃપુરમાંથી દુઃશાસન મારો ચોટલો ખેંચીને મને ભરી સભામાં ખેંચી લાવ્યો... એક દાસીને પટલાણીનો વેશ સારો ન લાગે એમ કહી દુર્યોધને મારા વસ્ત્રો ખેંચવાનું દુઃશાસનને કહ્યું... પેલા દુષ્ટ દુર્યોધને ભરી સભામાં પોતાની જાંઘ પર બેસવાનું મને આહ્વાન આપ્યું. પેલા કર્ણે શું કહ્યું મને... ‘પાંચ પતિઓ સાથે સંબંધ રાખનાવી વેશ્યા’... તોય આખી સભા મૌન રહી?? હે ગાંડીવધારી, ત્યારે તમે તમારું ગાંડીવ કેમ ન ઉપાડ્યું? હે ભીમસેન, તમે તમારી ગદા કેમ ન ઉપાડી...? આટલો અધર્મ થતો હતો છતાં ચૂપ કેમ રહ્યા હે ધર્મરાજ યુધિષ્ઠિર...?

નશામાં ચૂર પેલા નરાધમો... “દ્રૌપદી જીતાઈ ગઈ... દ્રૌપદી જીતાઈ ગઈ...” નાં નાદ સાથે અટ્ટહાસ્ય કરતા હતા... ત્યારે મહારાજ ધૃતરાષ્ટ્રના અંતઃચક્ષુ પણ શું અંધ હતા..? કુરૂકુળના વડીલ તરીકે કુળની પુત્રવધૂની આ દશા થવા દીધી? એક રાજા તરીકે તો પૂરી સત્તા હતી એમની પાસે... ખેર, જવા દો એ ધૃતરાષ્ટ્રને. ભીષ્મ, દ્રોણ... તમે તો આખું યુધ્ધ એકલાં લડી શકો એટલું બળ હતું તમારામાં તો... એક સભામાં ન લડી શક્યા...? ધર્મની વાતો કરનારા અધર્મ થતું જોઈ રહ્યા...? પેલા

દુર્યોધનથી ડરી ગયા? હારી ગયા કે પછી 'આમાં આપણને શું?' એમ માનીને બેસી રહ્યા...?

આવી સ્થિતિ છતાં હિંમત કરીને મેં યુધિષ્ઠિરને પ્રશ્નો પૂછ્યા હતા... ધૃતરાષ્ટ્રે વરદાન માંગવાનું કહ્યું ત્યારે આટલી વ્યાકુળ પરિસ્થિતિ હોવા છતાં મારા પતિઓને દાસત્વમાંથી મુક્તિ આપો એવું વરદાન માંગ્યું હતું. કંઈ ન સુઝે એવી સ્થિતિમાંયે હું હારી નહોતી... અંતે મેં મારા ગોવિંદને યાદ કર્યા હતા અને મારા ગોવિંદે દુઃશાસનના હાથમાંથી વસ્ત્ર ખેંચવાનું બળ જ લઈ લીધું હતું અને મારી રક્ષા કરી હતી...

હવે દ્રૌપદીની નવી આવૃત્તિમાં આ એકવીસમી સદીની પેઢીને શીખવજો, કે દ્રૌપદી એટલે બિચારી નહીં... દ્રૌપદી એટલે સહન શક્તિ, ધર્મનિષ્ઠા, સ્વમાનવૃત્તિ, આત્મગૌરવ, નમ્રતા અને વિનયશીલતાની સાક્ષાત મૂર્તિ...

નવી પેઢીને શીખવજો કે મહાભારત કેવળ મારા વસ્ત્રાહરણમાંથી નથી નીપજ્યું...

મહાભારત નીપજ્યું છે મારી પ્રતિશોધની આગમાંથી

પેલા ધૃત જુગારમાંથી...

પેલા નરાધમોના અટ્ટહાસ્યમાંથી...

દ્રોણ અને ભીષ્મનાં મૌનમાંથી...

ધૃતરાષ્ટ્રની પુત્ર પ્રેમની ઘેલછામાંથી...

કેવળ મારા કારણે નહીં...

આજે પણ તમને બધાને, ખાસ સ્ત્રીઓને કહેવાય છે કે, તમારી રક્ષા માટે પુરૂષ જોઈએ, પતિ જોઈએ... હું કહું છું સ્ત્રીને રક્ષા માટે કોઈ પુરૂષની જરૂર નથી... સ્ત્રી ખુદ પોતાની રક્ષા કરી શકે છે. નહિંતર હું તો... હું તો વીર્યશુલ્કા હતી એટલે કે વીરતા બતાવ્યા પછી બદલામાં પ્રાપ્ત થયેલી... છતાં એ વીર પતિઓની વચ્ચે પણ મારૂં શું થયું??

દુઃશાસન, દુર્યોધન, શકુની – જ્યાં સુધી આ જગતમાં ખુલ્લેઆમ ફરે છે, ત્યાં સુધી એક સ્ત્રીએ ખુદની રક્ષા ખુદ જ કરવી પડશે.

યાદ રાખજો... ન્યાય પંચાયતોમાં દુઃશાસન હશે ત્યાં સુધી પાંચાલી દંડાવાની જ... શકુની હશે ત્યાં સુધી પાસાઓ અવળા પડવાના જ... દુર્યોધન હશે ત્યાં સુધી દુષ્કર્મો થવાના જ... એક સ્ત્રીએ વધ કરવાનો છે આવા દુઃશાસન, દુર્યોધન અને શકુનીઓનો... જેથી આવનારી પેઢી એક સ્ત્રીને 'દ્રૌપદી'ની ઉપમા આપે... એક 'દુર્ગા'ની જેમ જ...

*(દુર્ગાનું સ્વરૂપ લઈને એક્ઝીટ).*

## વાર્તા : જરૂરત

'માજી, તમે મારી ફિલ્મમાં નાનકડો રોલ કરશો?'

વૃદ્ધાશ્રમમાં રહેતા એક સિત્તેર વર્ષીય વૃદ્ધાને મેં પૂછ્યું. હાલના સંજોગોમાં આર્ટીસ્ટ મળવા મુશ્કેલ હોતાં, મને જોઈતા ચહેરા શોધવા હું અહીં તહીં ભટકતો વૃદ્ધાશ્રમ જઈ પહોંચ્યો. 'સિત્તેર વર્ષથી નાનકડા રોલ ભજવીને થાકી ગઈ છું બેટા...' વૃદ્ધાએ મારી સામું જોઈને દર્દભર્યા અવાજે કહ્યું, 'ક્યારેક દીકરી, તો ક્યારેક બહેનનો રોલ, ક્યારેક પત્ની તો ક્યારેક મા નો રોલ... હાલમાં જ હું દાદીનો રોલ સરસ નિભાવતી હતી પણ કોરોનાના બહાને દીકરાની વહુએ મને વૃદ્ધાશ્રમમાં ધકેલી દીધી.' વૃદ્ધાની આંખોમાંથી આંસુની ધારા વહી નીકળી.

'મારી ઢીંગલી જેવી શ્રેયા અને વ્હાલા ધર્મથી મને જુદી કરી નાખી... કેમકે મને થોડી ઉધરસની તકલીફ વર્ષોથી છે પણ વહુને બહાનું મળી ગયું અને દીકરો પણ એની વાતમાં આવી ગયો અને હું અહીં આવી ગઈ...' વૃદ્ધાની રડતી આંખો ન જોવાતાં હું ત્યાંથી નીકળી ગયો. લોકડાઉનના નિયમો પાળી મેં જેમ તેમ ફિલ્મ શૂટિંગ પૂરું કર્યું.

એક દિવસ જ્યારે હું શોપિંગ કરવા માર્કેટમાં ગયો તો અચાનક જ સામે પેલા વૃદ્ધા મળી ગયા. એની આંગળી પકડીને એક નાનો છોકરો હતો... કદાચ એનો લાડલો પૌત્ર હશે.

'કેમ છો માજી? ઓળખાણ પડી? હું તમને મળવા વૃદ્ધાશ્રમ આવ્યો હતો ફિલ્મ માટે...' મેં કહ્યું.

'હા, હા, યાદ આવ્યું હોં બેટા... તારી ફિલ્મ બની ગઈ? મારા જેવી ડોશી મળી કે નહીં?' વૃદ્ધાએ બોખલા હાસ્ય સાથે પૂછ્યું. 'હા, એ તો મળી ગયા ને શૂટિંગ પણ થઈ ગયું. પણ તમે ફરી દાદીમાના રોલમાં આવી ગયા? તમારા વહુ દીકરો ફરી તમને ઘરે લઇ ગયા?' મેં સામો પ્રશ્ન કર્યો તો વૃદ્ધાના ચહેરા પર ગમગીની છવાઈ ગઈ.

'બેટા, આ બધા ઉપરવાળાના ખેલ છે. જે વહુએ કોરોનાના બહાને મને કુટુંબથી વિખૂટી પાડી, એ જ વહુને કોરોના ભરખી ગયો... મારા પોતરા પોતરી મા વિહોણા થઈ ગયા... દીકરો રડતો રડતો મારી પાસે આવ્યો... હુંય ખૂબ દુઃખી થઈ ગઈ. છોકરાઓ માટે મને ફરી ઘરે લઈ ગયો.' વૃદ્ધાનાં ગળામાં ડૂમો બાઝી ગયો.

'બેટા, છોરાં કછોરા થાય પણ માવતર કમાવતર ન થાય...' કહી, પૌત્રને લઇ નીકળી ગયા...

હું એમને જતા જોઈ રહ્યો.

**– સુબી કંસારા**

# હૃદયાંજલી : સ્વ. હંસાબેન હંસરાજ કંસારા

જ્યોત્સના વોરા

*તાજેતરની કોરોનાની બીજી લહેરમાં અનેક પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા. 'જ્ઞાતિસેતુ' પરિવારના મોભી, મુખ્યતંત્રી શ્રી હંસરાજ કંસારાના ધર્મપત્ની હંસાબેનની વિદાયથી પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઈ. સ્વ. હંસાબેન કંસારા સરળ, સેવાભાવી અને હસમુખા ગૃહિણી હતા. શ્રી હંસરાજભાઈ સાથે દાંપત્ય જીવનના સાત દાયકામાં તેમણે સુઝબુઝ અને પ્રેમભાવથી હંસરાજભાઈના દરેક કાર્યમાં સાથ આપેલ. 'જ્ઞાતિસેતુ'ના તંત્રી તરીકેના હંસરાજભાઈના કાર્યમાં હંસાબા, સતત હસતા મુખે સાથ આપતા. અમદાવાદમાં લાંબો સમય રહેલા હોવાથી મને અંગત રીતે તેમના પ્રેમભાવનો વિશેષ લાભ મળેલ. જ્ઞાતિના કાર્યો માટે જ્યારે હંસરાજભાઈને ત્યાં મીટિંગ થતી ત્યારે સૌને તેમની મહેમાનગતિ માણવાનો લાભ મળતો. ગત તા. ૦૩-૦૫-૨૦૨૧ના રોજ દિલ્હી મુકામે તેમનું અવસાન થયું ત્યારે પરિવારજનો સાથે 'જ્ઞાતિસેતુ' પરિવારને પણ સ્વજન ગુમાવ્યાની લાગણી થઈ. તેમની હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલી રૂપે આ સાથે તેમના વિશે અગાઉ 'કચ્છશ્રુતિ' સામયિકમાં જ્યોત્સનાબેન વોરાનો પ્રસિદ્ધ થયેલ લેખ સાભાર અત્રે રજૂ કરેલ છે.*

***અતુલ સોની – તંત્રી***

## પરિવાર પ્રેમી : હંસા બા



**જન્મ : તા. ૧-૭-૧૯૩૭**
**સ્વર્ગવાસ : તા. ૩-૫-૨૦૨૧**

ભારતીય સંસ્કૃતિમાં સંયુક્ત પરિવારનું મહત્ત્વ અનોખું છે અને એટલે જ આજે પણ એ ભાવનાનું મૂલ્ય યથાવત્ છે. સંયુક્ત કુટુંબના સભ્યોમાં એકબીજા વચ્ચે સ્નેહ અને સહકારની વૃત્તિ કેળવાય છે. પરિવારના સભ્યો સ્નેહથી એકબીજાને ચાહતાં અને સહન કરતાં શીખે છે. ભારતીય વિચારધારા મુજબ એક પારીવારિક વ્યક્તિ માત્ર પોતા માટે જ નહીં, પરંતુ 'પોતાનાં' માટે પણ જીવે છે અને 'પોતાનાં' એટલે માત્ર 'રક્ત-સંબંધ' નહીં, પરંતુ જેમની પણ સાથે તેમને 'મનમેળ' થાય અથવા જેમની પણ સાથે એમનું ઋણાનુબંધ હોય તે બધાને 'પોતાનાં' ગણે છે. ભારતીય સંસ્કૃતિની આ અમૂલ્ય અને સર્વતોમુખી ભાવનાની જાળવણી ભારતીય નારીએ હંમેશાં કરી છે.

પિતૃગૃહેથી કાચી વયે વિદાય લેનારી બાળા, શ્વસુરગૃહે જાય છે ત્યારે એ ઘરની પ્રત્યેક વ્યક્તિ સાથે પોતાના સંબંધની ગાંઠ બાંધે છે. તેમાં સાસુ-સસરા, જેઠ-જેઠાણી, દેર-દેરાણી તેમજ નણંદ અને એ બધાનાં સંતાનો ઉપરાંત પતિના અનેક નજીક તેમજ દૂરનાં સગાંઓને પોતાનાં કરવાનો મીઠો પ્રયાસ કરે છે. આ સીલસીલો અહીં પૂરો થતો નથી. વહુ બની પતિગૃહે આવેલી બાળા સમય જતાં ગૃહિણી બને છે ત્યારે અને પ્રૌઢાવસ્થામાં પોતાનાં સંતાન અને એમના પરિવારો સાથેના સંબંધ પણ એટલી જ ચાહતથી જાળવે છે.

આજના ભૌતિકવાદી સમાજમાં પણ સંયુક્ત પરિવારની આ ભાવનાને જાળવનારી અનેક મહિલાઓ છે. આવી પરિવાર પ્રેમી મહિલાઓમાંની એક સન્નારી છે, શ્રી હંસરાજભાઈ કંસારાના ધર્મપત્ની હંસાબેન. સરળ, સાલસ અને હસમુખા હંસાબેન સદાય હસતા મોઢે સહુને આવકારે છે. આવા આ હંસાબેનનો જન્મ ૧૯૩૭માં અંજાર કચ્છ મધ્યે થયો. એમના પિતાશ્રી અંજારના જાણીતા ઝવેરી હતા. 'મોર છાપ લગડી'વાળા અને સમાજના અગ્રણી તરીકે કચ્છમાં તેમની નામના હતી. માત્ર ૧૮ વર્ષની કાચી વયે, ૧૯૫૫માં એમનાં લગ્ન થયા. એક બહોળા પરિવારમાં લાડકોડથી ઉછરેલી બાળા ઝવેર, બીજા એવા જ બહોળા પરિવારમાં 'હંસા' બનીને દૂધમાં સાકરની જેમ ભળી ગઈ. પતિગૃહે પરિવારમાં સાસુ સસરા ઉપરાંત અપરીણિત નણંદ અને ત્રણ દિયર હતા. તેમાંનો એક દિયર તો ત્યારે માત્ર ત્રણ જ વર્ષનો હતો. આ બધા માટે, વહાલયોસી 'ભાભી' બનીને આવેલા હંસાબેનનું વહાલ કરવાનું, રીસાવાનું અને હક્ક જતાવવા સાથે સન્માન તેમજ આદર આપવા યોગ્ય વ્યક્તિત્વ હતું. હંસાબેનના આ વ્યક્તિત્વની આમન્યા આ પરિવારના પ્રત્યેક સભ્યે આજ દિવસ સુધી જાળવી છે.

લગ્ન પછી સાત આઠ વર્ષ સુધી હંસાબેનના પતિને નોકરી અર્થે અનેક સ્થળોએ રહેવાનું થયું. કેટલાક સ્થળે હંસાબેન પતિ સાથે રહ્યા પરંતુ મોટેભાગે એમને સાસુ સસરા તેમજ પરિવારના અન્ય સદસ્યો સાથે જ રહેવાનું થયું. સાસુ સસરા તેમજ

પરિવારના અન્ય સદસ્યોની એમની પ્રત્યેની લાગણી વિશે વાતો કરતાં હંસાબેનની જીભ ક્યારેય સૂકાતી નથી. આજે પણ હંસાબેન કહે છે કે, એ જે કંઈ છે તે બધું એમની વહાલસોયી સાસુની હુંફને આભારી છે.

હંસરાજભાઈ ૧૯૬૪માં દિલ્હી મધ્યે સ્થિર થયા. ત્યારે હંસાબેન એમની સાથે દિલ્હી રહેવા ગયા. ત્યારબાદ એક પછી એક એમના ત્રણે દિયર અને એક દેરાણી પણ ઘણો સમય એમની સાથે જ દિલ્હીમાં રહ્યા. હંસાબેનના સાસુ સસરા પણ અવારનવાર દિલ્હીમાં જ રહેતા. આમ, હંસાબેનનું પારીવારિક જીવન સ્થાનાંતરણ થવા છતાં હંમેશાં સંયુક્ત જ રહ્યું.

હંસરાજભાઈએ દિલ્હીની નોકરીમાં સ્થિર થયા પછી પોસ્ટ ગ્રેજ્યુએશન તેમજ પ્રોફેશનલ અભ્યાસ ફરીથી શરૂ કર્યો. પરિણામે મોટાભાગની પારિવારીક જવાબદારી સંભાળવાનું હંસાબેનને ફાળે જ રહ્યું. તદુપરાંત નોકરી ઉપરાંત પાર્ટ ટાઈમ કામ સાથે અભ્યાસ કરતા પતિની અભ્યાસ અંગેની બધી જ સગવડો પણ હંસાબેને જતનથી જાળવી. અને એટલે જ, હંસરાજભાઈ કહે છે કે, "હું મોડો મોડો પણ ભણી શક્યો અને મારૂં ધાર્યું કેરીયર બનાવી શક્યો તેમાં મારી પત્નીનો સિંહફાળો છે. એટલું જ નહીં, મારા સંતાનો પણ ઉચ્ચ અભ્યાસ કરી, એમની રૂચિ મુજબની પ્રોફેશનલ કેરીયર મેળવી શક્યા તે પણ એને જ આભારી છે."

હંસાબેનના સ્વભાવમાં બાળપણથી જ સેવાવૃત્તિ વણાયેલી હતી. જેમાં એમના માટે પોતાનાં કે પારકાં એવો કોઈ ભેદ નહોતો. કોઈ પણ વ્યથિત વ્યક્તિને જોઈ એમનું હૃદય દ્રવિત થતું અને પોતાનાથી શક્ય એટલી બધી જ સેવા કરવા તેઓ હંમેશાં તત્પર રહેતા. એમની સેવાભાવના કેવી હતી તે એક કિસ્સા પરથી જાણી શકાય છે. દિલ્હીમાં એમની પાડોશમાં એક યુવાન ગૃહિણી વાટવાળા સ્ટવથી અકસ્માત થતાં દાઝી ગયા. આખા શરીરે દાઝી ગયેલી એ મહિલાની હાલત જોઈ ભલભલાનું હૈયું હલબલી જાય. હોસ્પિટલમાં એ મહિલા પાસે - કોઈ મહિલાનું રહેવું જરૂરી હતું. એ મહિલાના સગાંસંબંધી ત્યાં નહોતા તે સંયોગોમાં હંસાબેને, એ વ્યથિત મહિલાનું દુઃખ હળવું કરવા દિવસ રાત એની પડખે રહી ખડેપગે સેવા કરી. એ મહિલાના પતિ અને પાછળથી આવેલા એમના સગાં સંબંધીએ હંસાબેનની લાગણીભરી સુશ્રુષાના મુક્તકંઠે વખાણ કર્યા.

પરિવારપ્રેમી હંસાબેનનો એમની ચારેય પુત્રવધૂઓ સાથેનો અરસપરસ સંબંધ આજે પણ વહાલપભર્યો અને સખીભાવયુક્ત છે. હંસાબેને એમની ચારેય વહુઓની ગ્રેજ્યુએશન પછી પતિગૃહે પણ આગળ અભ્યાસ કરવાની સોત્સાહ પ્રોત્સાહન સાથે, ઈચ્છાપૂર્તિ કરી અને ઘરકામનો મહત્તમ ભાર જાતે વહન કર્યો. હંસાબેનના વૃધ્ધ સાસુ સસરાને એમના વિના ક્યાંય રહેવાનું સોરવે નહીં. એમને જ્યારે દિલ્હીમાં રહેવાનું પ્રતિકૂળ લાગ્યું અને તેઓ બે પૌત્રો સાથે રહેવા અમદાવાદ આવ્યા ત્યારે પણ હંસાબેન લાગણીવશ એમની સાથે જ રહ્યા અને બંનેની અંતિમ સમય સુધી મન દઈને સેવા કરી. સદ્ભાગ્યે એમના પુત્રો અને પુત્રવધૂઓએ પણ એમને પગલે, દાદા-દાદીની ચાકરીનો લાભ લીધો.

હંસરાજભાઈ અને હંસાબેન, એમની સીત્તેર પછીની ઉત્તરાવસ્થામાં નિવૃત્ત છતાં વાંચન, લેખન અને સામાજિક કાર્યોમાં સતત પ્રવૃત્ત સ્વનિર્ભર જીવન સંતોષપૂર્વક અમદાવાદમાં માણે છે. હંસાબેન હજી પણ એમનું બધું જ ઘરકામ જાતે જ કરે છે. ઉપરાંત હંસરાજભાઈની સાહિત્યિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં રસપૂર્વક સાથ આપે છે. એમના ત્રણ પુત્રો દિલ્હીમાં અને એક પુત્ર ભુજમાં એમના પોતાના પરિવારો સાથે રહે છે. એક પુત્રી છે, જે એના પરિવાર સાથે નાગપુરમાં રહે છે.

આ દંપતિએ ક્યારેય એકલતા અનુભવી નથી. કારણકે એમના પુત્રો, પૌત્રો - પૌત્રીઓમાંથી કોઈને કોઈ તેમજ અન્ય સગાં સંબંધીઓ તથા સાહિત્યિક પ્રવૃત્તિઓના સાથીઓમાંની કોઈને કોઈ વ્યક્તિની લાગણીસભર ગુંજથી હંસાબેનનું ઘર હંમેશાં ગાજતું જ રહે છે. વધુમાં ઈશ્વરમાં અતૂટ આસ્થા ધરાવતા અને સ્વામિનારાયણ સંપ્રદાય સૂચિત શિક્ષાપત્રી મુજબનું ગૃહસ્થ જીવન માણવામાં માનતા આ દંપતિને હૈયે 'શ્રી હરિ'ની હૂંફ તો છે જ.

ઈશ્વર આ પ્રેમાળ દંપતિને સુદીર્ઘ અને સ્વસ્થ દીર્ઘાયુષ્ય બક્ષે તેવી પ્રાર્થના.

*સાભાર : "કચ્છશ્રુતિ" (સપ્ટેમ્બર-૨૦૦૮)*

## વિશ્વાસ રાખો, બધું જ પહેલા જેવું થઈ જશે

જે વાતોથી તમને ડર લાગે છે તે સાંભળવાનું બંધ કરો.
સમાચાર જોવા વાંચવાનું બંધ કરો.
કોરોનાની વાત કરવાનું ટાળો.
મિત્રો સાથે ઘડી બે ઘડી કામની ચર્ચા કરો.
આ જિંદગીની પહેલી રેસ છે જેમાં ધીરજ રાખનાર જીતશે.
જિંદગીમાં તમે કેટલા પોઝિટીવ છો તે હવે સાબિત કરી બતાવો.
કોરોના પર એટલું ધ્યાન ન આપો કે તમારા ભવિષ્યના સપનાઓ ભૂલાઈ જાય.
તમારા સપનાઓને યાદ કરી અને આ હાલતને ભૂલી જાવ.
'સાવધાની' રાખો, સંકટથી બચવા અને સામનો કરવા.

**– ઉર્વશી સોની**

# સ્મરણાંજલી : સ્વ. રાજેશભાઇ કંસારા

પલ્લવી કંસારા - અમદાવાદ

*કોરોનાની બીજી લહેર સમગ્ર દેશમાં ઘાતક નીવડી. વ્યક્તિગત રીતે નજીકના સગા સંબંધીઓની અણધારી વિદાયથી સર્વત્ર શોક વ્યાપેલ છે. આ સમયમાં સમાજે પણ કેટલાક મોભી ગુમાવ્યા છે. સમસ્ત કંસારા સમાજના પાયાના પથ્થર સમાન સ્વ. રાજેશભાઈ કંસારાની અચાનક વિદાયથી સમાજમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ. મૂળ વિસનગરના અને અમદાવાદમાં સ્થિત સ્વ. રાજેશભાઈએ, તેમની કાબેલિયત અને અડગ સેવા ભાવનાથી સૌના દિલમાં જગ્યા બનાવેલ. ગુજરાતમાં વસતા સર્વે કંસારા પરિવારોને એક છત્ર હેઠળ લાવનાર શ્રી સમસ્ત કંસારા સમાજના પ્રમુખપદે રહી તેમણે વિવિધ વિસ્તારમાં વસતા વિવિધ ઘટક સમાજના પરિવારો વચ્ચે એકતાની ભાવના વિકસાવવા મહત્ત્વની ભૂમિકા ભજવેલ. ધાતુ પરિવારના પ્રમુખ આગેવાન તરીકે તેમની સેવાની સુવાસ સર્વત્ર ફેલાઈ ગયેલ.*

*અમદાવાદના શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળની સ્થાપના સમયથી સ્વ. રાજેશભાઈ સાથે અતુટ નાતો જળવાઈ રહેલ. કચ્છમાં આવેલા ભૂકંપ પછી પુનઃવસન કાર્યોમાં તેમની સેવા યાદ રહેશે. આપણા સમાજના દરેક કાર્યક્રમમાં તેમની પ્રેરણાદાયક હાજરી રહેતી. 'જ્ઞાતિસેતુ'ના પ્રથમ અંકના વિમોચન કાર્યક્રમ હોય કે અમદાવાદ સમાજની મેઈડ-એઈડ સેવાના પ્રારંભનો પ્રસંગ હોય, તેમની હાજરી પ્રેરણાદાયક અને પ્રોત્સાહક રહેતી. કચ્છમાં સમૂહ લગ્ન અને મંદિર નવનિર્માણ કાર્યક્રમમાં પણ તેમની હાજરી રહેતી. ત્રણ વર્ષ અગાઉ અંજાર - ભુજના આગેવાનોની મુલાકાત લઈ સંગઠનની ભાવના વધારવા કાર્યો કરેલ.*

*સ્વ. રાજેશભાઈ કંસારા સમસ્ત કંસારા જ્ઞાતિ માટેની સામાજીક, શૈક્ષણિક અને ધાર્મિક પ્રવૃત્તિ માટે હંમેશાં પાયાના ઉમદા વિચાર ધરાવનાર, કુશાગ્ર, ચાતુર્ય અને વિનમ્રતા સાથે સ્પષ્ટ વિચારો રજૂ કરવાની અનુપમ વાક્છટા ધરાવનાર હતા. અપ્રિય શબ્દોથી દૂર રહી સૌને સાથે રાખી સમાજ માટે કાર્ય કરવાની તેમની સુઝબુઝ હંમેશાં યાદ રહેશે.*

*કંસારા સમાજના આગેવાન ઉપરાંત તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે વર્ષોથી સેવાકીય પ્રવૃત્તિમાં સંકળાયેલ હતા.*

*સ્વ. રાજેશભાઈનો વિશેષ પરિચય તથા તેમની સંઘ સાથેની પ્રવૃત્તિઓ સાથેની જીવન ઝરમર, તેમના બહેન સુશ્રી પલ્લવીબેન કંસારાના લાગણીસભર શબ્દોમાં અત્રે પ્રસ્તુત છે.*

***અતુલ સોની – તંત્રી***

## જીવન ઝરમર : રાજેશ ચંદુલાલ કંસારા

વ્યવસાયે વકીલ તેમજ આપણા સમસ્ત કંસારા સમાજના ભૂતપૂર્વ પ્રમુખ અને હાલમાં કાર્યકારી સમિતિના સક્રિય સભ્ય, શ્રી ભરતભાઈ શેઠ તરફથી મારા ઉપર ફોન દ્વારા રાજેશભાઇ ચંદુલાલ કંસારા – મારા મોટા ભાઈ હોવાના નાતે કંસારા સમાજના ઉત્થાન માટે તેમના દ્વારા હાથ ધરવામાં આવેલ નિઃસ્વાર્થ કાર્યો, તે ઉપરાંત તેમની બીજી અંગત સિદ્ધિઓ જણાવવા માટે જ્ઞાતિના સામાયિક "જ્ઞાતિસેતુ"માં પ્રકાશન અર્થે તેમની જીવન ઝરમર લખી મોકલવા મને જણાવેલ.



**જન્મ : તા. ૧૨-૦૩-૧૯૫૫**
**સ્વર્ગવાસ : તા. ૧૬-૦૫-૨૦૨૧**

રાજેશ – એટલે અમારો રાજુ. તેમનો જન્મ તા. ૧૨-૦૩-૧૯૫૫ના રોજ વીસનગર મુકામે થયેલ. માતા સુશીલાબેન તેમજ પિતા ચંદુલાલ કંસારા. નાનપણમાં ઉછેર મામા શ્રી નાથાલાલને ત્યાં અમદાવાદ મુકામે થયો. પ્રાથમિક શિક્ષણ વિકાસ બાલ મંદિરમાં મામાને ત્યાં રહીને મેળવ્યું. મામા ગણિત વિષયમાં પારંગત, અને એ વારસો તેમણે ભાણાને આપ્યો. રાજેશભાઈને ગણિતની રૂચિએ તેમને એન્જિનિયર બનાવ્યા. ગણિત, એ માત્ર તેમનો વ્યવસાય જ નહીં પણ જીવનભર બીજા માટે ગણિતનો માર્ગદર્શક બની રહ્યો. ઉનાળાના વેકેશનમાં શ્રી શાંતિ મામા પાસે મેમદપુર (બનાસકાંઠા) જતો અને મામા શ્રી શાંતિલાલના પુત્ર જયંતને ગણિત વિષયમાં પારંગત બનાવી, ધાતુ વિજ્ઞાનમાં ઇજનેર બનાવવામાં પથદર્શક બન્યો. શૈક્ષણિક કારકિર્દી દરમ્યાન એન્જિનિયરીંગના ચોથા સેમેસ્ટરમાં ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ

આવી ગોલ્ડ મેડલ મેળવેલ. જે કોઇને પણ ગણિત વિષયમાં માર્ગદર્શનની જરૂર હતી, તેમની સાથે અંગત રસ લઈને જીવન પર્યંત વિચાર વિમર્શ કરેલ.

પિતાશ્રી ચંદુલાલ બાળપણથી સંઘ સાથે સંકળાયેલા. સરકારી નોકરી હોવા છતાં સંઘ પ્રત્યે તેમનો વિશેષ લગાવ રહેલો અને આ બાબતે તેમના પુત્ર રાજેશમાં સંઘના સંસ્કારોનું સિંચન કરેલ. સંઘ દ્વારા થતી વિભિન્ન સામાજીક પ્રવૃત્તિઓમાં રાજેશભાઈ ઓતપ્રોત થયા અને શિક્ષણ પ્રવૃત્તિના ભાગરૂપે સંઘના તેમજ હાજી અહેમતની પોળના વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું. જેમાં મુસ્લિમ સમાજના બાળકોને પણ માર્ગદર્શન પૂરૂં પાડેલ. સંઘના તેઓ તૃતીયા વર્ગ શિક્ષિત કાર્યકર બન્યા અને પ્રથમ વર્ષ દરમ્યાન જુનાગઢ ખાતે ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી તેમજ હાલ ભારત દેશના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે શિબિર કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ. ૧૯૮૬થી ૧૯૯૭ સુધી દક્ષિણ ગુજરાતના વિવિધ સ્થળોએ કામ કરેલ. આ કાર્યકાળ દરમ્યાન સંઘ પ્રચારક શ્રી નરેન ચાચા તેમજ શ્રી દિલીપભાઈ દેશમુખ સાથે રહી સંઘના વિવિધ સેવા કાર્યોમાં સિંહફાળો આપી પોતાની આગવી પ્રતિભા સ્થાપી. આ સમયગાળા દરમિયાન સંઘના આગેવાનોની સાથે રહી સુરત શહેરમાં તે વખતે સંઘની આંગળીના વેઢે ગણી શકાય તેટલી માત્ર પંદર એક શાખાનો વિસ્તાર કરીને ૧૫૦ કરતા પણ વધારે શાખા કાર્યરત કરી સુરત શહેરમાં યુવા વર્ગમાં સંઘની વિવિધ પ્રવૃત્તિઓને વેગ આપી સુદ્રઢ કરવાનું કાર્ય કરેલ.

માનવતાના મૂલ્યોને વધુ ઊંચાઈએ લઇ જઇ મચ્છુ બંધ હોનારત સમયે સંઘ પરિવારના કાર્યકર્તાઓની સાથે રાતદિવસ લગભગ પખવાડિયા કરતા પણ વધારે સમય કાદવ કીચડમાંથી મનુષ્ય તેમજ પશુઓના મૃતદેહો શોધી તેમના અગ્નિસંસ્કારની કાર્યવાહી કરી મૃતાત્માઓને સદ્‌ગતિ આપવાનું કાર્ય કરેલ.

ત્યારબાદ વર્ષ ૨૦૦૧ દરમ્યાન કચ્છમાં ધરતીકંપ આવ્યો તે સમયે સમસ્ત કંસારા સમાજ સાથે જોડાયા. કચ્છની મુલાકાત લીધી અને અંજાર પાસે સંઘ તરફથી સેવા ભારતીને વિના મૂલ્યે સેવા પ્રદાન કરી. સંઘ તેમજ સેવાભારતી દ્વારા મીઠા પાસવારીયા (અંજાર) અને ચાપ્રેડી (માધાપર) ખાતે મકાનોના બાંધકામ તેમજ પાણીની ટાંકી તેમના માર્ગદર્શન નીચે તેમના સુપુત્ર શ્રી નિસર્ગ દ્વારા પૂર્ણ કરેલ. આ ઉપરાંત કંસારા સમાજ દ્વારા ભુજ મુકામે માતાજીના મંદિરના પાટોત્સવમાં હાજરી આપી, સમાજના વિભિન્ન ક્ષેત્રોમાં રહેતા સમાજના લોકોને એકતાંતણે બાંધવાની કામગીરી કરી.

એન્જિનિયર બન્યા બાદ કારકિર્દીની શરૂઆત ગુજરાત રાજ્યમાં ગેઝેટેડ અધિકારી તરીકે શરૂ કરેલ. પરંતુ સ્વતંત્ર વ્યવસાયની અભિરૂચિ કે જેમાં તેઓ પોતાની મૌલિકતા તેમજ બુદ્ધિ શક્તિનો ઉપયોગ કરી શકે તેવા આશયથી નોકરી છોડી કન્સ્ટ્રક્શનનો વ્યવસાય ૧૯૮૪માં રાજ તેમજ રવિ એન્જિનિયર્સ કંપની સ્થાપી શરૂ કર્યો. ઘણા ગામો તેમજ શહેરો જેવા કે ગાંધીનગર, વિસનગર, સુરત સિવિલ હોસ્પિટલ, ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર વગેરેમાં પીવાના પાણી માટેના સંપ તેમજ ઓવરહેડ ટાંકીઓ બનાવી.

વિસનગર કંસારા મંડળના પ્રમુખ હોવાના નાતે તેમણે વિસનગર મુકામે કેળવણી મંડળ અને જ્ઞાતિ મંડળની વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લીધો અને ગત વર્ષે લોકડાઉન દરમ્યાન સમાજના જરૂરિયાતવાળા કુટુંબોમાં અનાજની કીટ પૂરી પાડવાનું અને આર્થિક સહાય કરવાનું કાર્ય ઉત્સાહ અને ચીવટપૂર્વક કરેલું. સમસ્ત કંસારા સમાજ દ્વારા હાથ ધરવામાં આવેલ વિવિધ કાર્યોમાં તેમનું વિશેષ યોગદાન રહેતું. વાર્ષિક કાર્યક્રમ અને યુવા મેળાના આયોજનના કાર્યમાં યોગદાન ઉડીને આંખે વળગે તેવું જુદું જ દેખાઈ આવે તેવું રહ્યું છે. આયોજન એમની વિશિષ્ટ અને આગવી લાક્ષણિક્તા રહી છે.

તા. ૧૬-૦૫-૧૯૭૯ના રોજ શ્રી વિષ્ણુભાઈ કંસારાની સુપુત્રી વંદના સાથે પ્રભુતામાં પગલા માંડ્યા અને સાંસારિક જીવન દરમ્યાન તેઓએ ત્રણ પુત્ર રત્ન ચિ. નિસર્ગ, ચિ. ચિરંતન અને ચિ. કિન્નર મેળવ્યા. તા. ૧૬મી મે તેમના જીવનમાં મહત્ત્વની રહી. તા. ૧૬-૦૫-૧૯૭૯ના રોજ તેમના લગ્ન થયા. તા. ૧૬-૦૫-૧૯૮૦ના રોજ પ્રથમ પુત્રરત્ન ચિ. નિસર્ગનો જન્મ થયો અને તા. ૧૬-૦૫-૨૦૨૧ના રોજ તેઓશ્રીએ નશ્વર દેહ છોડી અનંતની યાત્રાએ પ્રયાણ કર્યું.

## તું મંજૂર છે

દરિયારૂપે તું ન મળે તો,
મૃગજળ રૂપે તું મંજૂર છે!

કસ્તુરીરૂપે તું ન મળે તો,
અત્તર રૂપે તું મંજૂર છે!

વરસાદ રૂપે તું ન મળે તો,
બુંદ રૂપે તું મંજૂર છે!


મહાકાવ્ય રૂપે તું ન મળે તો,
પંક્તિ રૂપે તું મંજૂર છે!

હકીકત રૂપે તું ન મળે તો,
સ્મરણ રૂપે તું મંજૂર છે!

જિંદગી રૂપે તું ન મળે તો,
સંબંધ રૂપે તું મંજૂર છે!

*– ભક્તિ સોની*

## સ્વ. હરિશ્ચંદ્રકાકાને શ્રદ્ધા સુમન



સમસ્ત કંસારા સમાજના પ્રણેતા અને પાયાના પથ્થર એવા સ્વ. હરિશ્ચંદ્રકાકા, તા. ૨૮-૪-૨૦૨૧ના રોજ ૮૯ વર્ષની વયે સ્વસ્થ સ્વાસ્થ્યપૂર્ણ આયુષ્ય ભોગવી પ્રભુ શરણે થયા છે.

તેઓના ભગીરથ પ્રયત્નો આજે વટવૃક્ષ બનીને મધુર ફળ આપી રહ્યા છે. તેઓએ જીવનપર્યંત સમસ્ત કંસારા સમાજના જુદા જુદા હોદ્દાઓની જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવી છે.

તેઓ હંમેશાં સમાજ અને સમયની જરૂરિયાત પ્રમાણે નવા અને પોતાના આગવા વિચારો દ્વારા કંસારા સમાજને નવી દિશા આપી છે. અનેકવિધ સામાજીક પ્રવૃત્તિઓમાં વિવિધતા લાવી તન-મન-ધનથી પોતાની જાતને સમાજ માટે સમર્પિત કરેલ છે અને તે માટે સમાજ તેમનો હંમેશાં ઋણી રહેશે.

તેઓ તેમના સરળ, સાદા અને હસમુખ સ્વભાવથી સૌના પ્રિયજન બની રહ્યા હતા.

સ્વ. હરિશ્ચંદ્રકાકા શિક્ષણનું મહત્ત્વ સમજતા હતા. તેથી વર્ષો પહેલાં હથોડાને તિલાંજલી આપી, હૈયામાં હામ રાખી ખૂબ જ સંઘર્ષ કરીને ગેઝેટેડ ઓફિસરપદે પહોંચેલ અને કુટુંબના સભ્યોને ઉચ્ચ શિક્ષણ આપેલ. આજે તેમના પુત્ર ડૉ. અતુલ કંસારા ગુજરાતના ખ્યાતનામ E.N.T. Surgeon છે અને પરિવારના અન્ય ૫ સદસ્યોએ પણ ડૉક્ટરની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે, જે કંસારા સમાજ માટે ગૌરવની વાત ગણાય.

આમ, આપણા સમાજે એક કર્મનિષ્ઠ, ધર્મનિષ્ઠ અને સંન્નિષ્ઠ કાર્યકર ગુમાવ્યાનું દુઃખ અનુભવશે. સ્વ. હરિશ્ચંદ્ર કાકાએ પ્રેરણારૂપ જીવન જીવીને સદ્ગુણોની સુવાસ ફેલાવેલ છે. પ્રભુ ઈચ્છા બળવાન.

સ્વ. હરિશ્ચંદ્ર કાકાની સમાજ માટેની નિઃસ્વાર્થ સેવાને કદી ભૂલી શકાશે નહીં.

પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે...

*– બળવંત જે. કંસારા*

## શ્રી કંસારા ઉત્કર્ષ સેવા સંસ્થાનના સ્થાપક પૂર્વ પ્રમુખ સ્વ. સુરેશચંદ્ર ગોરખીયાનું દુઃખદ અવસાન



**સ્વ. સુરેશભાઈ ગોરખીયા – અમદાવાદ**

સમસ્ત કંસારા સમાજના ઉપપ્રમુખ અને શ્રી કંસારા ઉત્કર્ષ સેવા સંસ્થાનના સ્થાપક પ્રમુખ સ્વ. સુરેશભાઈ ગોરખીયાના દુઃખદ અવસાનથી કંસારા સમાજે એક સેવાભાવી, કર્મઠ આગેવાન ગુમાવેલ છે. શિક્ષણ ક્ષેત્રે તેમનું યોગદાન પ્રેરણાદાયક રહેલ છે. સમગ્ર ગુજરાતના કંસારા સમાજની દીકરીઓના ઉચ્ચ શિક્ષણ માટે અમદાવાદમાં ગર્લ્સ હોસ્ટેલની સ્થાપના કરવામાં તેમની મહત્ત્વની ભૂમિકા રહેલ. ગુજરાતના સર્વ ઘટક સમાજની એકતા માટે તેમનું કાર્ય પ્રશંસનીય રહેલ.

'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી તેમને હાર્દિક હૃદયાંજલી.

## આ સમય પણ વીતી જશે...

જીવનમાં ક્યારેક દુઃખના ડુંગરા તૂટી પડે, પ્રાણપ્રિય વસ્તુઓ નજર સામેથી સદાય માટે ઓઝલ થાય, જીવન વસમું અને દોહ્યલું લાગે, ત્યારે કસોટીની એ કારમી ઘડીએ મનને સમજાવો, – ***'આ સમય પણ વીતી જશે.'***

વિધાતા જ્યારે મહેરબાન હોય, આનંદના દિવસો ઊડતા ઘોડાની જેમ થનગનતા હોય, સુખની ક્ષણોથી સમયનું પાત્ર છલકાઈ રહ્યું હોય, ત્યારે હરખી રહેલા હૈયાને હળવેથી ટકોરો – ***'આ સમય પણ વીતી જશે.'***

ખૂબ મહેનતના અંતે જ્યારે પ્રસિદ્ધિ મળે, આખી દુનિયા તમારી 'વાહ વાહ' કરે, લોકોનાં ટોળેટોળાં તમને વીંટળાયેલા રહે, તમારી એક ઝલક જોવા પડાપડી કરે, ત્યારે આભને અડતા અહમને અમસ્તો જ સંકોરો – ***'આ સમય પણ વીતી જશે.'***

*– લેન્ટા વિલ્સન સ્મિથ*

## શ્રદ્ધાંજલિ



• સ્વર્ગવાસ •

તા. ૧૮-૦૫-૨૦૨૧

# સોની દમયંતીબેન ચીમનભાઈ બારમેડા

(ઉં.વ. ૭૩)

(મૂળ ચકાર કોટડા, હાલે વડોદરા)


મૂળ ચકાર કોટડાના મારૂ કંસારા સોની બારમેડા દમયંતીબેન ચીમનભાઈ (ઉં.વ. ૭૩) તે ચીમનભાઈ વેલજીભાઈ બારમેડાના પત્ની, અનિતાબેન (ગાંધીધામ), પ્રતીશભાઈ (રાજા)ના માતા, મહેશભાઈ બી. મૈચા, શીતલબેનના સાસુ, દિશાંક, કિંજલના નાની, પરમના દાદી, સ્વ. અમૃતલાલભાઈ વેલજીભાઈ બારમેડા (અંજાર)ના નાના ભાઈના પત્ની, સ્વ. ચંદુભાઈ વેલજીભાઈ (વડોદરા)ના ભાભી, શાંતાબેનના દેરાણી, ભાનુબેનના જેઠાણી, ધર્મેન્દ્ર, સંજય, મધુબેન શૈલેષકુમાર કંસારા (ભુજ)ના કાકી, દીપેશ, આશિવના મોટી મા. તથા વિમળાબેનના ભાભી, શંભુલાલ ઠાકરશીના ભાભી, શારદાબેન, રમેશભાઈ, બિપીનભાઈ, ગિરીશભાઈ હર્ષદભાઈના મામી. તથા પ્રાગજીભાઈ, ગોરધનભાઈ, પોપટભાઈ, દેવકરણભાઈના ભાભી. વિઠ્ઠલદાસ, જેરામભાઈ, ભરતભાઈ (મસ્કત), મહેન્દ્રભાઈ, ભરતભાઈ (દેવકરણભાઈ), હરેશભાઈ, રેખાબેન, ભારતીબેન (બેબીબેન), હનીબેન, રાજુભાઈના કાકી તથા બારમેડા વેલજી જગશીના પુત્રવધૂ, સ્વ. મગનભાઈ, સ્વ. લક્ષ્મીબેન (લાડુબેન) પોમલ (રાયપુર)ના પુત્રી, પ્રવીણભાઈ, હર્ષદભાઈ, નરેશભાઈ, શૈલેષભાઈ, પરેશભાઈ, ચંદ્રાબેન ઇશ્વરલાલ ગુજરાતી (માનકુવા), રેણુકાબેન રાજેન્દ્રભાઈ બુધ્ધભટ્ટી (ભુજ), જયશ્રીબેન મહેન્દ્રભાઈ ભૂત (જામનગર)ના બહેન તા. ૧૮-૫-૨૦૨૧ના રોજ અવસાન પામ્યા છે.

**• સંપર્ક •**

**પ્રતિશભાઈ (રાજા) : ૯૮૨૪૦ ૩૧૦૨૯**

**અનિતાબેન (ટીકુ) મહેશભાઈ : ૯૯૨૪૧ ૭૨૬૭૨**

## ભુજના ડૉ. દેવ પોમલ કોરોના વોરિયર તરીકે સેવા આપી રહ્યા છે



શ્રી અખિલ કચ્છ મારૂ કંસારા સોની સમાજના જીવંત અભિલેખ સમ ગૌરવાન્વિત પ્રતિભાશાળી યુવા ડૉ. દેવ પોમલ, એ ખરા અર્થમાં કોરોના વોરિયર છે.

પ્રવર્તમાન મહામારી જ્યારે સમગ્ર વિશ્વમાં હડકંપ મચાવીને લોકોને ત્રાહિત કરેલ છે ત્યારે કોરોના નાથવાના બચાવ પ્રવૃત્તિ અભિયાનમાં આ વિશ્વયુધ્ધ સમા વાઈરસ સામે અગ્રીમ હરોળના તબીબી - મોરચાના યોધ્ધા તરીકે કોવિડ-૧૯ વાઈરસથી સંક્રમિત પોઝિટીવ દર્દીઓની સેવામાં વિના કોઈ ભયે સાહસિકપણે કાર્યરત છે.

ડૉ. દેવ, એક એવા યુવાન છે જેનું બાળપણથી જ એક સ્વપ્ન હતું કે ડૉક્ટર જ બનવું છે. સપનાને લઈને મક્કમપણે આગળ વધતાં પાયાનું પ્રાથમિક શિક્ષણ ભુજ સ્થિત માતૃછાયા શાળામાં, ને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ શેઠ વી.ડી. હાઈસ્કૂલમાં મેળવેલ. જેમાં ધોરણ-૧૨ (સાયન્સ)માં ૯૩.૦૫% સાથે ઉત્તીર્ણ થયેલ. આગળના અભ્યાસાર્થે મેરીટ લીસ્ટ બેઈઝ્ડ રાજ્યની નામાંકિત એમ.પી. શાહ મેડિકલ કોલેજ - જામનગરમાં એમ.બી.બી.એસ. પૂર્ણ કરીને સેલવાસમાં એમ.એસ. (આઈ સર્જન) કરે છે અને દાદરા નગરહવેલીની સિવિલ હોસ્પિટલમાં પ્રેક્ટિસ સહ કોરોનાગ્રસ્તની સારવાર કરીને માનવીય અનુકંપા દાખવી રહ્યા છે. આમ, સારા ડોક્ટરનું સપનું જીવતાં મહા-મહેનતે અને ખંતપૂર્વક મેડિકલ સાયન્સની દુનિયામાં અભ્યાસી તરીકે કાર્યરત છે. સાથોસાથ સ્પોર્ટ પર્સન હોવાથી ક્રિકેટ એમની મનગમતી રમત છે.

એમનાં પિતાશ્રી હીરાલાલ ડી. સોની, કે જેઓ શહેરની વી.ડી. હાઈસ્કૂલમાં સાયન્સ વિભાગમાં કેમેસ્ટ્રી ભણાવતા તથા માતા પ્રતિમાબેન ઘરકામ પ્રવૃત્તિ સહ અભ્યાસમાં ખૂબ રસ દાખવ્યો. ત્રણેય બહેનો મેડિકલ અને પેરામેડિકલના વ્યવસાય સાથે જોડાયેલ છે. બે બહેનો ઈંગ્લેન્ડના લંડન શહેરમાં સ્થાયી છે. ડૉ. દેવના સસરા ડૉ. ગીરીશભાઈ સોની (સોલંકી), ખેડબ્રહ્મા ખાતે સાબર ડેરીમાં વેટરનરી ડૉક્ટર તરીકે સેવા આપે છે.

ડૉ. દેવ હંમેશાં માને છે કે આ અનમોલ મનુષ્યજીવન એ કુદરતની અનમોલ સોગાદ છે, એ એળે ન જવું જોઈએ. માટે દર્દીઓની સેવા કુનેહપૂર્વક કરી શકાય એ માટે આઈ સ્પેશિયાલિસ્ટ બની, આંખને લગતા રોગોનું સચોટ નિદાન કરીને લોકોને નવીનતમ દુન્યવી દૃષ્ટિ અર્પીને શ્રેષ્ઠતમ સેવાકાર્યથી કમાયેલાં પુણ્યોનું ભાથું બાંધીને જીવન સાર્થક કરવું છે.

## આઈ.આઈ.ટી. (બોમ્બે) દ્વારા આયોજીત રાષ્ટ્રીય બ્રિજ બિલ્ડર સ્પર્ધામાં મનન ગીરીશ સોનીની વિશિષ્ટ સિદ્ધિ



આઈ.આઈ.ટી. (બોમ્બે)ના વિદ્યાર્થી સમુદાય "આકાર" દ્વારા આયોજીત અને ટાટા પ્રોજેક્ટ દ્વારા પ્રાયોજીત, રાષ્ટ્રીય કક્ષાની બ્રિજ બિલ્ડર સ્પર્ધામાં અમદાવાદના મનન ગીરીશભાઈ સોનીની ટીમે તૃતીય સ્થાન હાંસલ કરી ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. તેમની ટીમમાં તેમની સાથે હિતાર્થ શાહ, કથન પટેલ (FT UG '18)નો સમાવેશ થયેલ.

આ સ્પર્ધામાં ભારત અને વિદેશની વિવિધ કોલેજો અને યુનિવર્સિટીઓનાં ૧૦૦થી વધુ ડિઝાઈન બ્રિજ અને ભાગીદારી જોવા મળી હતી.

સ્ટ્રક્ચરલ ડિઝાઈન સલામતી, અર્થ વ્યવસ્થા, નિર્માણની સરળતા અને અમલના વ્યવહારુ પાસા જેવા પરિમાણો પર વિદ્યાર્થીઓના કાર્યનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

દરેક ટીમે પાણીની ચેનલને પાર કરવા માટે મોડ્યુલર થ્રુ ટાઈપ ટ્રસ બ્રિજની રચના કરી હતી. પ્રારંભિક તબક્કે પૂલ આપેલા સાઈટ માપદંડ હેઠળ આર્કિટેક્ચરલી ડિઝાઈન કરવામાં આવ્યો હતો અને સ્ટ્રક્ચરલ વિશ્લેષણ માટે STAAD સોફ્ટવેરમાં મોડેલ બનાવ્યો હતો. તેમની ટીમે વર્કિંગ ડ્રોઇંગ તેમજ બીઓક્યુ તૈયાર કર્યા અને મેળવેલા પરિણામોમાંથી દરેક સભ્યની જાતે વિશ્લેષણ કર્યું. છેવટે, તેમના વર્તન અને ઉપયોગીતા અનુસાર નામ "નિરાધાર બ્રિજ" અને "સેતુ બ્રિજ" તરીકે આપવામાં આવ્યા.

આ સફળતા બદલ ટીમે શ્રેષ્ઠતા પ્રમાણપત્ર અને પારિતોષિક મેળવ્યું હતું.

મનન સોની, એ અમદાવાદ જ્ઞાતિ પ્રમુખ શ્રી ગીરીશભાઈ સોનીના સુપુત્ર છે. તેઓ હાલમાં અમદાવાદ સ્થિત પ્રતિષ્ઠિત CEPT યુનિવર્સિટીમાં સાતમા સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે.

'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી મનન ગીરીશભાઈ સોનીને હાર્દિક અભિનંદન તથા શુભકામના.

VA
Vinod Soni
98254 28255
**M/s. Velji Anandji**
Dealers & Manufacturers of Gold Ornaments
Prime Point Shop No.3, Opp. NCC Office,
Santoshi Mata Mandir Road,
Bhuj- Kutch 370 001
Ph. (02832) 220126, 221451
email:va220126@gmail.com, vco221451@gmail.com

925 Sterling Silver Jewellery | Silver Jewellery
All Type of Gold Nosepin | Bali | Ring & Gold - Silver Ornaments
**DISHITA**
ORNAMENTS
"Precious Ethnic Art"
Wholesaler of Gold & Silver Ornaments
Mausam Patadiya | +91 990 991 1093
Keyur Patadiya | +91 962 448 0916
Office | +079 2216 3040
dishitaornaments@gmail.com
88/86, Ghanchi Ni Pole,
Nr. Jain Derasar, M. G. Haveli Road,
Manek Chowk, Ahmedabad (Guj.) India
/dishitaornaments /dishita_ornaments

**PrabhuKrupa**
**Jewellers**
BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments
Symbol of Trust & Beauty
5, Srimadshikhar Complex,
M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers
Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998

**વૈશાલી જ્વેલર્સ**
સોના-ચાંદી ના દાગીના બનાવનાર તથા વેચનાર
દિનેશ જે. સોની
(M) 9426448597
9601717555
જે. જે. કોમ્પ્લેક્ષ
બેંક ઓફ ઈન્ડિયા ની બાજુમાં, સુભાષ ચોક,
મુ. તલોદ, જી. સાબરકાંઠા

Prakashbhai Soni
Nikul Soni
94288 98444
97258 66886
**Narmada**
JEWELLERS
*Manufacturer of Gold & Silver Ornaments*
916
Shivaji road,
Nr. Custom chawk
circle, Anjar.

**Ketan Enterprise**
TYRE | BATTERY | ALLOY WHEEL


કેતન સી. પરમાર
૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલ: ketanparmar69@gmail.com
લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોન: ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘર: ૦૨૮૩૨ ૨૫૦૦૫૩


**કંસારા નવનીતલાલ જગજીવનદાસ**
સોના ચાંદીના વહેપારી
૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૯૩૧૧

**GAYATRI JEWELLERS**
GOLD & SILVER ORNAMENTS
Shop No. 4,
Plot No. 510, Sector 5,
Opp. Bhavnath Temple,
Gandhidham - Kutch
Ph. : 02836 -236644
Email: gayatrijewellers1988@gmail.com
KISHOR P. SONI
98255 33371
NIKUNJ K. SONI
85114 67588

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.

**GROUP
of
COMPANIES**

**HARILAL LAKHAMSHI JEWELLERS PVT. LTD.**

**CROISSANCE TRADING PVT. LTD.**

**SHREE ARBUDA INFRASTRUCTURE DEVELOPMENT PVT. LTD.**

**HARILAL LAKHAMSHI INDUSTRIES PVT. LTD.**

Regd. Office
Haribhai Soni Building, L. B. Shastri Road,
Anjar (kachchh) 370 110 Gujarat – India.
Telefax: - +91 2836 242481, 243481 | Cellular:+91 987 953 0854, 2, 3

Corp. Office
426-C, Supermall, Nr. Lal Bungalow, C. G. Road,
Ahmedabad – 380 009 Gujarat – India
Telefax: +91 79 30024481, 79 2642 6292

Email: cmd@hljewellers.com, infohljpl@gmail.com
Website: www.hlgroucompanies.com, www.hljewellers.com

Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021. Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00